॥ નમો નમઃ શ્રી પ્રેમસૂરયે ॥

# ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા

## (દિવ્ય-દર્શન પ્રવચન મહોદધિ)

## આનંદઘનજી કૃત સ્તવન રહસ્યાર્થ - ૬ + ઉપા. યશોવિજય કૃત ચોવિશી રહસ્યાર્થ ૧ થી ૭

## ભાગ-૫૫

:: પ્રવચનકાર ::
ન્યાય વિશારદ,
સેંકડો ભવ્યાત્માઓના રાહબર
પ.પૂ. આચાર્ય શ્રી વિજય
ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા

::પ્રકાશક::
કુમારપાળભાઈ વી. શાહ
દિવ્યદર્શન ટ્રસ્ટ
૩૯, કલિકુંડ સોસાયટી,
કલિકુંડ-ધોળકા,
(અમદાવાદ)

સકલાગમરહસ્યવેદી પૂ.સ્વ. આચાર્યદેવ શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવ શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી ભાનુવિજયજી મહારાજના મનનીય આર્હત્ પ્રવચનોનું પ્રકાશન એટલે...

# ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા (ભાગ-૫૫)

## દિવ્ય-દર્શન પ્રવચન મહોદધિ - આનંદઘનજી કૃત સ્તવન રહસ્યાર્થ - ૬ + ઉપા. યશોવિજય કૃત ચોવિશી રહસ્યાર્થ ૧ થી ૭

:: શુભાશિષ ::

તપાગચ્છ ભૂષણ સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્ય

શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા

:: પ્રેરક-માર્ગદર્શક ::

સંઘ શાસન કૌશલ્યાધાર પ.પૂ. આચાર્ય શ્રી વિજય જયસુંદરસૂરીશ્વરજી મહારાજા

:: સહાયક ::

સરળ સ્વભાવી પ.પૂ.પં.શ્રી પદ્મસેનવિજયજી મ.સા.

**પ્રથમ આવૃત્તિ : ૨૫૦** **કિંમત : ૧૫૦/-**

**વિમોચન : પોષ સુદ-૧૨, વિ.સં.૨૦૬૮, તા.૬-૧-૨૦૧૨, શુક્રવાર**
**ગુરુદેવ પૂ.આ.શ્રી ભુવનભાનુસૂરિ દીક્ષા દિન**

:: પ્રાપ્તિસ્થાન ::

| દિવ્યદર્શન ટ્રસ્ટ | દિવ્યદર્શન ટ્રસ્ટ | શ્રી ભુવનભાનુસૂરિ જૈન જ્ઞાન શાળા |
|---|---|---|
| ૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા | ૨૯/૩૦, વાસૂપૂજ્ય બંગલો, સેટેલાઈટ, અમદાવાદ | ૩૬, જ્ઞાનમંદિર સોસાયટી, નવકાર જૈન દેરાસર સામે, |
| ડૉ. હેમંતભાઈ-અમદાવાદ (૦૭૯)-૨૬૬૩૦૦૦૬ | ડૉ. સંજયભાઈ-સુરત ૯૮૨૫૧ ૨૧૪૫૫ | વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭ મો. ૯૪૨૭૦ ૩૭૪૯૧ (રાહુલભાઈ) |

**શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ**
૧૦૬, એસ.વી.રોડ, ઈર્લા-પાર્લા (વેસ્ટ)
ફોન : ૨૬૭૧૯૩૫૭

ટાઈપ સેટીંગ - મુદ્રક
**જય જિનેન્દ્ર ગ્રાફીક્સ (નીતિન શાહ - જય જિનેન્દ્ર)**
૩૦, સ્વાતિ સોસાયટી, સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કુલ રોડ,
નવરંગપુરા, અમદાવાદ-૧૪. મો. ૯૮૨૫૦ ૨૪૨૦૪
ફોન : (ઓ) ૨૫૬૨ ૧૬૨૩ (ઘર) ૨૬૫૬ ૨૭૯૫
E-mail : jayjinendra90@yahoo.com

## શ્રી અભિનંદનજિન સ્તવન-૪

દીઠી હો પ્રભુ દીઠી જગગુરુ ! તુજ, મૂરતિ હો પ્રભુ ! મૂરતિ મોહન વેલડીજી
મીઠી, હો પ્રભુ ! મીઠી તાહરી વાણી, લાગે હો પ્રભુ લાગે જેસી સેલડીજી...૧
જાણું હો પ્રભુ જાણું જન્મ કયત્થ, જો હું હો પ્રભુ, જો હું તુમ સાથે મિલ્યોજી;
સુરમણિ હો પ્રભુ ! સુરમણિ પામ્યો હત્થ, આંગણે હો પ્રભુ !
આંગણે મુજ સુરતરુ ફળ્યોજી....૨

જાગ્યાં હો પ્રભુ ! જાગ્યાં પુણ્ય અંકુર,
માગ્યા હો પ્રભુ ! મુંહ માગ્યા પાસા ઢળ્યા જી;
વુઠ્યા હો પ્રભુ ! વુઠ્યા અમીરસ મેહ,
નાઠા હો પ્રભુ ! નાઠા અશુભ, શુભદિન વળ્યા જી...૩
ભૂખ્યા હો પ્રભુ ! ભૂખ્યા મિલ્યા ઘૃતપૂર,
તરસ્યા હો પ્રભુ ! તરસ્યા દિવ્યઉદક મિલ્યાજી;
થાક્યા હો પ્રભુ ! થાક્યા મિલ્યા સુખપાલ,
ચાહતા હો પ્રભુ ! ચાહતા સજ્જન હેજે હળ્યાજી...૪
દીવો હો પ્રભુ ! દીવો નિશા વન ગેહ,
સાખી હો પ્રભુ ! સાખી થલે જળ નૌ મિલીજી;
કલિયુગે હો પ્રભુ ! કલિયુગે દુલ્લહો તુજ,
દરિસણ હો પ્રભુ ! દરિસણ લહ્યું આશા ફળીજી...૫
વાચક હો પ્રભુ ! વાચક જસ તુમ દાસ,

**વિનવે હો પ્રભુ ! વિનવે અભિનંદન સુણોજી;**
**કહિયે હો પ્રભુ ! કહિયે મ દેજો છેહ,**
**દેજો હો પ્રભુ ! દેજો સુખ દરિસણ તણોજી...૬**

## શ્રી અભિનંદન જિન સ્તવન-વિવેચના

**દીઠી હો પ્રભુ દીઠી જગગુરુ ! તુજ, મૂરતિ હો પ્રભુ ! મૂરતિ મોહન વેલડીજી**
**મીઠી, હો પ્રભુ ! મીઠી તાહરી વાણી, લાગે હો પ્રભુ લાગે જેસી સેલડીજી...૧**

**ભાવાર્થ :-** હે પ્રભુ ! હે જગદ્‌ગુરુ ! મેં મનમોહન વેલ સમાન (મનને આકર્ષક કલ્પવેલડી જેવી) આપની મૂર્તિ જોઇ, અને આપની મીઠી મીઠી વાણી મને શેરડીના રસ જેવી લાગે છે.

**વિવેચન :-** ત્રીજા સંભવનાથ ભગવાનના સ્તવનમાં પ્રભુ પાસે 'ભાવલબ્ધિ' યાને પ્રભુની કરુણાનજરની માગણી કરેલી, કેમકે ભાવલબ્ધિ વિના કાળલબ્ધિરૂપ મળેલી આરાધના-સામગ્રી અધુરી છે. ભાવલબ્ધિ આપણે અહીં પ્રભુની પ્રતિમા દ્વારા પ્રાપ્ત કરવાની છે; કારણ કે ભગવાન મોક્ષમાં જઇને બેઠા છે, અશરીરી થયા છે, પરંતુ પ્રતિમા-મૂર્તિરૂપે અહીં આપણી પાસે સાક્ષાત્ છે, ને એ પણ અચિંત્ય પ્રભાવનું કાર્ય કરી રહ્યા છે. પ્રતિમા એ મોહન વેલડી જેવી ઇચ્છિતને પૂરનારી મનોરમ્ય વેલડી જેવી છે, ભગવાનની વાણી પણ કાનને શેરડી જેવી મધુર લાગે છે. વિષમકાળમાં જિનમૂર્તિ-જિનાગમ આ બે જ વસ્તુ ભવિક જન માટે ભવસાગર તરવાના આધારરૂપ છે. માટે તો પૂજાની ઢાળમાં કહ્યું કે -

**'વિષમકાળે જિનબિંબ જિનાગમ ભવિયણકું આધારા'**

**મૂર્તિ મોહન વેલડી -** જિનમૂર્તિ એ સાક્ષાત્ મનમોહક કલ્પવેલડી સમાન છે, કારણ કે તેના આધારે ભગવાનનો પ્રભાવ આપણે મેળવી શકીએ છીએ. પ્રભુની મૂર્તિને સાક્ષાત્ પ્રભુ જ બિરાજમાન તરીકે જોઇએ, અને સ્તવીએ, તો આપણા આત્મા પર અરિહંત પ્રભુ જેવો પ્રભાવ પડે છે.

**જિનમૂર્તિના પ્રભાવે જ શય્યંભવ બ્રાહ્મણના** યજ્ઞ-યાગનો પ્રભાવ વિસ્તરેલો ! લોકમાં બહુ યશ ફેલાયેલો ! ને તે જ જિનમૂર્તિના દર્શનના પ્રભાવે શય્યંભવ બ્રાહ્મણના દિલમાં ઉથલપાથલ કરી નાખી. મિથ્યાત્વ-મિથ્યામાર્ગની રુચિને હચમચાવી. આ પરમાત્માનું સ્વરૂપ શું ? એ શી રીતે થયું ?... વગેરે જાણવા માટે મૂર્તિએ એમને ઊભા કરી દીધા હતા, ને ઝટ ગુરુ પાસે જઇ, એ જાણીને ચારિત્ર-ધર્મ સ્વીકારી લીધેલ !

**આ શય્યંભવ કોણ ? જાણો છો ને ?**

સાધુને દીક્ષા પછી તરત ભણાવાતા આવશ્યક સૂત્ર પછી પહેલું ભણાવાતું દશવૈકાલિક આગમ; એના રચયિતા કોણ ? શ્રુતકેવળી ભગવાન આચાર્ય શય્યંભવસૂરિજી. મૂળ એ શય્યંભવ બ્રાહ્મણ હતા. મહાવીર પ્રભુની પાટે ગણધર શ્રી સુધર્માસ્વામી, એમની પાટે આર્ય શ્રી જંબૂસ્વામી, ને એમની પાટે શ્રી પ્રભવસ્વામી થયા. એમણે પોતાની પાટ કોણ દીપાવે ? એ શ્રુતજ્ઞાનથી જોઇ શય્યંભવ બ્રાહ્મણને પસંદ કર્યા. એ વખતે શય્યંભવ બ્રાહ્મણ તો એક ગામમાં મોટો સમારંભ માંડી મંડપમાં મોટો યજ્ઞ કરાવી રહ્યા હતા. પ્રભવ સ્વામી સપરિવાર એ ગામના ઉદ્યાનમાં પહોંચ્યા, અને ગોચરી જતા એક સંઘાટક સાધુને એમના યજ્ઞમંડપ આગળ જઇ અમુક બોલવા કહ્યું. સાધુ ગયા; ધર્મલાભ કહી મંડપમાં પેસવા જાય છે ત્યાં જ શય્યંભવે હાથ જોડી વિનંતિ કરી -

"મહારાજ ! મહારાજ ! તમે જૈન સાધુલોકો સ્નાન નથી કરતા, તેથી અશૌચથી અમારો વાડો અભડાય. માટે મહેરબાની કરી અંદર પેસતા નહિ."

ત્યાં ગુરુએ શીખવ્યા મુજબ સાધુ બોલ્યા :

**"अहो कष्टं ! अहो कष्टं ! तत्त्वं न ज्ञायते परं !"**

અર્થાત્ "અરે ! અરે ! ખેદની વાત છે કે અહીં પરમતત્ત્વની જ ગતાગમ નથી." એમ બોલીને મુનિ તો ચાલી ગયા, પરંતુ શય્યંભવ જાણે છે કે "અલબત જૈન મુનિ નહાતા નથી, પરંતુ એમને પાંચ મહાવ્રત હોય છે, તેથી એ જૂઠું તો ન જ બોલે. તેથી એમના બોલવા પરથી લાગે છે કે અહીં બધો યજ્ઞ-આડંબર ચાલે છે, ને વેદ મંત્રો ભણાય છે, છતાં મુનિઓએ કહ્યા મુજબ 'આ કોઇ પરમતત્ત્વ નથી;' પરંતુ એમણે પરમતત્ત્વનો સાવ નિષેધ કર્યો નથી. પણ 'સમજાતું નથી' એટલું જ કહ્યું છે, એટલે લાગે છે કે પરમ તત્ત્વ અહીં ક્યાંક છુપાયેલું છે."

**શય્યંભવે પરમતત્ત્વ શું મેળવ્યું ? :**

પછી એણે મુખ્ય ગોરને પૂછ્યું : 'તત્ત્વ શું છે ? એ કહે, અરે ! આમાં પૂછવાનું જ શું ? આ મહાયજ્ઞ, આ વેદશાસ્ત્ર, એના મંત્રો... એ જ તત્ત્વ છે !'

ગોરના ગલ્લાં તલ્લાં જોઇ 'તત્ત્વ કહો છો કે નહિ ? નહિતર... એમ કહી એના ગળા સામે શય્યંભવે તલવાર ઉગામી દેખાડી ! ગોર ગભરાયો કે, 'મર્યા !' તરત કહે છે "ઊભો રહે, ભાઇ ! મારા ગુરુ કહી ગયા છે કે 'મરણાંત કષ્ટ આવે ત્યારે તત્ત્વ કહેવું,' તે હું કહું છું. આ મુખ્ય યજ્ઞસ્તંભની નીચે જમીનની અંદર જૈનોના શાંતિનાથ ભગવાનની મૂર્તિ છે, એ જ તત્ત્વ છે; ને એના જ પ્રભાવે યજ્ઞનો મહિમા પ્રસરે છે !" શય્યંભવે તરત જ સ્તંભ ઊખેડી નીચેથી ભગવાન બહાર લીધા, ને પ્રભુની વીતરાગ શાંત મુદ્રા જોતાં એ ઠરી ગયા ! પછી મુનિની

તપાસ કરતાં પહોંચ્યા પ્રભવસ્વામી પાસે; બધી વાત કરી, પરમાત્માની ઓળખ માગી, ત્યારે પ્રભવસ્વામીએ આત્માની બહિરાત્મદશા, અંતરાત્મદશા અને પરમાત્મદશા સમજાવી. શય્યંભવે ત્યાં તરત જ જૈન દીક્ષા લીધી, અને ક્રમશઃ ૧૪ પૂર્વ શાસ્ત્રો ભણી, શ્રુતકેવલી આચાર્ય ભગવાન, અને પ્રભવસ્વામીના પટ્ટધર થયા ! જિનમૂર્તિ દર્શનનો કેવો પ્રભાવ !

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૪,અંક-૪૨,તા.૫-૭-૧૯૮૬

**'દીઠી હો પ્રભુ ! દીઠી જગગુરુ તુજ, મૂરતિ મોહન વેલડીજી'** અહીં પ્રશ્ન થાય -

**પ્રશ્ન :** શું જિનમૂર્તિના પ્રભાવથી મિથ્યામતના યજ્ઞયાગાદિનો મહિમા ફેલાય ?

**ઉત્તર :** હા, જિનમૂર્તિના પ્રભાવે પોતાના વેપાર ધંધા-ઉત્સવ-જલસા વગેરેની આબાદી થાય, તો પોતાના માનેલા ધર્મના જલસાનું લોકમાં આકર્ષણ પણ કેમ ન થાય ? વિચારો તો ખરા, કે શું આપ્યું મૂર્તિએ ? શય્યંભવને મિથ્યાત્વ છોડાવ્યું ! ચારિત્ર અપાવ્યું ! ચૌદ પૂર્વના પારગામી બનાવ્યા ! ને વીરપ્રભુની પાટપંરપરામાં નંબર લગાડી શાસન સંઘનું સુકાન સંભાળનારા બનાવ્યા !

**પ્રશ્ન :** પ્રતિમા-પૂજા એ ધર્મ છે. તે ધર્મથી સુખ મળે ને સુખમાં રાચતાં નરકાદિ મળે. તો ધર્મને શું નરક આપનારો ન માની શકાય ?

**ઉત્તર :** ના, જીવ નરકમાં જાય છે તે મળેલા સુખસાધનોને પોતાની મોહ-પરિણતિ અને ગેરલાયકાતના કારણે ધર્મારાધનની સામગ્રી બનાવવાને બદલે પાપ-અધર્મ સેવવાની સામગ્રી બનાવી પાપો સેવે છે માટે નરકમાં જાય છે. બાકી ધર્મ તો મોક્ષ આપે તેમ સંસારના સુખ પણ આપે.

**જિનમૂર્તિના પ્રભાવે જ આર્દ્રકુમારને અનાર્ય** દેશમાંથી છોડાવ્યો, સંસારમાંથી છોડાવ્યો, અને પ્રત્યેકબુદ્ધની જેમ ચારિત્ર અપાવ્યું. દેવતાએ આર્દ્રકુમારને સંસારવાસના ભોગાવલિ કર્મનો ભય દેખાડી દીક્ષાની ના પાડી; પણ તીવ્ર વૈરાગી આર્દ્રકુમારે 'પ્રભુના ત્યાગ-તપ-સંયમથી કર્મો તોડી નાખીશ' એમ નિર્ધાર બતાવી ચારિત્ર લઈ લીધું, ને એમાં વિશેષ પુરુષાર્થ ને ઉત્સાહ વધાર્યો. જેમ, જંગલમાંથી પસાર થવું હોય, ને આગળથી ખબર પડી જાય કે 'જંગલમાં ડાકૂઓનો ભય છે,' તો રાઈફલ આદિ સાથે લેવાય છે, તેમ ભોગાવલિ કર્મના ભયની સામે આર્દ્રકુમાર પહેલેથી જ વિશેષ ત્યાગ-તપ-સંયમમાં ઉજમાળ થયા. આ બધાના મૂળમાં અભયકુમાર દ્વારા ભેટ મોકલાયેલ જિનપ્રતિમાના દર્શનનો પ્રભાવ કામ કરી રહ્યો હતો.

**'મૂર્તિ મોહન વેલડીજી'** જિનમૂર્તિ આર્દ્રકુમારના જીવનમાં કેટલું બધું અદ્ભુત કામ કરી ગઇ ! પૂર્વ ભવના ચારિત્ર-જીવનમાં એકવાર પત્ની-સાધ્વીને જોતાં રાગ જાગી ગયો; એ વિરાધનાથી અહીં અનાર્યદેશમાં આર્દ્રકુમાર રાજપુત્ર તરીકે જન્મી ગયેલા. એમને હવે જૈનધર્મ પાળવાનો અવકાશ જ ક્યાં ? પરંતુ અભયકુમારે એને ભેટ તરીકે મોકલેલી જિનમૂર્તિએ જાતિસ્મરણ જ્ઞાન કરાવી ઠેઠ મહર્ષિ આર્દ્રકુમાર બનવા સુધી પહોંચાડી દીધા.

**હરિભદ્ર બ્રાહ્મણને મૂર્તિની અસર :**

વીતરાગની પ્રતિમાના દર્શને **હરિભદ્ર બ્રાહ્મણ** વીતરાગ દેવાધિદેવને ઓળખી ગયા. કષાયોની શાંતિ થઇ ગઇ. ભવાભિનંદી જીવની ભવાભિનંદિતાની દશા તાવ જેવી છે. તાવથી જેમ જીભમાં કડવાશ આવે, તેમ ભવાભિનંદી જીવને હિતકારી તત્ત્વો પર કટુતા હોય છે. તે જયારે માર્ગાભિમુખ બને છે, ત્યારે તેમાં માધુર્ય આવે છે. તે માધુર્ય આવ્યું હરિભદ્ર બ્રાહ્મણમાં; નહિતર તો એકવાર જિનપ્રતિમા જોઇ દેવાધિદેવની આવી મશ્કરી કરનારા પણ તે જ હતા કે દેવ ! તારી લષ્ટપુષ્ટ મૂર્તિ જ કહી રહી છે કે તું લાડવા-પાણી સારા ઉડાવતો હશે ! પરંતુ એ ઓઘદૃષ્ટિના વિચારથી બોલતા હતા. પરંતુ જ્યાં યોગદૃષ્ટિનું માધુર્ય આવ્યું, ત્યાં હવે એ જ જિનમૂર્તિ જોતાં બોલી પડ્યા, 'દેવ ! તારી મૂર્તિ જ સ્પષ્ટપણે તારા વીતરાગ સ્વરૂપને કહી રહી છે.' અહીં પ્રશ્ન થાય.

**પ્રશ્ન :** પ્રતિમા બોલતી તો છે નહિ, પછી પ્રતિમાનો પ્રભાવ શો પડે ?

**ઉત્તર :** મંદિરમાં બહેનો ઉદ્ભટ વેશ પહેરીને આવે છે, તો એને જોનારા ભગવાનને પડતા મૂકે છે ! અહીં સ્ત્રી કે એનો વેશ કાંઇ જ બોલતા નથી, છતાં પ્રભાવ પાડે છે ને ? તેમ ભલે પ્રતિમા બોલે નહીં, છતાં અચિંત્ય પ્રભાવ કેમ ન પાડે ? માટે તો કહ્યું હતું ને કે **ભીલ એકલવ્યે દ્રોણાચાર્ય ગુરુની પ્રતિમાના પ્રભાવે જ ધનુર્વિદ્યામાં પ્રવીણતા મેળવી હતી.**

**પ્રતિમા-દર્શનના** પ્રભાવે જ **અભયદેવસૂરિજી મહારાજાનો** કોઢ રોગ દૂર થયેલો ! શ્રી **કલ્યાણમંદિર સ્તોત્રના** પ્રભાવે ઉજ્જયિનીમાં **શિવલિંગ** ફાટ્યું હતું ! ને એમાંથી **અવંતી પાર્શ્વનાથ પ્રભુજી** પ્રગટ થયા હતા ! જેના દર્શને રાજા અને લોકો આકર્ષાઇ પ્રભાવિત થઇ ગયેલા. **'દીઠી જગગુરુ તુજ મૂરતિ મોહન વેલડીજી'** આ જિન મૂર્તિનું દર્શન એવું મનમોહન કલ્પવેલી સમાન કેમ બને ? દેરાસરમાં જઇએ, અને દૃષ્ટિ કેમ પ્રભુ પર ઠરી જાય ? એની ચાવી આ, કે મનથી વિચારાય કે -

**પ્રભુદર્શનમાં ઠરી જવાની ચાવી :-**

**(૧) આ જગતમાં પ્રભુને છોડીને બીજી કોઇ જોવા લાયક ચીજ નથી.**

**(૨) મોહના પૂતળાં જોઇ જોઇ અધન્ય બનેલી મારી આંખ આજે પ્રભુજીને જોઇ વાહ ! કેવી સરસ ધન્ય બની !**

**(૩) વિષયદર્શનોથી લાગેલા લખલૂટ પાપનું વળતર કરી આપનાર કેવી ચમત્કારી આ સુંદર જિનમૂર્તિ !**

ઇત્યાદિ વિચારણાથી મૂર્તિ મોહન વેલડી લાગે, અને એનું દર્શન મળ્યા બદલ અહોભાવ આવે કે 'અહો ! અહો ! મને આ મળ્યું. ધન્ય ! ધન્ય !'

**મીઠી તાહરી વાણી**

વિષમકાળમાં સાક્ષાત્ તીર્થંકર પ્રભુની વાણી નહિ, કિન્તુ આગમશાસ્ત્ર રૂપે આપણને તીર્થંકર ભગવાનની વાણી મળી છે. આ ભગવાનની વાણી કેવી ? કવિ કલ્પના કરે છે કે કલ્પવેલી સ્વર્ગમાં કેમ ? દ્રાક્ષ ગામ બહાર વાડીઓમાં કેમ ? શેરડી કોલ્હુમાં કેમ પીલાય છે ?... તો કે

**જિનમુખ દીઠી વાણી મીઠી, સુરતરુ વેલડી,**

**દ્રાક્ષ વિહાસે ગઇ વનવાસે, પીલે રસ શેલડી...** ઇત્યાદિ.

અર્થાત્ જિનેશ્વર ભગવાનના મુખમાંથી પ્રગટેલી વાણી કેટકેટલી મીઠી ? તો કે કલ્પવૃક્ષની વેલડી વિહાયસે-આકાશમાં સ્વર્ગમાં ચાલી ગઇ. ને દ્રાક્ષે વનવાસ લીધો; કેમકે એ નગર બહાર વાડીઓમાં જ ઊગે-વધે છે; અને શેરડીએ બિચારીએ કોલ્હુમાં પીલાઇ આપઘાત જ કર્યો !

**ભગવાનની વાણી કેવી ?** આ ભગવાનની વાણી કહે છે કે 'ઉપશમ રાખો.' તેના પર **મહાસતી મદનરેખાએ,** સૌંદર્યમાં મોહિત થયેલા જેઠના હાથે ખડ્ગથી કપાયેલા પોતાના પતિ યુગબાહુને જિનવાણી યાદ કરાવી ઉપશમ રખાવ્યો, ને દેવલોકમાં પહોંચાડ્યા ! **રાજા ગુણસેન** ધ્યાનમાં છે ત્યારે અગ્નિશર્મા દેવતાએ વરસાવેલ અગ્નિ ધીખતી રેતીમાં શેકાઇ જતાં રાજાએ જિનવચન યાદ કરી ઉપશમ રાખ્યો.

આવી ભગવાનની વાણી અહીં સાંભળવા મળે છે ને જો એ સાંભળતાં ઝોકા આવે છે, તો એનો અર્થ એ કે એમને જિનવાણીમાં એટલો રસ નથી. **આપણને જિનવાણી માટે કેટલો રસ છે એના પર આપણા સમ્યગ્દર્શનનું પારખું છે; કેમકે,**

**સમ્યગ્દર્શનના ૩ લિંગ છે,**

**(૧)** જિનવાણી શ્રવણનો રસ, **(૨)** ચારિત્રની ભૂખ, અને

**(૩)** દેવ-ગુરુનું વૈયાવચ્ચ.

આ લિંગ હોય ત્યાં સમ્યગ્દર્શન હોય. એમ તો સમ્યગ્દર્શનના પાંચ લક્ષણ છે, શમ, સંવેગ... વગેરે; પરંતુ

**લિંગ અને લક્ષણમાં ફરક શો ?**

તો કે **'લક્ષણ'** એવી વસ્તુ છે કે એ આમ તો હોય, પણ કોઈ વાર ન દેખાય, છતાં એનામાં સમ્યક્ત્વ હોઈ શકે. દા.ત. **શ્રેણિક, કૃષ્ણ મહારાજા** કોઈ વાર લડાઈમાં ઊતરતા. એ વખતે સામો અનાડી રાજા હોય તો ત્યાં એનો કચ્ચરઘાણ કાઢવા ગુસ્સો કેટલો બધો હોય ? તો શું એ વખતે એના પ્રત્યે શમ ઉપશમ ભાવ હોય ? ના, છતાં એ ક્ષાયિક સમકિતી એટલે એમનામાં સમ્યક્ત્વ હતું. ત્યારે **'લિંગ'** વસ્તુ એવી છે કે એ જો ન હોય, તો સમકિત ન હોય. દા. ત. મહાવીર પ્રભુનો **ભાણેજ,** પછી બનેલો **જમાઈ-જમાલિ,** એ પછીથી દીક્ષા લઈને બન્યો **પ્રભુનો શિષ્ય.** એકવાર સંથારો પાથરવાના પ્રસંગમાં 'કાર્ય કરાતું હોય ત્યારે કર્યું કહેવાય' એવા પ્રભુના વચનથી વિરુદ્ધ સિદ્ધાન્તમાં તણાયો. 'પૂરું કર્યું હોય ત્યારે જ કર્યું કહેવાય; પણ કરાતું હોય ત્યારે કર્યું ન જ કહેવાય' એમ મત બાંધી બેઠો. એમાં એણે સમકિત ગુમાવ્યું. એના શિષ્યો એને લઈ ગયા પ્રભુ પાસે. પ્રભુ સમજાવવા તૈયાર, પરંતુ હવે એને જિનવચન સાંભળવાનો રસ ઊડી ગયો છે, એટલે સમકિત નષ્ટ. ત્યાં પ્રભુ શું સમજાવે ? જેના વચન પરનો રસ ઊડી ગયો, શ્રદ્ધા ઊઠી ગઈ, એના પોતાના પરની ય શ્રદ્ધા ઊઠી ગઈ. હવે આવાને પ્રભુ શું કહે ?

**'મીઠી તાહરી વાણી'**

**પ્રભુની વાણી મીઠી લાગે ત્યાં સુધી સમ્યક્ત્વ; એનો પ્રભાવ જબરદસ્ત.**

આ રીતે **પ્રભુનો પ્રભાવ ત્રણ રીતે** આપણે જોવાનો છે-

**(૧) દર્શનનો પ્રભાવ:** જે પ્રભુની પ્રતિમાના દર્શનના કારણે શય્યંભવસૂરિજી, હરિભદ્રસૂરિજી, આર્દ્રકુમારાદિ તરી ગયા !

**(૨) વાણીનો પ્રભાવ :** જે પ્રભુની વાણી દ્વારા યુગબાહુ દેવગતિ પામ્યા ! ઇન્દ્રભૂતિ જેવા પ્રભુને શરણે આવ્યા ! અરે ! મહાહિંસક સર્પ ચંડકૌશિકને પણ 'બૂજ્ઝ બૂજ્ઝ' ના શબ્દે વાણીના પ્રભાવે તાર્યો.

**(૩) પ્રભુના મિલનનો પ્રભાવ :** અરિહંત-મિલન એટલે અરિહંતની સાથે મળવું. એ વાત બીજી ગાથામાં કરશે. પરંતુ હું અરિહંતને મળ્યો એટલે બીજા બધાનો ત્યાગ કરીને એટલે કે વિષયોનો ને કુદેવોનો ને મિથ્યામાન્યતાનો ત્યાગ કરીને મેં અરિહંતને સ્વીકાર્યા, મારા દિલમાં ભેળવી દીધા. મારા આરાધ્ય, શરણ્ય, સર્વસ્વ, જે ગણો તે, હે અરિહંત ! આપ જ છો. કારણ કે મેં આપને મારા દિલમાં ભેળવી દીધા છે.

જેમ-પત્નીને પતિ મળ્યા, ને તે પોતાના દિલમાં જો પતિને ભેળવી દેતી નથી, તો દુઃખિયારી થાય છે. સીતાજી દુઃખિયારા ન હતા, કારણ કે પતિ રામને પોતાના દિલમાં એણે ભેળવી દીધા હતા. આપણે ભગવાનને આમ આપણા દિલમાં

ભેળવી દેવાના છે, આવું મિલન કરવાનું છે.

• • •

**જાણું હો પ્રભુ જાણું જન્મ કયત્થ,**
**જો હું હો પ્રભુ, જો હું તુમ સાથે મિલ્યોજી;**
**સુરમણિ હો પ્રભુ ! સુરમણિ પામ્યો હત્થ,**
**આંગણે હો પ્રભુ! આંગણે મુજ સુરતરુ ફળ્યોજી....૨**

**ભાવાર્થ :-** હે પ્રભુ ! જો હું આપ વીતરાગની સાથે મળી ગયો છું તો તેમાં હું મને મળેલો મનુષ્યજન્મ કૃતાર્થ સફળ થયો માનું છું. વળી પ્રભુ ! આપ મળ્યા છો, તો મારા હાથમાં ચિંતામણિ રત્ન આવી ચડ્યું સમજું છું. અને મારા આંગણામાં (સર્વ મનવાંછિત આપનાર) કલ્પવૃક્ષ ઊગી ગયો માનું છું.

**વિવેચન :-** હે અભિનંદન સ્વામી ! જો હું તમારી સાથે મળ્યો તો હું મારા જન્મને 'કૃતાર્થ' થયો માનું છું. 'અર્થ' એટલે પ્રયોજન, 'કૃત' એટલે સરી ગયું. અર્થાત્ મનુષ્ય જન્મ પામવાનું જે પ્રયોજન છે, તે પ્રયોજન મારે સરી ગયું. શું પ્રયોજન છે ? આ, 'જો હું તુમ સાથે મળ્યો.' 'પ્રભુની સાથે મળ્યો' એનો સામાન્ય અર્થ એ, કે પ્રભુની ભેટ-મુલાકાત થઈ. પરંતુ આટલામાં બહુ વળે નહિ; કેમકે એવી તો અનંતા ભૂતકાળમાં અનંતીવાર મુલાકાત થઈ. કારણ શાસ્ત્ર કહે છે, અનંત ભૂતકાળમાં જીવ અનંતીવાર જૈન ચારિત્ર પામ્યો. તો એમાં સહજ છે કે અરિહંત સાથે અનંતી વાર મળ્યો, અનંતી મુલાકાત થઈ, પરંતુ તેથી વળ્યું શું ? આપણો જીવ હજી સંસારમાં ભટકતો છે ! તો એવું પ્રભુ સાથે મળવાથી જનમ કૃતાર્થ થયો થોડો જ મનાય ? તો પછી,

**પ્રશ્ન :** 'જો હું તુમ સાથે મળ્યો' નો ભાવાર્થ શો ? કે જેથી આ જનમ કૃતાર્થ સફળ થયો ગણાય!

**ઉત્તર : મનુષ્ય જનમનું પ્રયોજન પ્રભુની સાથે મળવું એ.**

**પ્રભુની સાથે મળવાના બે અર્થ -**

**''પ્રભુને મળીએ, પ્રભુમાં ભળીએ''**

(i) પ્રભુના આત્મામાં આપણો આત્મા ભળી જાય.

(ii) વીતરાગ પ્રભુ પોતે આપણા આત્મામાં ભળી જાય.

**(૧) પ્રભુના આત્મામાં આપણા આત્માને ભેળવવો એટલે આપણું વ્યક્તિત્વ ભૂલી જવું અને પ્રભુનું વ્યક્તિત્વ આપણા મન સામે રાખવું.**

**સુશીલ પત્ની પતિમાં કેવી ભળે ? :**

દા.ત. સુશીલ કન્યા સુયોગ્ય પતિને પરણ્યા પછી પતિના આત્મામાં ભળી જાય છે, એટલે કે પોતે પોતાનું વ્યક્તિત્વ ભૂલી જાય છે, અને પતિનું વ્યક્તિત્વ જ મન પર રાખે છે. અર્થાત્ પોતાની રુચિ કેવી ? પોતાની ઇચ્છા શી ? પોતાને અનુકૂળ શું ? પોતાનો મત અભિપ્રાય શો ? પોતાનું માન-ગૌરવ કેટલું જળવાયું ? પોતાને બહારમાં યશ-સંપત્તિ વગેરે લાભ શો થયો ? વગેરે વગેરેને બાજુએ મૂકી દે છે. એની ગણતરી રાખતી નથી; પરંતુ એ તો એ જ જુએ છે કે, એમની રુચિ કેવી ? એમની ઇચ્છા શી ? એમને શું શું અનુકૂળ ? એમનો મત-સિદ્ધાન્ત શો ? એમનો અભિપ્રાય શો ? મારાથી એમનું માન-ગૌરવ કેટલું સચવાયું ? એમને બહારમાં યશકીર્તિ સંપત્તિ વગેરેનો લાભ કેટલો મળ્યો ? એટલે કે પતિની રુચિ-ઇચ્છા એ જ મારી રુચિ-ઇચ્છા. એમની અનુકૂળતા એ જ મારી. એમણે મારું માન નહિ સાચવવાનું, પણ મારે એમનું માન-ગૌરવ કરવાનું. બહારમાં મારે જશ નહિ લેવાનો, પણ એમને મારે જશ અપાવાનો. જો આ જ જોતી રહે તો જ એ સુશીલ છે, અને પતિમાં પોતાના આત્માને ભેળવી દેનારી ગણાય છે.

એટલે તો દુનિયા સવારે ઊઠીને **સીતાજીને** યાદ કરે છે. રામ પિતાની આજ્ઞાથી રાજ્ય-હક છોડી વનવાસ જાય છે, અને એમણે સીતાજીને આદેશ પણ નથી કર્યો કે 'ચાલો, આપણે વનવાસ ભોગવવાનો છે,' ઊલટું એમ કહ્યું કે- પિતાજીની આજ્ઞા છે કે 'ભરત અયોધ્યાનું રાજ્ય કરે.' પરંતુ અમારે ભાઈઓમાં એવી મર્યાદા છે કે ભાઈઓ પિતાજી પછી મને વડીલ તરીકે માને છે, અને **એ વડીલથી ઊંચું પદ ભોગવે નહિ,** એટલે હું અહીં જ રહું તો ભરત કાંઈ રાજા બને જ નહિ અને જો એ રાજા ન બને, તો પિતાજીએ માતા કૈકેયીને આપેલ વરદાન સચવાય નહિ, માટે પિતાજી પાસે મેં વનવાસ માગી લીધો છે. તો હમણા તમે અહીં માતાજીની સેવામાં રહો. રામચંદ્રજીએ સીતાજીને આમ કહેવા છતાં, સીતાજી કહે : 'માફ કરજો, એ તો ઝાડ ત્યાં જ છાયા; હું તમારી સાથે જ રહીશ.'

આમાં સીતાએ શું જોયું ? પોતાની નહિ, પણ પતિની રુચિ-ઇચ્છા-અનુકૂળતા જોઈ. પતિને વનવાસની ઇચ્છા છે, તો મારી પણ ઇચ્છા એ જ વનવાસની. અહીં પૂછો-

**પ્રશ્ન :-** પતિએ તો સીતાજી સાસુની સેવામાં રહે એવી ઇચ્છા દર્શાવી હતી. તો સીતાજીએ કેમ એ વધાવી ન લીધી ? ને પોતાની વનમાં સહગમનની ઇચ્છા કેમ રાખી ?

**ઉત્તર :-** અહીં એમણે પતિનો ભાવ જોયો. પતિનો ભાવ આ હતો કે 'આવા સુકોમળ અને હમણા પરણીને આવેલા સીતાજીને વનવાસનાં કષ્ટમાં ન

ખેંચાય.' એટલે એમણે બહાનું મૂક્યું કે માતાજીની સેવામાં રહો. બાકી માતાની સેવામાં તો દાસદાસીઓ, દેરાણીઓ વગેરે ક્યાં ઓછા હતા ? તેથી સીતાજીએ પોતાને પતિની વનવાસને બદલે મહેલવાસ કરવાની કોઇ આજ્ઞા નહોતી. પતિએ તો માત્ર ઇચ્છા બતાવી કે અહીં માતાજીની સેવામાં રહો, ને સીતાજીએ રહેવા ન ઇચ્છયું, એ કાંઇ પતિની ઇચ્છાથી પોતે જુદી ઇચ્છા કરી ન ગણાય, વડીલની ઇચ્છાથી પોતાની જુદી ઇચ્છા એ જો સ્વચ્છંદવાદની હોય, આપમતિની હોય, વૈષયિક અનુકૂળતા ભોગવવા અંગેની હોય તો જ એમાં વડીલની ઇચ્છા કરતા જુદી ઇચ્છા કરી ગણાય.

વાત આ હતી કે સીતાજી રામમાં ભળી ગયેલા હતા એટલે કે પોતાનું અલગ વ્યક્તિત્વ ભૂલીને પતિનું વ્યક્તિત્વ જોનારા બની ગયેલા. તેથી પોતાની કોઇ જ સ્વતંત્ર રુચિ-ઇચ્છા-મન-અનુકૂળતા-યશ-માનાકાંક્ષા... વગેરે નહિ, કિન્તુ પતિની જ રુચિ-ઇચ્છા વગેરે એ જ પોતાની રુચિ-ઇચ્છા એ જ પોતાનું મન, અનુકૂળતાદિ... તો જ એ પતિમાં ભળ્યા ગણાય.

આ જ હિસાબ આપણે દેવ-ગુરુ સાથે રાખવાનો છે. આપણે ભગવાન અને ગુરુમાં ભળવું હોય તો આપણું અલગ વ્યક્તિત્વ ભૂલીને દેવાધિદેવની અને ગુરુની રુચિ-ઇચ્છા-મન-અનુકૂળતા વગેરે જોનારા બનીએ. દેવ-ગુરુનું ખૂબ ખૂબ ગૌરવ કરીએ. માન સન્માન એમને આપીએ અને સેવા વૈયાવચ્ચ કરીને જશ દેવ-ગુરુને આપીએ, મહેનત આપણે કરીએ, ધનખર્ચ આપણે કરીએ, પરંતુ યશ દેવ-ગુરુનો વધારીએ. આ થઇ પરમાત્મા સાથે મળવાની એટલે કે પરમાત્મામાં આપણે ભળી જવાની વાત.

સારાંશ, આપણું વ્યક્તિત્વ ભૂલીને દેવગુરુનું વ્યક્તિત્વ આગળ કરીએ, તો આપણે દેવ-ગુરુમાં મળ્યા-ભળ્યા ગણાઇએ. એથી આપણો સ્વચ્છંદાચાર મટે.

આમ **'જાણું જન્મ કયત્થ. જો હું તુમ સાથે મળ્યોજી'** માં **'પ્રભુ સાથે મળવા'નો એક અર્થ.** હવે બીજી વાત, **'પ્રભુ સાથે મળવા'નો બીજો અર્થ.**

### (૨) પરમાત્માને આપણા આત્મામાં ભેળવીએ :

પહેલામાં આપણે પ્રભુમાં ભળીને પ્રભુની આગળ આપણું વ્યક્તિત્વ આપણું માન-દરજ્જો-રુચિ-મન-અનુકૂળતા વગેરે ભૂલવાનું છે; ત્યારે આ બીજામાં પ્રભુને આપણા અંતરમાં ઊતારી આપણે પ્રભુની સાધના, પ્રભુનાં સુકૃતો, પ્રભુના સદ્ગુણો, પ્રભુની સદ્ભાવનાઓ... વગેરે જોવાનું છે. જેથી પ્રભુની અપેક્ષાએ આપણી પોતાની નિર્માલ્ય સાધનાઓ સુકૃતો વગેરે પર ગુમાન ન થાય, કે અતિ સંતોષ ન થાય; અને વારે વારે મનને થયા કરે કે 'અહો ! અહો ! મારા પ્રભુની કેવી જ્વલંત ઉત્કૃષ્ટ

સાધનાઓ !... કેવા સર્વોચ્ચ સુકૃતો !... કેવા કેવા અતિ અતિ અદ્દ્ભુત ક્ષમા-વાત્સલ્ય આદિ સદ્દ્ગુણો ! આમ પ્રભુનો ઉત્કર્ષ અને આપણી જાતનો અપકર્ષ જોયા કરીએ, અને શક્ય ગુણ-ગ્રહણ કરતા રહીએ, એટલે આપણા આત્મામાં પ્રભુને ભેળવતા જવાનું થાય. પૂર્વના મહાન શ્રાવકો અને મુનિઓ આ કરતા. અંતરમાં પ્રભુને રાખી એમના જીવન-કવનના આલંબને સાધનાઓ-સુકૃતો-સદ્દ્ગુણોમાં આગળ વધતા !

**બાળમુનિએ ઘાણીમાં પીલાતાં પ્રભુને અંતરમાં રાખ્યા :**

પેલા **પાલક પાપીની ઘાણીમાં** ૪૯૯ મોટા મુનિઓની જેમ છેલ્લા **એક બાળમુનિ** પણ કેવી રીતે ખુશીથી પીલાઈ ગયા ! ખબર છે ને ? પાલક મંત્રીએ ખંધકસૂરિજી પરના વૈરથી એમના ૫૦૦ શિષ્યો સહિત એમને ઘાણીમાં પીલી નાખવાની તૈયારી કરેલી ; વૈર એમ થયેલું કે ખંધક યાને સ્કંદક પૂર્વે રાજકુમાર હતા ત્યારે એની પિતાની રાજસભામાં પાલકે જઈને નાસ્તિકવાદનું પ્રતિપાદન કરેલું, ત્યાં પછી સ્કંદકકુમારે સચોટ યુક્તિ-પ્રયુક્તિ-દૃષ્ટાન્તથી એનું ખંડન કરેલું, એનો કશો જવાબ ન દઈ શક્યો, એટલે દિલમાં વૈર લઈને ગયો.

પછી તો સ્કન્દકે વૈરાગ્ય વધવાથી ૨૦મા તીર્થપતિ શ્રી મુનિસુવ્રત ભગવાન પાસે દીક્ષા લીધી, મોટા આચાર્ય અને ૫૦૦ શિષ્યોના ગુરુ થયા. એકવાર પ્રભુને પૂછે-

'પ્રભુ ! બેનના 'દંડક' દેશમાં જાઉં ? તો ત્યાં બેન-બનેવી વગેરે કદાચ પ્રતિબોધ પામે.'

પ્રભુએ કહ્યું : 'તમે જશો તો વિરાધક થશો.'

આ પૂછે 'ને પ્રભુ ! આ ૫૦૦ મુનિઓ ?'

પ્રભુ કહે : એ આરાધક થશે.

એ પરથી ખંધકસૂરિએ વિચાર્યું કે 'મારા નિમિત્તે ૫૦૦ તો તરી જશેને? મારું જે થવું હોય તે થાય. જાઉં બેનના દેશમાં.' એમ રજા માગે છે, પણ પ્રભુ મૌન રહ્યા. **'ભલે જાઓ' એમ સંમતિ ન આપી.**

**પ્રશ્ન :** પ્રભુએ કેમ સંમતિ ન આપી ? ૫૦૦નું તો કલ્યાણ છે ને ?

**ઉત્તર :** ભલે ૫૦૦નું કલ્યાણ થવાનું છે, પરંતુ અહીં પૂછનાર જે છે એનું અકલ્યાણ છે, ને એ જ પૂછે છે 'જાઉં ?' એટલે એનો ભાવ આ, કે 'અકલ્યાણમાં જાઉં ?' તો શું પ્રભુ સંમતિ આપે ? ના; પ્રભુ મૌન રહ્યા.

પછી તો 'ન નિષિદ્ધમ્ અનુમતમ્' માની ખંધકસૂરિજી સપરિવાર ઊપડ્યા દંડક દેશમાં. રાજધાનીના ઉદ્યાનમાં ઊતર્યા. ત્યાં પેલો પાલકમંત્રી દિવાન બનેલો હતો. એણે વૈરનો બદલો લેવા ધાર્યું, અને ઉદ્યાનમાં રાતના ગુપ્ત રીતે ઠામ ઠામ જમીનમાં શસ્ત્રો દટાવ્યા !

સવારે રાજાને કહે : 'આ તમારા સાળા ૫૦૦ સહસ્રયોધી સુભટો સાથે સાધુના વેશમાં આવ્યા છે. તે તમને જીતીને તમારું રાજ્ય લઈ લેશે !'

'ખાતરી ?'

'ખાતરી માટે ઉદ્યાનની તપાસ કરાવો, શસ્ત્રો છુપાવ્યા છે !' તપાસ કરાવતાં શસ્ત્રો મલ્યાં, ને રાજા વિફર્યો ! પાલકને કહે તને ઠીક લાગે તે શિક્ષા કર.'

બગીચામાં પાલકે મોટી ઘાણીનો માંચડો તૈયાર કરાવ્યો. ખંધકસૂરિને કહ્યું : 'તમને બધાને ઘાણીમાં પીલી નાખવાનો રાજાનો હુકમ છે.'

ખંધકસૂરિએ જોયું, 'ઉપસર્ગ મોટો આવ્યો છે પણ ફિકર નહિ, પ્રભુએ સિક્કો માર્યો છે કે '૫૦૦ મુનિઓ આરાધક થવાના છે,' અને ૫૦૦ પણ ખુશી થઈને કેમ જાણે હરિફાઈથી એક પછી એક ઘાણીમાં કૂદી પડ્યા ! આટલી બધી હિંમત ? કહો, પોતાના અંતરમાં પ્રભુ શ્રી મુનિસુવ્રત ભગવાનને ભેળવી લી'તા હતા એટલે હિંમતનું શું પૂછવું ?

**ખંધકસૂરિજીની ૫૦૦ ને નિર્ઝામણા :**

મુનિઓ જ્યારે ઘાણીમાં પડાપડી કરી પીલાઈ રહ્યા હતા, ત્યારે આચાર્ય મહારાજ માંચડા પર ઊભા રહી મુનિઓને નિર્યામણા કરાવતા હતા કે **"જોજો, અંતરમાં મુનિસુવ્રત ભગવાનને રાખજો. ભગવાનને અંતરમાં ભેળવી દેજો. ભગવાન વીતરાગ છે, રાગ-દ્વેષ રહિત, અને કાયાની મમતા વિનાના છે, તો આપણે પણ એવા જ છીએ. અંતરમાં ભગવાનની વાણી સાંભળજો, ભગવાન કહી રહ્યા છે, 'આ પાલક તમારો ઉપકારી છે. આ પીડાના કર્મો, આમ કાયા પીલાયા વિના, આત્મા પરથી ખસે એવા નહોતા, તે પાલક કાયાને પીલીને તમારા કર્મોને પીલી પીલીને રવાના કરી રહ્યો છે. બાકી આમ સાતે નરકોની જાલિમ પીડાને અનંતવાર આપણા જીવે સહન કરી છે ! એની આગળ તો આ પીડા કશી વિસાતમાં નથી. તેથી એ લક્ષમાં રાખી, મારું સ્વરૂપ એ જ તમારું વીતરાગ સ્વરૂપ જોયા કરજો. જેથી કોઈ જ દેહ-રાગ કે દુશ્મન-દ્વેષ થાય નહિ.' આમ આપણા અંતરમાં ભેળવેલા ભગવાન કહી રહ્યા છે, એ જ ધ્યાનમાં રાખજો..."**

આવી રીતની ખંધકસૂરિજી મહારાજ ની નિઝામણાએ ૪૯૯ મુનિઓને મોક્ષે પહોંચાડી દીધા !

**બાળમુનિની ઘાણીમાં પીલાતાં ભાવના :**

હવે આવ્યો વારો બાળમુનિનો. એ પણ શૂરાતનમાં ચડી ગયેલા વિચારે છે- 'મારી પાસે મારા દિલની અંદર મુનિસુવ્રત ભગવાન છે મારે શી ગભરામણ ?' એમ કરીને એ જાતે જ ઘાણીમાં કૂદી પડ્યા. ઉંમરમાં નાના છે, ઝીણું તત્વજ્ઞાન નહિ ભણેલા, પરંતુ અંતરમાં ભગવાનને એવા ભેળવી દીધેલા કે મન સમજે છે કે 'હું તો ભગવાન છું. ભગવાને ક્યાં કાયાને પોતાની માની છે ? મારે પણ કાયા મારી છે જ નહિ, એ મુઇ ભલે કચડાય, હું કચડાતો નથી.' આમ બાળમુનિએ પણ ભગવાનને પોતાના અંતરમાં એવા એકરસ એકમેક કરી દીધા કે પીડાને કશી લેખામાં લીધીજ નહિ, તે અનાસક્ત યોગમાં ચડી વીતરાગ થઇ ગયા ! ને તરત સર્વજ્ઞતા અને તરત મોક્ષ પામી ગયા !

**'જાણું હો પ્રભુ ! જાણું જન્મ કયત્થ, જો હું હો પ્રભુ ! જો હું તુમ સાથે મળ્યોજી !'** જો હું પ્રભુ ! તમારી સાથે મળી ગયો તો મારો જન્મ કૃતાર્થ થયો જાણું. પ્રભુ સાથે મળવાના આ બે અર્થ બહુ ધ્યાનમાં રાખવા જેવા છે.

સ્તવનમાં બોલીએ ને ? **'પારસનાથ જિન ભેટીએ.'** એમાં પણ આ રીતે વિચારી શકીએ-

**ભગવાનને આપણે ભેટવાના ? કે ભગવાન આપણને ભેટે ?**

આપણે ભગવાનને ભેટવા જઇએ છીએ ? કે ભગવાનને ભેટાડવા જઇએ છીએ ? બંને કરવાનું - ભગવાનને ભેટવાના ય ખરા, અને ભગવાનને આપણા દિલમાં ભેટાડવાના ય ખરા. આપણે ભગવાનને ભેટવા જઇએ, તો ભગવાનને ભેટીએ એટલે શું કરવાનું ?

**(૧) ભગવાનને ભેટવા હોય તો ?** ભગવાનને ભેટવા એટલે આપણે ભગવાનનાં દર્શન તો કરીએ, પણ આપણે ભગવાનમાં ભળી જવાનું. ત્યાં આપણું વ્યક્તિત્વ ભૂલવું જોઇએ. આપણું વ્યક્તિત્વ એટલે આપણી શું ઇચ્છા ? આપણો શો મત ? આપણી શી રુચિ ? આપણું માન કેટલું સચવાય ? આપણને યશ કેટલો મળે ? આપણને શું ગમે અને શું ન ગમે !... એ બધું ભૂલવાનું. એના બદલે ભગવાનને શું ગમે છે ? શું અનુકૂળ છે ?... એનો વિચાર કરવાનો. ભગવાનને શું અનુકૂળ હોય ? ભગવાનને આપણું કલ્યાણ અનુકૂળ હોય એ જાણે કહે છે. 'તું બરાબર સાચું દાસપણું બજાવ.' ભગવાનનો મત-સિદ્ધાંત-અભિપ્રાય શું ? જે કાંઇ કરું એનું માન ભગવાનને મળે.

ઘરે ૧૦ મહેમાન ઊતરી પડ્યા, જમાડવાની મજૂરી ઘરવાળી કરે, છતાં મહેમાનો ધણીને શું કહે ? 'તમારી ભક્તિ ઉદારતા મહેનત ભાઇ ! બહુ ! તો ઘરવાળીને કાંઇ થાય કે નહીં ? ઘરવાળાને માન-યશ-ગૌરવ જે કાંઇ મળે, એ બધું ઘરવાળી સમજે કે 'મારા ધણીને મળ્યું એ મને જ મળ્યું.' એમ, ભગવાનની સારા પૈસા ખરચીને ભક્તિ કરી, પણ એનું માન-યશ ભગવાનને મળવો જોઇએ. એ ક્યારે મળે ? આપણે પૈસા ખરચ્યા એ ગુપ્ત રહે, કોઇ જાણે નહિ, તો ભગવાનને યશ મળે. લોકો કહે : 'જુઓ, જુઓ ભાઇ ! આ ભગવાન કેવા પ્રભાવક છે કે એમને એવા એવા ભક્ત છે કે જે એમની આટલી ઊંચી ભક્તિ કરી જાય, પણ કોઇને ખબર જ ન પડે કે આ કોણ કરી ગયું ! એટલી બધી ભગત ગુપ્તતા રાખે છે.'

**સતીઓને આ આવડે છે** કે પોતાના ખાનગી પૈસાથી ધણી પાસે સુકૃત કરાવ્યું, પણ બહારમાં એમ જ બોલાય કે ધણીએ આ મહાન કામ કર્યું ! બાકી તો ભગવાનને ભેટવા અર્થાત્ દર્શન-ભક્તિ કરવામાં આપણું વ્યક્તિત્વ ભૂલવું જ પડે. એટલે જ મોટું મંદિર બંધાવીને પણ એમ થાય કે ભગવાને આ મંદિર સ્વીકારીને મારું કેટલુ બધું ભલું કર્યું ? અથવા આ તો ભગવાનના પૈસા હતા, એનાથી મંદિર બન્યું. મેં ભગવાનનું કશું કર્યું નથી. એમ ભગવાનને ભેટવા હોય તો આ બધું કરવું જોઇએ.

**(૨) ભગવાનને ભેટાડવા હોય તો ?** ભગવાનને ભેટાડવા એટલે આપણા આત્મામાં ભગવાન ભળી જાય. ભગવાન આપણા દિલમાં વસી જાય. એટલે શું કરવાનું ? 'ભગવાને શું શું કર્યું ? કેવું કર્યું ? તપ-જપ-સ્વાધ્યાય-ધ્યાન કેવા કર્યા ? મહાવીર પ્રભુએ પૂર્વભવમાં લાખ વર્ષ ચારિત્ર પાળ્યું તે સતત માસખમણને પારણે માસખમણ કર્યા ! માત્ર એક જ દિવસ પારણાના આંતરા વિના બીજું આંતરું નહિ ! ને આપણે જાણે હરિફાઇ માંડીને આંતરા વિના રોજની નવકારશી !'

'ભગવાને શું શું કર્યું ?' એ દિલમાં લાવો તો ભગવાન દિલમાં વસે. ઋષભદેવ ભગવાને શું કર્યું ? હજાર વર્ષ સુધી વિહાર કર્યો ! મૌન રહ્યા ! કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા ! આંખ મીંચીને ભગવાનને અંદરમાં લાવીએ, ને પછી દેખાય- ભગવાને આવા વિહારો કર્યા ! આમ રોજના ૨૧-૨૧ કલાક કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા ! હજાર વર્ષ સુધી મૌન રહ્યા, માખી મચ્છર પણ ઉડાડ્યા નહીં !... આવી આવી ભગવાનની સાધના હતી. આપણે એક દિવસ પણ મૌન રાખી શકતા નથી. વિચાર કરો. **માત્ર ભગવાનને આપણે ભેટવાનાં છે એટલું જ નહિ, પણ અંદરમાં ભગવાનને ભેટાડવાનાં છે.** માટે આવા કાંઇ નિર્મલ સ્વરૂપ અંદર લાવો, જેથી મનને અંદરમાંથી આરાધનાનો પાવર મળે.

ગણધર ભગવાન શ્રી સુધર્માસ્વામીએ અમૃતશી વાણીથી અરિહંત પ્રભુની સાથે આમ બંને રીતે ભગવાનને મળવાની ભેટવાની જંબૂકુમારે લગન લગાડી હશે, ત્યારેસ્તો એ ૯૯ ક્રોડ સોનૈયાની સંપત્તિ, વહાલસોયા માતાપિતા, અને નવી પરણેલી અપ્સરાશી આઠ રમણીઓ, સાપ કાંચળી ઊતારી ચાલ્યો જાય એમ ઘરવાસ મૂકીને ચારિત્ર માર્ગે નીકળી પડ્યા હશે ને ?

પરંતુ જંબૂમુનિ પ્રભુ સાથે મળવાનું જેટલું સહેલું સમજતો હશે એટલું ન સમજે, એટલા માટે હવે ગુરુ સુધર્મા ગણધર ભગવાન કહે છે-

**'बुज्झिज्जति तिउट्टिज्जा बंधनं'**

'હે જંબૂ ! જો તું તારી જાતને બોધવાળો સમજદાર માનતો હો, તો બંધનોને તોડ.'

શું અહીં જંબૂ ન કહે કે 'પ્રભુ ! આટલા બધા માયાના બંધનો તોડીને તો આવ્યો, હવે શું બાકી રહે છે ?' ના, એ તો સીધું પૂછે છે-

'હે પ્રભુ ! મહાવીર ભગવાન બંધન કોને કહે છે ?'

ગણધર દેવ કહે છે, 'એક તણખલાના પણ પરિગ્રહને ભગવાન બંધન કહે છે' કેમકે-

**એ પરિગ્રહની પાછળ કામ કરતા અંતરમાં રહેલા રાગ-દ્વેષાદિ કષાયો મહાબંધન છે, આ બંધનો તોડવા જંબૂમુનિએ કમર કસી.**

**બંધન તૂટે શી રીતે ? ભગવાનમાં પોતે ભળ્યા, અને ભગવાનને પોતાના અંતરમાં ભેળવ્યાં.**

આમ ભગવાન સાથે મળ્યા-ભળ્યા, તો જંબૂમુનિના વાંછિત ફળ્યાં; પહેલાં શ્રુતકેવળી અને પછી કેવળજ્ઞાની બની ગયા ! અંતે મોક્ષે પધાર્યા !

જો આપણે પ્રભુ સાથે મળ્યા-ભળ્યા, તો આપણે ધારી અનુકૂળતા પૂર્ણ કરનાર અરિહંતના બન્યા, અને અરિહંત આપણા બન્યા.

ત્યારે તો **અષ્ટાપદ તીર્થ** પર રાવણની ભક્તિથી ખુશ થયેલો **ધરણેન્દ્ર** કહે છે - **'રાવણ !** તારી ભક્તિ બહુ અદ્‌ભુત ! એના બદલામાં ઈચ્છિત માંગી લે,' તો રાવણે માગ્યું નહીં ! એ નીકળ્યો હતો દિગ્વિજય કરવા, મોટા વિદ્યાધર રાજાઓને વશ કરવા; પરંતુ ભક્તિના બદલામાં રાજાઓને હરાવવા-નમાવવાની અનુકૂળતા ન માગી. રાવણ વિચારે છે- 'પ્રભુભક્તિના બદલામાં અનંત સુખમય મોક્ષ મળે, એના બદલે સાંસારિક તુચ્છ વસ્તુ શાની મંગાય ? કોહિનૂર હીરાના બદલામાં કુરમુરા (મમરા) ન મંગાય, માગે તો એ માણસ નહિ, પણ ગધેડો ગણાય. ગધેડો જ પકવાન્ન મૂકી ઊકરડાની ભૂસી ખાવા ઈચ્છે.

**હવે બીજી રીતે અર્થ વિચારીએ -**

**"જાણું જન્મ કયત્થ - જો હું તુમ સાથે મિલ્યો"**

આપની સાથે ભળ્યો એટલે હું કૃતાર્થ થયો. મારા બધા પ્રયોજનો સરી ગયા ! મારો માનવજન્મ સફળ થઇ ગયો ! પ્રભુ ! આપની સાથે ભળ્યો એટલે આપની શુદ્ધ આત્મચેતના સાથે ભળ્યો. તેથી મારો જન્મ કૃતાર્થ થયો માનું છું. 'કૃતાર્થ' એટલે માનવજન્મના પ્રયોજન સિદ્ધ થયા.

**પ્રશ્ન** : માનવજન્મનાં પ્રયોજન શું છે ?

**ઉત્તર : (૧) માનવજન્મનું મુખ્ય પ્રયોજન જન્મ-મરણની પરંપરાનો અંત લાવવો એ છે.** 'યોગદૃષ્ટિ સમુચ્ચય' શાસ્ત્રમાં લખ્યું છે કે-

**'भव एव महाव्याधिः जन्म-मृत्यु-विकारवान्'**

આ સંસાર એ જ મોટો રાજરોગ (T.B.) છે. જેને આશ્રીને જન્મ-મૃત્યુ-જરા આદિ બીજા COMPLICATIONS વિકારો-વિવિધ રોગો જીવને વળગેલા રહે છે. અરિહંતે જન્મ મરણના રોગનો અંત આણ્યો છે, તો તેમની સાથે ભળવાથી મારા પણ એ રોગ ટાળવાનું પ્રયોજન અવશ્ય સિદ્ધ થશે. જેમ શેરડી રસના મોટા તાવડામાં કરિયાતાના પાણીનો વાટકો ભળ્યો, તો કડવું પણ એ પાણી મીઠું બની જાય છે, તેમ જન્મ મરણ વિનાના પ્રભુ સાથે ભળીને હું પણ જન્મ મરણ વિનાનો બનીશ.

**(૨) માનવજીવનનું બીજું પ્રયોજન છે-** રાગ-દ્વેષનો નાશ કરવો તે. વીતરાગ સાથે ભળી જવાથી આ પ્રયોજન સરે છે. કેમકે પ્રભુ રાગ-દ્વેષરહિત છે, તો હું પણ વીતરાગ પ્રભુ સાથે ભળીને રાગદ્વેષ વિનાનો થઈશ.

**(૩) ત્રીજું પ્રયોજન** શુદ્ધ જ્ઞાન પામવું તે. આ પ્રયોજન પણ અનંતજ્ઞાની પ્રભુ સાથે ભળવાથી સિદ્ધ થશે.

**પ્રશ્ન** : પ્રભુ સાથે ભળવામાં શું કરવું પડે ?

**ઉત્તર** : જેમ પહેલાં કહ્યું તેમ, નવી સુશીલ પત્ની પતિ સાથે ભળી જઇ પતિની ઇચ્છાને પોતાની ઇચ્છા બનાવે, પતિની દૃષ્ટિને પોતાની દૃષ્ટિ કરે, પતિની અનુકૂળતાને પોતાની અનુકૂળતા માને, પતિના મતને પોતાનો મત બતાવે,.... યાવત્ પોતાનું સર્વસ્વ પતિને માને, તેમ અરિહંત સાથે ભળવા માટે આપણી પોતાની આગવી કોઇ દૃષ્ટિ નહિ, પણ અરિહંતની દૃષ્ટિ તે આપણી દૃષ્ટિ બનાવવી પડે; ને અરિહંતના મતને આપણો મત કરવો પડે. જો આ કરીએ તો પરમાર્થથી અરિહંતમાં ભળ્યા કહેવાઈએ અને આપણો જન્મ 'કૃતાર્થ' થયો, સાર્થક થયો ગણાય.

એમાં ય, આપણને ભગવાન મળે એમાં એટલી વડાઇ નહિ, જેટલી વડાઇ

આપણે ભગવાનને મળીએ. બીજા શબ્દોમાં કહીએ તો

**આપણે ભગવાનમાં ભળી જઇએ એના કરતા પણ જો આપણી જાતમાં ભગવાનને ભેળવી દઇએ તો આપણે ખરેખરા કૃતાર્થ ને કૃતકૃત્ય થઇ ગયા.**

**એ ભગવાનને આપણા આત્મામાં ભેળવવા માટે**

**(૧) આપણે મન પર ભગવાન જેવા મોટા માણસની ઓથ માનવી જોઇએ. અર્થાત્ મારે મોટા વીતરાગ ભગવાનની ઓથ છે, મારે શી ચિંતા છે ?**

**વીતરાગ ભગવાનની આપણને ઓથ છે એ માનવાથી આપણામાં પાવર આવી જાય, આવી જ જવો જોઇએ.**

**(૨)** અરિહંત સાથે ભળવા માટે આપણે લાયકાત લાવવી જોઇએ,

**(૩)** કેઇ ગુણો લાવવા પડે.

નહિતર એમ જ થોડું જ અરિહંત સાથે ભળાય છે ?

**પ્રશ્ન :** અરિહંત સાથે ભળવાની ઓછામાં ઓછી (MINIMUM) લાયકાત શું ?

**ઉત્તર :** અપુર્નબંધક અવસ્થાના ત્રણ ગુણો લાવવા એ મિનિમમ લાયકાત. તે ગુણો આ, કે શાસ્ત્ર કહે છે 'અપુનર્બંધક' જીવ

(૧) તીવ્રભાવે પાપ ન કરે;

(૨) સંસારને પર માને- બહુમાન ન ધરાવે; અને

(૩) સર્વત્ર ઔચિત્ય સાચવે.

**અરિહંત સાથે આપણે ભળ્યા એટલે આપણી દુનિયા બદલાઇ ગઇ હોય.**

પહેલાં દેહ-દ્રવ્ય-કુટુંબ એ આપણી દુનિયા હતી, તો હવે આપણે જિન-જિનાગમ (મત) અને જિનના ચતુર્વિધ સંઘને આપણી દુનિયા માનવાની. કહ્યું પણ છે કે-

**देहे द्रव्ये कुटुंबे च सर्व संसारिणां मतिः ।**
**जिने जिनमते संघे पुनर्मोक्षाभिलाषिणाम् ॥**

**ભગવાન મળ્યા, ભગવાનનું શાસન પામ્યા, એટલે દૃષ્ટિ બદલાઇ જાય. નહિતર આપણે પેલી ભીલડી જેવા.**

**ભીલડીને** રાજાએ રાણી બનાવી. છતાં તેની દૃષ્ટિ કેવીક ? ચાર દિવસ પછી રાજાએ પૂછ્યું-

"કેમ ગુલાબજાંબૂ-પેંડા-બરફી કેવા લાગ્યા ?"

આ કહે "કશું નહિ, ખાટાં ખાટાં બોર વિના લુખ્ખું."

વળી રાજા પૂછે, "પણ આ રેશમી જરિયાન સાડી-પોલકાં કેવાં ?"

ભીલડી કહે, "પેલા ઝાડની છાલના બદનિયા વિના કશી કિંમતના નહિ,"

એમ, હીરા-માણેકના હાર અને બંગડિઓ માટે પૂછ્યું, તો કહે કે-

'પેલા વેલડીના રેસાના બલૈયાં વિના એમાં કશો માલ નહિ.'' એમ આપણે પ્રભુ સાથે ભળ્યા છતાં જો જિનભક્તિ-વ્રત-નિયમ-બ્રહ્મચર્ય-સામાયિક-સ્વાધ્યાય વગેરેને મેવા-પકવાન્ન અને રેશમી કપડાં-દાગીના-પૈસાટકા આગળ માલ વિનાના સમજીએ તો આપણે ભીલડી જેવા નહિ ? આ ક્યાં સુધી ? કહો, ભગવાન એ શી ચીજ છે એનું અજ્ઞાન છે ત્યાં સુધી.

**આપણને ભગવાન નથી મળ્યા; કે મળ્યા છે તો આપણે ભગવાનમાં ભળ્યા નથી ત્યાં સુધી જ દુઃખ દુઃખરૂપ લાગે છે.**

પણ ભગવાન મળ્યા, ને એમનામાં આપણે ભળ્યા, તો પછી દુઃખ દુઃખ નથી લાગતા. જેમ સળગતી અંગારા-ભરેલી સગડી સોમિલ સસરાના હાથે **ગજસુકુમારના** માથે મૂકાઇ, છતાં તે મહાત્મા સસરાને મોક્ષની પાઘડી બંધાવનારા ઉપકારી તરીકે જુએ છે ! માથું બળ્યાનું દુઃખ એમને દુઃખ નથી લાગતું ! આશ્ચર્ય નથી આ ! પણ આમાં નવાઇ ન માનશો, કેમકે આપણને આપણા મનની કિંમત નથી એવા આપણે બોઘડ છીએ, નહિતર

**મન આપણને ઉચ્ચ કોટિનું મળ્યું છે, ધાર્યા વિચાર કરી શકીએ છીએ,**

માત્ર શાણપણ જોઇએ કે **'મનથી કચરાપટ્ટી વિચારોના ભૂસા કૂટવાને બદલે મનથી ઉત્તમ ઉમદા વિચારોના પકવાન્ન જમતા રહેવું છે.** પ્રભુને આપણા આત્મામાં ભેળવી, એમણે ભયંકર ઉપસર્ગમાં પણ મનને જરા ય દુઃખ ન લગાડ્યું, બલ્કે 'આ નિમિત્તે ભૂંડા કર્મોનો નિકાલ થઇ રહ્યો છે,' એની દિવાળી માની !

ઘરમાં ભરાયેલા ભૂંડા માણસ રવાના થાય ત્યારે આનંદ થાય છે ને ?

**વિશ્વાસઘાતી** ભાગીદારની ભાગીદારીમાં સારો વેપારી કર્મ સંજોગે બંધાઇ ગયો હોય, અને જો એ ભાગીદાર સહેજે સહેજે છૂટો થઇ જતો હોય, તો વેપારી દિવાળી માને છે- નિરાંત અનુભવે છે ને ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"** **વર્ષ-૩૪,અંક-૪૪,તા.૨૬-૭-૧૯૮૬**

ગજસુકુમારે માથે સગડીમાં ગોઝારા કર્મને આમ સહેજે છૂટા થઇ જતા દેખ્યા, તેથી 'કર્મ ખપાવાનો અવસર આવો ફરી નહિ મળશે પ્રાણી રે' માન્યું; તેથી મનને જરાય દુઃખ ન લગાડ્યું. આ શેના આલંબને ? નેમનાથ ભગવાનને અંતરમાં ભેળવ્યા હતા, અંતરમાં એ પ્રભુના વીતરાગ-પરમાત્મ સ્વરૂપ સાથે એકરસ થવા લાગ્યા હતા; એ માટે અંતરમાં પ્રભુની વાણી ગુંજતી હતી કે,

## "શ્રી જૈન ધર્મ વિના સાર નથી શેમાં રે"

'આવા ભયંકર ઉપસર્ગ આનંદથી વધાવી લઇ ખૂબ સમતાભાવે સહન કરી લેવા' એ જૈન ધર્મ છે, એમાં જ સાર છે. એના બદલે મનને દુઃખ લગાડવામાં કશો સાર નથી, કિન્તુ માથે ભારે કર્મોનો મેરુ-ભાર ચડે છે. આવા અંતરમાં ભેળવેલા પ્રભુનાં વચનોના ગુંજારવના આલંબને મહામુનિએ માથે ધગમગતા અંગારાને સમભાવે સહન કરીને કર્મોના ભુક્કા બોલાવી દીધા ! શુભધ્યાનમાં કેવળજ્ઞાન પામી એ મોક્ષે સિધાવી ગયા ! જનમ કૃતાર્થ થઇ ગયો ! કેવી રીતે ? પ્રભુ સાથે મળી જવાથી, માટે કવિ કહે છે,-

"જાણું જન્મ કયત્થ (કૃતાર્થ) જો હું તુમ સાથે મળ્યોજી"

હવે આવા પ્રભુ સાથે મળવાનું થયું એ કેવું સુંદર થયું ? તો કહે છે,

"સુરમણિ પામ્યો હત્થ આંગણે હો પ્રભુ, આંગણે મુજ સુરતરુ ફળ્યોજી"

અર્થાત્ પ્રભુ મળ્યા એ જાણે સુરમણિ-ચિંતામણિ હાથમાં આવ્યું અને મારા આંગણામાં સુરતરુ-કલ્પવૃક્ષ ઊગીને ફળી ગયો.

**ચિંતામણિ ચિંતવ્યું આપે, કલ્પવૃક્ષ માગ્યું આપે,**

ભગવાનના શાસનના પ્રતાપે સમજાઇ ગયું કે આ લાખેણા માનવ જનમનું પ્રયોજન લખલૂટ કર્મક્ષય અને મોક્ષ છે, એ કેમ થાય એની ચિંતવના હતી ને એની માગણી હતી, તે ચિંતવેલું અને માગેલાં પ્રયોજન પ્રભુના મળવાથી સરી ગયા, પ્રભુ પાસે ચિંતવ્યા અને માગ્યાથી મળી ગયા. એક પ્રશ્ન ઊઠે છે-

**મોટા દુઃખમાં સમતાની ચાવી ?**

**પ્રશ્ન :** ગજસુકુમારને માથે બળવાનું આવ્યું એવા ભયંકર દુઃખ વખતે કર્મક્ષયનો આનંદ અને સમતાભાવ ક્યાંથી રહે ?

**ઉત્તર :** આ પ્રશ્ન એટલા માટે ઊઠે છે કે જીવનમાં દુઃખ-કષ્ટને દુઃખકષ્ટરૂપ જ માની એનાં રોદણાં જ કર્યાં છે. પરંતુ ખરી રીતે જો જીવન પહેલેથી જ એવું જીવતા રહીએ કે નાના નાના કષ્ટ-આફતના વખતે એને દુઃખરૂપ-કષ્ટરૂપ ન માનતા, એના બદલે કર્મક્ષય યાને કર્મનો નિકાલ થઇ રહ્યાનો આનંદ અને સમતાભાવ રાખ્યા કરીએ, તો એના બહુ અભ્યાસ પર અવસરે મોટા દુઃખમાં પણ કર્મક્ષય થઇ રહ્યાનો આનંદ અને સમતાભાવ રહે અભ્યાસથી શું સાધ્ય નથી ?

'પ્રભુ મળ્યા એટલે ચિંતામણિ અને કલ્પવૃક્ષ મળ્યા' એને એ રીતે પણ વિચારી શકાય કે

**પ્રભુને પામીને આ ઉત્તમ જીવનમાં શુભ ભાવો, શુભ અધ્યવસાયો બહુ કમાવાની જરૂર છે.**

અનંતા જન્મારા મલિન ભાવો, મલિન વિચારો ને મલિન અધ્યવસાયોમાં બરબાદ કર્યા છે; કેમકે એવા એવા ધર્મસામગ્રીહીન એ જનમ મળેલા. આજે પણ દુનિયામાં દેખાય છે ને ? કે દેવ-ગુરુ આદિ ધર્મસામગ્રી વિનાના અનાર્યો મ્લેચ્છો અને મિથ્યાત્વી મનુષ્યો અને તિર્યંચો પણ કેવા કેવા મલિન ભાવો, મલિન વિચારો, ને મલિન અધ્યવસાયોથી ભરચક જીવન જીવી રહ્યા છે ! તો આપણે પણ એવા પૂર્વભવો પામીને શું કર્યું હોય ? એ જ, હવે અહીં જિનશાસન મળ્યું, પ્રભુ મળ્યા, એટલે ક્ષમાદિના ભરચક શુભ ભાવો, ધાર્મિક શુભ અધ્યવસાયો, તથા દયાના, દાનના-શીલના, મૈત્રી આદિ ભાવોના, ને વિષયત્યાગના... વગેરે વગેરેના ભરચક વિચારો કરવાની સગવડ થઇ છે. એવા ઉત્તમ અધ્યવસાય (વિચાર) ધાર્યા કર્યે જાઓ, કોઇ રોકનાર નથી. આ બધું ધાર્યું થાય એ અરિહંત પ્રભુ મળ્યાના જ પ્રતાપે; માટે પ્રભુ મળ્યા એ અપૂર્વ ચિંતામણિ તે અપૂર્વ કલ્પવૃક્ષ મળ્યા !

**જાગ્યાં હો પ્રભુ ! જાગ્યાં પુણ્ય અંકુર,**
**માગ્યા હો પ્રભુ ! મુંહ માગ્યા પાસા ઢળ્યા જી;**
**વુઠચા હો પ્રભુ ! વુઠ્યા અમીરસ મેહ,**
**નાઠા હો પ્રભુ ! નાઠા અશુભ, શુભદિન વળ્યા જી...૩**

**ભાવાર્થ :-** હે પ્રભુ ! (જો હું તમારા સાથે મળી ગયો, તો એમાં તો)(૧) મારે ઊગવામાં પુણ્યના જ અંકુર ઊગી નીકળ્યા ! અને (૨) માગ્યું ફળવામાં મોં-માગ્યા પાસા પોબાર પડી ગયા ! (૩) વરસવામાં તો મારે અમીરસના મેહુલા વરસ્યા ! અને (૪) નાસવા-ભાગવામાં અશુભ દિવસો મારે ક્યાંય નાસી-ભાગી ગયા ! અને શુભ દિવસો પાછા વળી ગયા !

**વિવેચન :-** કવિએ અહીં આ સ્તવનની શરૂઆત જિનમૂર્તિ અને જિનાગમની પ્રાપ્તિમાં જે મનમોહક કલ્પવૃક્ષની વેલડી અને રસદાર શેલડીના અનહદ આનંદથી વ્યક્ત કરી છે, એના પર બીજી ગાથામાં જે જિનમૂર્તિ અને જિનવાણી દ્વારા પ્રભુ સાથે મળવાનું થાય એનાથી જનમની કૃતાર્થતા-સફળતા વ્યક્ત કરી, જાણે ચિંતામણિ-કલ્પવૃક્ષ મળી ગયાનો ભાવ વ્યક્ત કર્યો.

હવે આગળ કવિ ગાય છે કે આજ સુધી અરિહંત પ્રભુ નહોતા મળ્યા એટલે તો દુઃખના જ દહાડા પસાર થતા હતા. કેમકે સંસારી જીવન પ્રભુ વિના કેવળ પાપપ્રપંચો અને પાગલ-મોહ-વિલાસોમાં જ પસાર થતું હતું. આત્મક્ષેત્રમાં જ્યાં માનસિક-કાયિક-વાચિક ભરચક પાપપ્રવૃત્તિઓથી કેવળ પાપના જ બીજનાં વાવેતર કર્યે જવાનું હોય ત્યાં માત્ર પાપના જ અંકુરા ફૂટે એમાં નવાઇ નથી. પરંતુ હવે

પ્રભુ મળ્યા એટલે પ્રભુદર્શન-ભક્તિ આદિ ધર્મપ્રવૃત્તિઓ શરૂ થઇ. તેથી પુણ્યના બીજ વવાયાં; ને તેથી પુણ્યના 'અંકુર' પ્રગટી ઊઠ્યા ! એટલે કે શુભ વિચારો-શુભ ભાવો સ્ફુરવા માંડ્યા.

ઘરમાં એવી લક્ષણવંતી પુત્રવધૂ આવે છે તો ઘરમાં પુણ્યનો ઉદય થાય છે. એ દેખાય છે. તેમ લક્ષણવાળો પુત્ર જન્મતાં પણ આનંદ સુખ ફેલાતું દેખાય છે. જેમકે **વર્ધમાન** મહાવીરસ્વામી ત્રિશલા માતાની કુક્ષીમાં આવ્યા કે સિદ્ધારથ રાજાના ઘરમાં પુણ્યના અંકુરા પ્રગટ્યા ! ધન-ધાન્યાદિથી એ વૃદ્ધિ પામતા ગયા. **ધનાજી** ઘરમાં રહે તો ધનના ઢગલા થતા ! ધનાજી જ્યાં મોટાભાઇઓના કકળાટથી ઘર છોડી જતા, ત્યાં પાછળથી લક્ષ્મી પલાયન થઇ જતી. વળી પાછા ધનાજી ભેગા થાય એટલે કુટુંબના પુણ્યના અંકુર જાગી જતા ! એમ અહીં કવિ કહે છે, 'મને પ્રભુજી મળ્યા એટલે મારે પુણ્યના અંકુર જાગી પડ્યા છે. એમ,

**'મુંહ માગ્યા પાસા ઢળ્યા જી'**

આપ અરિહંત મને મળ્યા તેથી પાસો નાખી રમવાની બાજીમાં મારે મોં-માગ્યા યાને ઇચ્છિત પાસા ઢળ્યા, મારી હારની બાજી જીતમાં પલટાઇ ગઇ ! આ સંસારમાં ઠેઠ એકેંદ્રિય-વનસ્પતિકાય-નિગોદમાંથી નીકળ્યા પછી એકેન્દ્રિય પૃથ્વીકાયાદિ, બેઇન્દ્રિય પોરા આદિ, તેઇન્દ્રિય કીડા આદિ, ચૌરેન્દ્રિય માખી આદિ, અને પંચેદ્રિય તિર્યંચ આદિના જનમ કર્યા, એમાં જ્યાં જીવનની બાજી જીત્યા તો ઊંચે ચડ્યા, અને બાજી હાર્યા તો નીચે ઊતર્યા !

**જીવન એક બાજી છે.**

**જીવનની બાજી જીતવાનું કાંઇક કૂણા શુભ પરિણામ થવા ઉપર થાય છે. અને હારવાનું ચિત્તના વધી જતા રાગાદિના સંક્લેશ પર થાય છે.**

આમ જીવનબાજીમાં હારજીત કરતાં કરતાં આપણે પંચેદ્રિય મનુષ્યપણું, જૈન ધર્મ, ને સમ્યગ્ દેવ-ગુરુ પામ્યા છીએ. એટલે આપણે કરોડોની બાજી અરિહંતના કારણે જીત્યા છીએ, વિજય પામ્યા છીએ. જો હવે આ બાજી સારી રીતે ખેલતાં નહિ આવડે તો બધું ઊલટું થઇ જશે. દેવ-ગુરુ-ધર્મ પામ્યા પછી કંચન-કામિનીની મૂર્ચ્છામાં પડ્યા, ને દેવ-ગુરુ-ધર્મની સેવાને ભૂલ્યા તો હાર કેટલી મોટી ? હાર કદાચ એવી થાય કે એકેન્દ્રિયપણામાંથી ચડી બેઇન્દ્રિયપણું, વળી એમાંથી પડી પાછું એકેન્દ્રિયપણું, વળી એમાંથી ચડી બેઇન્દ્રિય, એમાંથી ચડી તેઇન્દ્રિયપણું, એમાંથી પડી પાછું એકેન્દ્રિયપણું, એમાંથી વળી કદાચ ચઉરિન્દ્રિયપણું, પાછા એમાંથી નીચે પડવાનું ને એકેન્દ્રિયપણું વળી એમાંથી ચડતાં ચડતાં પંચેન્દ્રિયપણું... એમ ઠેઠ મનુષ્યપણે આવતાં કદાચ યુગના યુગ વીત્યા હશે પરંતુ ત્યાં મનુષ્યપણે તીવ્ર

મૂર્ચ્છાના કારણે બધુ ખોઈ હારીને પંચેન્દ્રિય મનુષ્યપણામાંથી કાં સીધું એકેન્દ્રિયપણું આવીને ઊભું રહે ! કરોડોની બાજી હારીને બેલેન્સમાં મીંડું નીપજાવવાનું થાય ! પણ આ ભય કોને ? જેને અરિહંત મળ્યા નથી, અને એકલા રંગરાગ તથા ધરખમ હિંસા પરિગ્રહાદિ પાપોમાં જ રાચવું છે એને.

કવિ કહે છે - 'મને તો અરિહંત મળ્યા છે એટલે હવે 'મુંહ-માગ્યા પાસા ઢળ્યા જી' મનમાની જીત મેળવવા હારની બાજી જીતમાં પરિણમી. એકેન્દ્રિયપણામાંથી અકામનિર્જરાથી ઊંચે ચડી ચડી પાપરંગથી જીવનબાજી હારી હારીને નીચે પડતો હતો, તે હવે અહીં અરિહંતદેવના પ્રભાવે અરિહંત મૂર્તિ અને અરિહંત-વાણીના સહારે, જીવનબાજી જીતી જવાની તક મળી; સુંદર સુંદર આરાધનાઓ થવા માંડી છે, તેથી હું જીવનબાજી જીતી જવાનો.

## 'વુઠ્યા અમીરસ મેહ'

**અમૃતરસના મેઘ વરસ્યા :** અમૃતરસની વૃષ્ટિ થાય તો રસમય મીઠાં પાણી મળે, અને વિપુલ ધાન્ય પાકે ! અમૃતના રસથી જીવસૃષ્ટિ સચેતન બની જાય ! તેમ હું અરિહંત સાથે ભળ્યો એટલે અરિહંતના અમૃત રસ જેવા અનંત પ્રભાવ અને અનંત જ્ઞાનદર્શન ચારિત્રાદિથી હું સચેતન બની ગયો. મારી મોહમય અશુદ્ધ ચેતના મટીને શુદ્ધ ચેતના વિકસવા માંડી ! અરિહંત સામે આવ્યા એટલે મિથ્યાત્વ બિચારું મરવા પડ્યું ! પાપવૃત્તિઓ ઓસરતી ચાલી, ધાર્મિક વૃત્તિઓ ઉલસતી ચાલી ! પાપપ્રવૃત્તિઓ, ધર્મકરણી, ધાર્મિક આચારો અમલમાં આવતા જાય ! દુર્ગુણો ભાગવા માંડે, સદ્‌ગુણો પ્રગટતા જાય !

**આ બધો સારો પાક અરિહંત મળવા રૂપી અમૃતમેઘ વરસવાથી થાય છે.**

**મહારાજા કુમારપાળનાં જીવનમાં** દેખાય છે કે જ્યાં સુધી કલિકાલ સર્વજ્ઞ ગુરુ હેમચંદ્રાચાર્ય દ્વારા અરિહંતની પ્રાપ્તિ નહોતી થઈ, ત્યાં સુધી એમનું જીવન રેઢિયાળ હતું. આમ એ ત્રિભુવનપાલ ઠાકોરના દીકરા, એટલે માંસાહારી પણ ખરા.... એ વખતે ગુજરાતનો રાજા સિદ્ધરાજ જયસિંહ હતો, એને ભવિષ્યવેત્તાએ ભાખેલું કે 'તમારી ગાદીએ કુમારપાળ રાજા બનશે.' તે સિદ્ધરાજના મનને કઠ્યું, 'હેં ? મારો વારસદાર એક નાના ઠાકરડાનો દીકરો ? ઉડાવી નાખું એને.' એમ વિચારી કુમારપાળને મારી નાખવા મારા છોડેલા ! એના ભયથી કુમારપાળને ઠામ ઠામ ભટકતા રહેવું પડેલું. એવા રખડું જીવનમાં ધર્મપ્રવૃત્તિ શાની ? તો એવી પવિત્ર વૃત્તિઓ અને વિચારો પણ શાના ? પરંતુ પોતાની ૫૫ વરસની ઉંમરે કુમારપાળ, સિદ્ધરાજના મૃત્યુ પર, રાજ્યગાદીએ આવ્યા. પછી એની પૂર્વની સ્થિતિ જોઈ સમ્રાટ સિદ્ધરાજના સામંત રાજાઓ શાના એની આજ્ઞા માને ? તે બળવાખોર

થઇ ગયા. એ બધાને વશ કરવામાં કુમારપાળ રાજાને ૧૫ વરસ લાગ્યા ! ત્યારે સિદ્ધરાજના રાજ્ય કરતાં પણ એનો રાજ્ય-વિસ્તાર મોટો થઇ એ અઢાર દેશના સમ્રાટ રાજા થયા ! ત્યાં સુધીમાં લગભગ ૭૦ વરસની ઊંમર થયેલ.

**કુમારપાલ સમ્રાટની ધર્મ-આરાધના :**

હવે ગુરુ પાસેથી વ્યવસ્થિત જૈનધર્મ શ્રાવકધર્મ મળ્યો, અને અરિહંતદેવને ઓળખ્યા ! ઓળખ્યા તે કેવા ? કે અરિહંતના પરમ ભક્ત બની ગયા. ગુરુએ જ એમને **'પરમ આર્હત્'** તરીકે બિરદાવ્યા ! અહીં અરિહંત મળ્યા, એ જાણે એવો અમૃતરસનો વરસાદ વરસ્યો કે જીવનની વૃત્તિઓ-પ્રવૃત્તિઓ બધું બદલાઇ ગયું ! ૭૦ વરસની ઉંમરે મોટા રાજા છતાં સમ્યક્ત્વ સહિત બાર વ્રતધારી મહાન શ્રાવક બની ગયા !

**એમાંય દર ચોમાસે-** ચારે માસ બ્રહ્મચર્ય ! નિત્ય એકાસણા ! અને એમાં લીલોતરી સદંતર ત્યાગ, તથા ૫ વિગઇ ત્યાગ ! ત્રિકાળ જિનભક્તિ ! ચોમાસાભરમાં રાજધાની પાટણની બહાર જવાનું નહિ ! આ બધું આખા ચોમાસા માટે પાળવાનું ! આ હિસાબે શેષ આઠ માસનું ય જીવન કેટલું ઊંચુ હશે !

**સુકૃતો કેવા ?** એમાં ઠામ ઠામ જિનમંદિર-નિર્માણ ! પૌષધશાળા-નિર્માણ ! જ્ઞાનભંડારોના નિર્માણ ! યાત્રાસંઘ, જિનભક્તિ ઉત્સવો,.... વગેરે તો કેટલું ય !

**અહિંસા ૧૮ દેશમાં -** એમાં વળી ભલે લાખો કે ક્રોડો રૂપિયાના ખર્ચ લાગ્યા હશે, પણ ૧૮ દેશમાંથી જીવ-હિંસાને રવાના કરી દીધી ! કસાઇઓ, પારધિઓ, માછીમારો, વગેરેના ધંધા બંધ કરાવી એમને બીજી બીજી આજીવિકા આપી દીધી !

**ત્યારે જીવનમાં ક્યારેક ધર્મપરાક્રમ કેવા ?** નવરાત્રિમાં બોકડાનો ભોગ નહિ આપવામાં કંટકેશ્વરી દેવીનો ત્રિશૂળપ્રહાર, આખા શરીરે કોઢ અને તીવ્ર પીડા વધાવી લીધી !... યાવત્ એજ રાતમાં ચિતામાં પડી બળીને ખાખ થવાની તૈયારી રાખી ! જેથી લોકને અધર્મપ્રભાવ જોવા ન મળે. એ તો બધું ગુરુએ પછી નિવાર્યું. પરંતુ કુમારપાળનું પોતાનું પરાક્રમ કેટલું બધું ! એકવાર સામાયિક કે પૌષધમાં શરીર પર મંકોડો ચોંટ્યો, તે ઊખડતો નથી, તો એની રક્ષા માટે પોતાની જ એટલી ચામડી ઊખેડી એ ચામડી સહિત મંકોડાને બાજુએ મુકાવી એને અભયદાન દઇ દીધું !

૩।। ક્રોડ શ્લોક પ્રમાણ શાસ્ત્રોના રચયિતા ગુરુ હેમચંદ્રસૂરિજી મહારાજને એ લખાવવામાં તાડપત્રો ખૂટી ગયા, તો કુમારપાળ અભિગ્રહ કરી બેઠા કે તાડપત્ર ન આવે ત્યાંસુધી આહાર પાણી બંધ !

એવો જ અભિગ્રહ એક વખતે પ્રભુને છએ ઋતુનાં ફૂલ ચડાવવાનું મન થયું ત્યારે 'એ ફૂલ ન મળે ત્યાં સુધી ચારે આહારનો ત્યાગ કરેલો !

**એમની ક્ષમા કેવી કે** એમને રાજ્યગાદી મળવામાં સહાયક બનેલ એમના બનેવી રાજા અર્ણોરાજે સાધુની મશ્કરી કરી, તો એની સાથેના યુદ્ધમાં કુમારપાળના લશ્કર-અમલદારોને અર્ણોરાજે ફોડી નાખી એમને જીતી લેવા ધાર્યું. પરંતુ કુમારપાળ યુદ્ધભૂમિ પર જ એકાએક એકલે પંડે અણધાર્યો પોતાનો હાથી કૂદાવી સીધા અર્ણોરાજના હાથી પરની અંબાડીમાં કૂદી, એની છાતી પર બેસી તલવારે મારવા લીધો ! પેલો નમી પડ્યો, માફી માગી, તો ક્ષમાના દરિયા કુમારપાળે એને ય ક્ષમા આપી ! અને પોતાના લશ્કરી અમલદારોને ય ક્ષમા આપી દીધી !

પરમ આર્હત્ સમ્રાટ મહારાજા કુમારપાળનાં સુકૃતો-સાધનાઓ-સદ્ગુણો યાદ કરીએ એટલા ઓછા છે ! ત્યારે એ ગણધરપણાનું પુણ્ય ઉપાર્જી દેવલોકમાં ગયા છે ! આ બધા અદ્ભુત સુકૃતો શાના પર ? કહો, અરિહંત મળવા પર **'વુઠ્યા અમીરસ મેહ' !** અરિહંત પ્રાપ્તિ-મિલનરૂપી અમૃતમેઘ એવા વરસ્યા કે એમાંથી આવો આવો પાક સરજાયો.

**અજોડ જૈન પૂર્વપુરુષો :**

અરિહંતને પામ્યા પછી અદ્ભુત અપૂર્વ ગુણસુકૃતભર્યું જીવન બનાવનાર આવા કેઇ પૂર્વ પુરુષોનાં જે જીવન જોવા મળે છે, ત્યારે મનને એમ થાય કે આપણાં કેવાં અહોભાગ્ય કે દુનિયાના કોઇ ધર્મમાં કે કોઇ ઇતિહાસમાં ન મળે એવા અદ્ભુત પરાક્રમી જૈન પૂર્વપુરુષો આપણને મળ્યા છે ! આવા પરમાર્હત્ મહારાજા કુમારપાળનો જોટો ક્યાં મળે ?

એમ શાલિભદ્ર, સ્થૂલભદ્ર, ભરતચક્રી, બાહુબલજી, અર્ણિકાપુત્ર આચાર્ય વગેરે મહાપુરુષો, તથા મહાસતીઓ, સીતાજી, ચંદનબાળા, સુભદ્રા, મદનરેખા... વગેરે વગેરેના નમૂના બીજે ક્યાં મળે ? એમનાં જીવનની સાધનાઓ સુકૃતોના નમૂના બીજે ક્યાં મળે ?

આ બધો શાનો પ્રતાપ ? અરિહંત-પ્રાપ્તિરૂપી અમૃતના મેહુલા વરસવાનો પ્રતાપ ! અમૃતનો વરસાદ એ સુખના અમૃતનો વરસાદ છે. એનાથી સામાન્ય બીજમાંથી પણ અઢળક પાક આવે તેમ પૂર્વપુરુષની અપેક્ષાએ આપણી સામાન્ય અને પાંગળી એવી પણ ધર્મ આરાધના ઊંચા ફળ આપનારી બને ! કારણ કે આપણને અરિહંત મળ્યા.

**અરિહંત મળ્યા એટલે આપણે અરિહંતમાં ભળ્યા, ને આપણામાં એમને ભેળવ્યા.**

એટલે અમૃતના મેઘ વરસ્યા ! કારણ કે વાતે વાતે અરિહંતને આગળ કરવાથી આ ભવની બધી કરણી શુભ થવાની; અંતે સમાધિ-મરણ મળવાનું; ને પરભવે દિવ્યસંપત્તિમાં પણ ત્યાગનાં સંભારણા થવાના અને વૈરાગ્યનો આનંદ ઊભો રહેવાનો ! જેમકે, શાલિભદ્રજીને ભગવાન મળ્યા તે અમૃતના મેઘ વરસ્યા !

**પ્રશ્ન :** વાતે વાતે અરિહંત આગળ કરાય તે શી રીતે ?

**ઉત્તર :** દા.ત. 'ઉપદેશપદ'માં કહ્યું છે કે-

**''कुज्जा वेयावडियं आणत्ति काउं निरासंसो ।''**

અર્થાત્ આચાર્યાદિના દેહને ઉપકાર થાય એવી ભક્તિ-વૈયાવચ્ચ કરે. જેમકે, 'આ દ્રવ્યથી તેમને શરદી આદિ નહીં થાય ને ? એમના દેહને સારી તુષ્ટિ પુષ્ટિ મળશે ને ?' એમ વિચારીને ભક્તિ-વૈયાવચ્ચ કરે; (પોતાના ગજા ઉપરાંત વૈયાવચ્ચની મહેનત કરે તો પોતે જ કદાચ બિમાર પડે !) સ્વ-પરના ઉપકાર અપકાર સમજીને આચાર્યાદિની વૈયાવચ્ચ કરે. તે પણ 'ભગવાનની આજ્ઞા છે માટે' કરે, અને નિરાશંસભાવથી કરે. **'આજ્ઞા છે માટે કરે'** એટલે કે જિનાજ્ઞા-જિનવચનને આગળ કરીને કરે. 'હું આ જિનાજ્ઞા છે માટે કરું છું' **એમ દરેક સાધના વખતે જિનાજ્ઞા યાદ કરવાથી સાધનાનું મૂલ્ય વધી જાય છે.**

**માટે જ આપણી સામાન્ય પણ સાધનામાં અરિહંતની આજ્ઞાને ને અરિહંતની કૃપાને આગળ કરી એટલે કે અરિહંતને આગળ કર્યા, તો અમીરસના મેહ વુઠ્યા !**

**''નાઠા હો પ્રભુ ! નાઠા અશુભ શુભ દિન વળ્યાજી.''**

અર્થાત્ અરિહંત પ્રભુ મળ્યા એટલે અશુભ દિવસો ભાગી ગયા. અરિહંત નહોતા મળ્યા, એમનામાં હું, ને મારામાં એ, નહોતા ભળ્યા ત્યાં સુધી મોહ માયા અને હિંસાદિ દુષ્કૃત્યોમાં દિવસો પસાર થતા, તે બધા અશુભ દિવસો હતા; કેમકે ભલે એમાં સંપત્તિ-રંગરાગ હતા, છતાં જીવનમાં અરિહંત વિના ચિત્તને સંતાપ-સંકલેશ-આર્તધ્યાનનો પાર નહિ ! ને પરભવ માટે પાપનાં પોટલાં બાંધવાનો હિસાબ નહિ ! જેના પરિણામે દીર્ઘકાળ દુર્ગતિનાં દુ:ખો આવે. એ લાવનાર મોહમાયાના દિવસો એ અશુભ જ દિવસો કહેવાય, દુ:ખના જ દહાડા ગણાય.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"** **વર્ષ-૩૪,અંક-૪૫,તા.૨-૮-૧૯૮૬**

પરંતુ હવે દુ:ખના દિવસો ગયા. અરિહંત સાથે આપણે ભળીએ કે અશુભ દિન દુ:ખના દહાડા જાય, ને સુકૃત-સાધના-સદ્‌ગુણોના શુભ દિવસો પ્રાપ્ત થાય; એટલે કે હવે નરક-તિર્યંચગતિ દૂર થઇ, સદ્‌ગતિ નજીક થઇ. **અરિહંતમાં ભળે તેને**

**દુર્ગતિ હોય નહીં, અવશ્ય સદ્ગતિ જ હોય, સદ્ગતિની પરંપરા ચાલે.** એ અશુભ દિન વળ્યા કહેવાય. પાણીના પૂર બીજી બાજુ વળી જાય એ પૂર વળ્યા કહેવાય, એટલે કે પાણીના પ્રવાહ એ તરફ ચાલ્યા કહેવાય. એમ 'શુભ દિન વળ્યા' એનો અર્થ એ કે અશુભ દિન મટીને શુભ દિનનો પ્રવાહ ચાલ્યો, 'શુભ દિનનો પ્રવાહ ચાલ્યો' એટલે કે અરિહંત વિના દિવસો અશુભ અધ્યવસાયોમાં ને અશુભ કરણીમાં પસાર થતા તે અશુભ દિવસ હતા. અરિહંતમાં ભળ્યા પછી, અશુભ અધ્યવસાયને જગ્યા જ ક્યાં છે ? એટલે શુભ અધ્યવસાયોમાં દિવસ પસાર થતા જાય, તે શુભ દિવસ વળ્યા ગણાય એ જ દિવસો સફળ.

**વીરે ઉપસર્ગમાં શું વિચાર્યું ? :-**

**સંગમે** ભયંકર જુલ્મ કર્યા, છતાં ભગવાને પોતાના અધ્યવસાય બગાડ્યા નહીં ! અતિ અતિ નિર્મળ રાખ્યા ! ભગવાને તો વિચાર્યું કે 'દેહે દુઃખં મહાફલમ્' "દેહને કષ્ટ મહાફળદાયી બને; કેમકે સહજ રીતે ઉદયમાં આવી જે કર્મ ભયંકર નરકાદિના વિપાક દેખાડવાના હતા, તે શુભ અધ્યવસાયમાં રહીને ખપી જાય છે ! આમ દેહને કષ્ટ એ મહાફળદાયી," એમ સમજી કષ્ટ સહર્ષ વધાવી લીધા.

**કષ્ટ સહર્ષ વધાવી લેવા માટે સત્ત્વ વિકસાવવું જોઇએ.**

**કષ્ટ ખુશીથી સહવામાં સત્ત્વ કેળવાય છે.** અને કષ્ટ વધાવી વધાવી સાત્ત્વિકતા વધાર્યે જવાનો દીર્ઘકાળ અભ્યાસ હોય એજ સમાધિ કેળવી શકે છે. નિઃસત્ત્વ માણસથી વાસ્તવમાં ધર્મ માલદાર ન થઇ શકે. તો પછી આગળ પણ નિઃસત્ત્વ જીવ ક્ષપકશ્રેણી શી રીતે માંડી શકે ? એ તો સત્ત્વશાળી જ માંડી શકે. અહીં 'સત્ત્વ' એટલે અપૂર્વકરણ. એ ૮માં ગુણઠાણે આવે, પણ ક્યારે ? પૂર્વે વર્ષો સુધી કે ભવો સુધી કષ્ટ વેઠી સત્ત્વ ખીલવતા ગયા હોય, અને ધર્મ સાધતા રહ્યા હોય ત્યારે.

**ચંદનબાળાનું સત્ત્વ વિચારો.** ચંદનબાળાને માથે મુંડન થયું, ભોંયરામાં પગમાં બેડી સાથે પૂરાવાનું થયું. વિચારો, એક વખતની રાજકુમારી ચંદનબાળાને મૂળા શેઠાણીએ આ કેવા દુઃખના દહાડા દેખાડ્યા? પણ મહાવીર ભગવાન ત્યાં વહોરવા પધાર્યા, તો માથા પર ફરીથી વાળ આવી ગયા ! પગની બેડીઓ ઝાંઝર થઇ ગઇ! ૧૨।। ક્રોડ સોનૈયાની વૃષ્ટિ થઇ !... યાવત્ ભગવાનની પ્રથમ શિષ્યા બનવાનું સૌભાગ્ય પામ્યા ! આ રીતે અરિહંત મળ્યાથી તેમના દુઃખના દહાડા ગયા, સુખના દહાડા આવ્યા.

**ભૂખ્યા હો પ્રભુ ! ભૂખ્યા મિલ્યા ઘૃતપૂર,**
**તરસ્યા હો પ્રભુ ! તરસ્યા દિવ્યઉદક મિલ્યાજી;**

**થાક્યા હો પ્રભુ ! થાક્યા મિલ્યા સુખપાલ,**

**ચાહતા હો પ્રભુ ! ચાહતા સજ્જન હેજે હળ્યાજી...૪**

**ભાવાર્થ :-** હે અરિહંત ! હું આપની સાથે ભળ્યો છું એ તો મને જાણે (૧) ભૂખ્યાને ઘેબર મળ્યા ! (૨) તરસ્યાને દિવ્ય પાણી મળ્યું (૩) થાકેલાને સુખપાલ (એટલે પાલખી) મળી અને (૪) જે સ્વજનને મળવાની આતુરતા હતી તે સ્વજન પ્રેમથી હળી ગયા !

**વિવેચન :** અરિહંત મળ્યા એટલે જાણે ભૂખ્યાને ઘેબર મળ્યા ! સમકિતના ૩ લિંગમાં બીજું લિંગ- સમકિતીને ચારિત્રની કેવી ભૂખ હોય ? એના માટે કહ્યું-

**"ભૂખ્યો અટવી ઊતર્યો રે જિમ દ્વિજ ઘેબર ચંગ"**

અર્થાત્ જંગલ ચાલીને પાર કર્યું હોય, અને હવે ભારે ભૂખ્યો થયો હોય એવા દ્વિજ (બ્રાહ્મણ)ને ગામના નાકે નોંતરું મળે, 'જાઓ, ગામની વચ્ચે ઘેબરનું જમણ છે. ત્યાં બેસી જજો જમવા;' તો એ વખતે એ થાક્યા અને ભૂખ્યા બ્રાહ્મણને ચંગ (સારાં ઘેબરની) ચાહના જેવી ઊભી થાય એવી ચાહના સમકિતીને ચારિત્રની હોય. પેલાને તલપાપડ થાય કે 'ક્યારે જાઉં ને ક્યારે ઘેબર ખાઉં !' એમ આને તલપાપડ થાય 'ક્યારે સંસારમાંથી નીકળું, ને ક્યારે ચારિત્ર લઉં !'

અહીં કવિ કહે છે જેમ બ્રાહ્મણભાઈને ઘેબર મળ્યાની ખુશખુશાલી, એમ અહીં અરિહંત મળ્યાનો આનંદ આનંદ હોય. **જામનગરના ગુલાબચંદભાઈને** મોત જેવા સમયે અરિહંત-નવકાર મળી ગયા, અને જીવી ગયા ! ત્યાં એમને અરિહંત અને નવકાર મળ્યા એટલે આવા ઘેબર મળ્યા જેવો આનંદ રહ્યો.

**નવકાર પર ગુલાબચંદભાઈનો વર્તમાન પ્રસંગ :**

વાત એમ બની કે એમને લગભગ ૩૫/૪૦ વરસની ઉંમરે કેન્સર જેવું થયું ને ગળું બંધ થતાં થતાં એક શનિવાર સાંજે સાવ બંધ થઈ ગયું એવું કે તૃષા અત્યંત અને પાણીનું એક ટીપું ઊતરે નહીં. ત્યારે ફેમિલી ડૉક્ટરને બતાવતાં એણે જોયું કે એમને કેન્સર વધી ગયો લાગે છે, ને રાતમાં જ મરશે માટે હું કાં અપજશ લઉં?' તેથી કહે છે 'આમાં તો મોટા ડૉ. ને બતાવવું પડશે. કાલે તો રવિવાર છે એટલે એની સોમવારની એપોઈંટમેન્ટ લઈ લઉં છું; સોમવારે આવજો, બતાવવા જઈશું.' કેન્સરનું કહ્યું નહિ. ગુલાબચંદભાઈ ઘરે આવ્યા, તૃષા એટલી બધી ! ને પાણીનું એક ટીપું પણ ગળા નીચે ઉતરતું નથી, મોતની પથારીએ સૂતા. લોકોને ખબર પડી કે ગુલાબચંદભાઈની આ પરિસ્થિતિ છે તેથી લાઈનબંધ મળવા ખબર પૂછવા આવે છે. પૂછે છે, 'તે હેં ગુલાબચંદભાઈ ! તમે સારા ડૉ. ને ન બતાવ્યું ? ને હેં ગુલાબચંદભાઈ ! આ કેટલા દિવસથી ચાલ્યું ? તેં હેં ગુલાબચંદભાઈ ! ગળે જરા

શેક કરાવો ને ? ગળે થૂલી બંધાવો ને ?'

ગુલાબચંદે જોયું કે 'હવે આ જાલિમ તરસમાં પાણી વિના હું જીવી શકવાનો નથી, ને આ ખબર પૂછવા આવનાર બધાને જવાબ આપવામાં મારે આરાધના વિના અંતકાળ બગડી જશે !' તેથી માતા અને પત્નીને કહે છે : "આ લોકોને જવાબો આપવામાં મારું મોત બગડી જશે. મુંબઇ ગયેલો ત્યારે **ગુરુ મહારાજ ભદ્રંકરવિજયજી મહારાજના** વ્યાખ્યાનમાં સાંભળેલું કે **'જેના પ્રાણ મૈત્રીભાવના અને નવકાર સાથે જાય, એની અવશ્ય સદ્ગતિ થાય'** તેથી હું અંદર બેસી, એ કરું છું. તમે બહાર રહી બધાને જવાબ દેજો."

**મૈત્રીભાવના-નવકારનો પ્રભાવ :**

એમ કહી ગુલાબચંદ પોતે અંદર બેસી, પહેલાં ઉચ્ચારણ કરીને મૈત્રીભાવના બોલે છે. 'સૌનુ ભલું થાઓ, સૌના પાપ નાશ પામો, સૌના રોગ-દુઃખ નાશ પામો, સૌનો મોક્ષ થાઓ'.... એમ ભાવના કરી પછી બોલીને ૨૦-૨૫ નવકાર વળી પાછી મૈત્રીભાવના, પછી નવકાર, એમ ૧-૧ા કલાક ચલાવ્યું. એમાં અંદરની ગાંઠ ફૂટી ! ખૂબ ઊલટી થઇ ! એમાં કાળું કાળું લોહી ! ભારે ઊલટીથી બેભાન થઇ ગયા. માતા અને પત્ની ઊલટીનો હડુડુડુ અવાજ સાંભળી ઝટ અંદર આવ્યા, ને બેભાન એમને બહાર લીધા.

માતાને લાગ્યું કે 'ગુલાબ ગયો !' તે મોટેથી નવકાર સંભળાવે છે. વચમાં વચમાં કહે છે 'ભાઇ ગુલાબ ! અરિહંત... નવકાર.'

ગુલાબચંદને કળ વળી, આંખ ખોલી, પાણી માગ્યું, આપ્યું, ગટગટ અડધો ગ્લાસ પાણી, અડધો ગ્લાસ દૂધ ચડાવી ગયા ! માતાને કહે 'કેટલા દિવસથી સરખી ઊંઘ નથી આવી, તે અત્યારે હવે ઊંઘી જાઉં છું. હવે મોતની શંકા ન કરીશ. હું મરવાનો નથી. માટે ઊંઘમાં વચમાં દખલ ન કરીશ કે મારો ગુલાબ જીવે છે ને ?' બસ, એ ઘસઘસાટ ઊંઘી ગયા; સવારે ઊઠ્યા, જોયું કે **'આબાદ જીવી ગયો. એ પ્રભાવ મૈત્રીભાવના, નવકાર, અને અરિહંતનો !'** તે ઊઠીને પાછું એ જ યાદ કર્યું; દેરાસર જઇ આવી નવકારશી પારી. માતા કહે : 'ભાઇ ગુલાબ ! જરા બદામનો શીરો કરી આપું ?' 'કરી આપ.' કર્યો, પીરસ્યો, **ગઇ સાંજે જ્યાં પાણીનું ટીપું નહોતું ઊતરતું ત્યાં આજે સવારે દૂધ અને શીરો પણ ગટગટ ઊતરી ગયો !** કારણ ? ગુલાબચંદ નવકાર અને અરિહંતમાં ભળી ગયા હતા.

સોમવારે ડૉ. પાસે ગયા, ડૉક્ટર ચકિત થઇ ગયો કે 'આ જીવતા શી રીતે રહી ગયા ?' પછી મોટા ડૉ. પાસે લઇ ગયા. નાના ડૉક્ટરે કેન્સરની વાત કરી. પણ મોટા ડૉક્ટરે ગળું તપાસ્યું તો કાંઇ નહિ, નાના ડૉ. પર એ ગુસ્સે થઇ ગયો.

ગુલાબચંદે કહ્યું 'નાના ડૉ. ની વાત સાચી છે. હું રાતના મરી જ ગયો હોત એવી તરસની પીડા હતી.'

**મોટો ડૉ. પૂછે : 'તો પછી તમે શી દવા લીધી ? આ કહે 'કશી જ નહિ, માત્ર ભગવાનનું નામ જપ્યું.'**

મોટો ડૉ. પણ ચકિત થઇ ગયો કે 'ભગવાનના નામ-રટણમાં આટલી બધી તાકાત ? કે કેન્સર મટાડી દે !'

પછી તો ગુલાબચંદને આ રોજિંદો કાર્યક્રમ બની ગયો. પરોઢિયે ૩-૩ા વાગે જાગી ગદ્‌ગદ સ્વરે મૈત્રી ભાવના અને નવકારનું રટણ કરે, પછી પ્રતિક્રમણ વગેરે દૈનિક ધર્મચર્યા. બોલો, આ રટણમાં એમને આનંદ કેવો ? કહો, સાક્ષાત્ પોતાના જ જીવનમાં ચમત્કાર જોયો, એટલે નવકાર-અરિહંતમાં એવા ભળી ગયેલા ને એવા હળી ગયેલા કે ભૂખ્યાને ઘેબર મળ્યા જેવો નવકાર-અરિહંતની રટણામાં આનંદ રહેતો. સ્તુતિકાર કહે છે,-

**'ध्यातस्त्वं यैः क्षणं वाऽपि, सिद्धिस्तेषां महोदया ॥**

એકાદ ક્ષણ પણ અરિહંતને ધ્યાવવાથી મહાન ઉદયવાળી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. પછી તો ગુલાબચંદભાઇએ કેટલાયને પોતાના અનુભવથી નવકાર અને મૈત્રીભાવમાં ભેળવ્યા. તેમ, ૧૫૦૦ તાપસોને કૈલાસનાથના દર્શનની ભૂખ હતી, તે ગૌતમ સ્વામીએ ભાંગી હતી; તો એમનો આનંદ કેવળજ્ઞાન સુધી પહોંચ્યો !

**તરસ્યાને દિવ્ય પાણી મળ્યા :**

તરસ્યાને સામાન્ય ઠંડા પાણીથી શાતા વળે, તરસ છીપાય, તો દિવ્ય જળ મળે એટલે તો કેવી ય ઠંડક મળે ! ને તૃષા કેવીય છીપાય ! તેનું પૂછવું જ શું ? તેમ અધ્યાત્મભાવની તૃષામાં અરિહંતને અંતરમાં ભેળવાય, તો અધ્યાત્મભાવની તરસ છીપાય. **અધ્યાત્મસારમાં કહ્યું છે કે-**

**गतमोहाधिकाराणाम् आत्मानमधिकृत्य या ।**

**प्रवर्तते क्रिया शुद्धा, तदध्यात्मं जगुर्जिनाः ॥ ( जगौ मुनिः )**

**'અધ્યાત્મ'ની વ્યાખ્યા :** અર્થાત્ જેના હૃદય પરથી મોહનો અધિકાર ઊઠી ગયો હોય, યાને મોહનું વર્ચસ્વ ઊતરી ગયું હોય, એવા આત્માની આત્માને ઉદ્દેશીને જે શુદ્ધ ક્રિયા પ્રવર્તે તેને અધ્યાત્મ કહેવાય. આમાં 'મોહનું વર્ચસ્વ' એટલે એ જે કાંઇ કરે-બોલે-વિચારે, તે મોહની દૃષ્ટિએ જ; એટલે કે પોતાની કાયાને, યા કુટુંબને, પૌદ્‌ગલિક લાભ-નુકસાન શો થાય એ અપેક્ષાએ જ જુએ. આના બદલે સ્વ-પરના આત્માની દૃષ્ટિએ લાભ નુકસાન શા થાય એ જુએ તો એના દિલ પરથી મોહનું વર્ચસ્વ ઊઠી ગયું અને જ્ઞાનીનું વર્ચસ્વ આવ્યું ગણાય; દિલ પર જ્ઞાનીનો

અધિકાર આવ્યો ગણાય.

આમ હવે અરિહંતમાં ભળ્યા એટલે આત્મા પર જ્ઞાનીનો અધિકાર આવ્યો, ને મોહનો અધિકાર ઊઠ્યો. પછી ત્યાં આત્માના હિત-અહિત નજર સન્મુખ રાખી આત્માને ઉદ્દેશીને જે પ્રવૃત્તિ થાય, એ અધ્યાત્મ કહેવાય. આવા અધ્યાત્મભાવની તૃષાવાળાને અરિહંત મળ્યા એટલે જાણે દિવ્ય ઉદક મળ્યા ! તૃષા છીપે.

**થાક્યાને પાલખી મળી :**

રસ્તાના ચાલવાના થાક, ને તાપ-તરસથી લાગેલા વધુ થાકવાળાને ચાલવામાં જો કોઇ પ્રવાસીની સોબત મળી જાય, તો ય આનંદ થઇ જાય છે; ત્યારે જો બેસવા પાલખી મળી જાય તો તો થાક ઊતરી જવાનું, અને આનંદ ઉછળવાનું પૂછવું જ શું ? તેમ ભવથી ત્રાસેલા, ને ભવના ફેરાથી હારેલા-થાકેલા-કંટાળેલા મને ભવ પાર કરનાર અરિહંત મળ્યા, મારો થાક ઊતરી ગયો ! મારા ભવના ફેરા ટળ્યા, આનંદનો પાર નથી.

**ચાહતા સજ્જન હેજે હળ્યા :**

જીવનમાં કોઇ વાત-વિચાર-સૂચન માટે આપણે સારા માણસને ચાહતા હતા, એમાં કોઇ સારા સજ્જન મળ્યા અને પ્રેમથી આપણી સાથે હળી ગયા, તો કેટલો આનંદ ! યા જેના ઉપર હેત હતું તેવા સગા સ્નેહી પરદેશમાં, કે જ્યાં એ મળવાની કશી આશા નહોતી, તે ત્યાં મળી ગયા ને પ્રેમથી હળી ગયા, તો કેટલો આનંદ થાય ? તેમ સંસારમાં ભટકતા આપણને ભગવાન અપાર સ્નેહ ઓથ-આશરો આપનારા અનન્ય સ્નેહી મળ્યા ને આપણે એમની સાથે પ્રેમથી હળી ગયા. પછી આપણને આનંદ કેટલો ? સારા સજ્જનો આપણી સાથે પ્રેમથી હળી જાય એ માટે રોજ બેવાર પ્રતિક્રમણ વંદિત્તુ સૂત્રમાં શ્રાવકભાવના કરે છે કે-

**'चिरसंचियपावपणासणीइ भवसयसहस्समहणीए ।**

**''चउवीसजिणविणिग्गयकहाइं, वोलंतु मे दिअहा ॥''**

'ચોવીસ જિનેશ્વરોના મુખારવિંદમાંથી નીકળેલી એ ધર્મકથાઓ વડે મારા દિવસો પસાર થાઓ'. કારણ ? એ ધર્મકથાઓ 'ચિરસંચિય પાવપણાસણી' અને 'ભવસયસહસ્સ મહણી' છે; અર્થાત્ દીર્ઘકાળના એકત્રિત કરેલા પાપોનો નાશ કરે છે, અને લાખો ભવોને મથી નાખે છે, છેદી નાખે છે, ભરપૂર ભવોચ્છેદ કરે છે.

**ધર્મકથાઓથી પાપનાશ - ભવોચ્છેદ શી રીતે ?**

**(૧) પાપનાશ** એટલે કે અશુભકર્મનાશ, એ એ રીતે, કે અશુભકર્મો દુષ્કૃત્યોના અશુભ ભાવોથી બાંધેલા; એટલે સહજ છે કે શુભ ભાવોથી એનો નાશ થાય.

**દુષ્કૃત્યોની નિંદા-જુગુપ્સા એ શુભ ભાવ છે, તેમજ સુકૃત્યોની અનુમોદના**

**એ પણ શુભભાવ છે. ધર્મકથાઓના શ્રવણથી આ બંનેનો લાભ છે.** કથાના પાત્રોના સુકૃત્યોની અનુમોદના થાય છે, તથા પાત્રોએ કરેલ દુષ્કૃત્યોની નિંદા-જુગુપ્સા થાય છે. તેથી સ્વાભાવિક છે કે એ બંને પ્રકારનાં શુભભાવથી આપણા પાપોનો નાશ થાય.

**(૨) ભરપૂર ભવોચ્છેદ :** એટલે કે ભવોની પરંપરા ટૂંકી થાય તે.

ભવોની પરંપરા, અશુભ તીવ્ર સંકલેશોથી બંધાતા, તીવ્ર અશુભ અનુબંધો ઉપર નીપજે છે. આપણે પાપો આનંદભેર કરીએ, એમાં આપણા ચિત્તમાં તીવ્ર રાગાદિ કષાયના સંકલેશ રહે છે. એથી ઊભા થયેલ અશુભ અનુબંધ (કુસંસ્કાર) ભવાંતરે પાપબુદ્ધિ-દુર્બુદ્ધિ-કુમતિ આપે છે, જે નવા નવા દુષ્કૃત્યો કરાવ્યા જ કરે છે. **એક ભવના ઊભા કરેલા આ તીવ્ર અશુભ અનુબંધો (કુસંસ્કારો) નો પ્રભાવ છે કે જો એને તોડવામાં ન આવે તો ભવે ભવે દુર્બુદ્ધિ કરાવી પાપો કરાવ્યા જ કરે ! ને એથી ભવપરંપરા ચાલ્યા કરે.**

એટલે સહજ છે કે જો આ અશુભ અનુબંધો (કુસંસ્કારો) સારા પ્રમાણમાં તોડી નાખવામાં આવે, તો નવી કુબુદ્ધિ ન થાય, કુબુદ્ધિ-જનિત પાપો ન થાય, ને ભવપરંપરા ન વધે. ઊલટું લઈ આવેલ ભવપરંપરામાં કાપ પડે ! બસ, ધર્મકથાઓના શ્રવણથી એવી જોરદાર દુષ્કૃતગર્હા-ઘૃણા થાય છે કે જેથી અશુભ અનુબંધો ખૂબ મોળા પડી જાય છે, એ મોળા પડવાથી પૂર્વની જેમ તીવ્ર દુર્બુદ્ધિઓ ન થાય, એટલે અશુભાનુબંધનાશ પૂર્વે ઊભેલા એ પાપાનુબંધથી ચાલનાર ભવપંરપરાની સંખ્યા પર કાપ પડે. એમ ધર્મકથાઓના શ્રવણમાં પાત્રોના (સજ્જન મહાપુરુષોના) સુકૃત્યોની ભરપૂર અનુમોદના થાય છે,

ચિત્તની અંદર વિશુદ્ધિ થાય છે, તેથી શુભ અનુબંધો યાને પુણ્યાનુબંધો ઊભા થાય છે, એથી નીપજનાર સદ્‌બુદ્ધિ અને શુભભાવો જેમ સુત્કૃત્યોને વેગ આપે છે, તેમ દુષ્કૃત્યોને અટકાવી દુષ્કૃત્યજનક દુર્બુદ્ધિ પ્રત્યે ઘૃણા ઊભી કરે છે; ને એ પણ અશુભ અનુબંધો તોડવા દ્વારા ભવોની પરંપરા પર કાપ મૂકે છે.**આમ ધર્મકથાઓના શ્રવણથી લાખો ભવોની પરંપરા પર કાપ પડીને ભવપરંપરા ટૂંકી થાય એ મહાન લાભ છે.**

એટલા જ માટે 'વંદિત્તુ' સૂત્રની 'ચિરસંચિય પાવપણાસણીઈ...' વાળી ગાથાને અનુસારે શ્રાવક સહેજે ઇચ્છે, સહેજે ભાવના કરે, કે 'ધર્મકથાઓના શ્રવણમાં મારા દિવસો પસાર થાઓ.' એ શ્રવણમાં એણે શું કર્યું ? ધર્મકથામાં સજ્જન મહાપુરુષોના પાત્રો હોય છે.

ધર્મકથા સાંભળતાં એ સજ્જન મહાપુરુષોના સત્સંગનો લાભ મળ્યો. તો જેમ વીતરાગ અરિહંત પરમાત્મા એ શ્રેષ્ઠ સજ્જન હોવાથી એમના જીવન-શ્રવણમાં દુર્લભ ઉત્તમ શ્રેષ્ઠ સજ્જન સંગ મળે, એમ ધર્મકથાઓમાં અન્ય ઉત્તમ મહાપુરુષોના પણ સત્સંગનો લાભ મળ્યો. એટલે જેમ શ્રેષ્ઠ સજ્જન અરિહંત ભગવાન સાથે આપણું દિલ હળી જાય, એમ અન્ય સજ્જન મહાપુરુષ સાથે આપણું દિલ હળી જાય, પછી મનમાં એમના અંગેના સુખદ શુભ વિચારોના આંદોલનો ચાલે.

**સુલસા પ્રભુ સાથે કેવી હળી ગઈ ?**

આવું જ કાંઈક સુલસા શ્રાવિકાએ કરી મૂકેલું ! દેવાધિદેવ મહાવીર ભગવાનનું જીવન સાંભળીને ભગવાન સાથે એનું દિલ જોરદાર મળી ગયેલું, હળી ગયેલું, તે 'ચાહતાં સજ્જન હેજે હળ્યાજી' એને સજ્જનસંગની ચાહના હતી, એમાં એને ભગવાન જ શ્રેષ્ઠ સજ્જન મળી ગયા ! એટલે હૈયામાં ભગવાનના વિચારોના ભરપૂર આંદોલનો ચાલે એ સહજ છે. પછી અંબડ પરિવ્રાજક સુલસા શ્રાવિકાના સમકિતની પરીક્ષા કરવા ત્યાં નગર બહાર ભલે ને સાક્ષાત્ બ્રહ્મા, શંકર વગેરેના રૂપ ઉતારે, પરંતુ સુલસાને એ જોવા જવાનીય ફુરસદ શાની હોય ? યા એને જોવાની આતુરતા સરખી ય શાની થાય ? કેમકે શ્રેષ્ઠ સજ્જન એવા પ્રભુ સાથે હૈયું હળી ગયા પછી, મનને બીજાઓની લેશ માત્ર વિશેષતા જ ન દેખાય; પછી એ અંગે શાની આતુરતા પણ થાય ? જેને કોહિનૂર હીરો મળ્યો હોય, એને બીજા નકલી હીરા કે કાચના ટુકડા જોવાની આતુરતા ક્યાં થાય છે ?

વાત આ છે કે અરિહંત ભગવાન મળ્યા એટલે એ શ્રેષ્ઠ સજ્જન-સ્વજન-સ્નેહી મળ્યા, તો એમની સાથે આપણું હૈયું હળી જાય.

હવે કવિ પાંચમી ગાથામાં વીતરાગ સર્વજ્ઞ અરિહંત પ્રભુનું દર્શન એટલે કે પ્રત્યક્ષ દર્શન અને એમનું સમ્યગ્દર્શન મળ્યાથી કેવા કેવા ચમત્કાર થાય, એ અંધારામાં દીપક વગેરેની ઉપમાથી બતાવે છે, અને એ મળતાં થતો અપૂર્વ આનંદ સ્તવનમાં વ્યક્ત કરી પોતાની આશા સફળ-થવાનું દર્શાવે છે.

**દીવો હો પ્રભુ ! દીવો નિશા વન ગેહ,**
**સાખી હો પ્રભુ ! સાખી થલે જળ નૌ મિલીજી;**
**કલિયુગે હો પ્રભુ ! કલિયુગે દુલ્લહો તુજ,**
**દરિસણ હો પ્રભુ ! દરિસણ લહ્યું આશા ફળીજી...૫**

**ભાવાર્થ :-** (હે અરિહંત અભિનંદન સ્વામી ! આપ મળ્યા એટલે મને તો પ્રભુ (જાણે) રાત્રિમાં દીવો મળ્યો ! જંગલમાં (જાણે) ઘર મળ્યું ! (મરુભૂમિ જેવી તપેલી) ભૂમિ પર ઝાડ મળ્યું ! અને જળમાર્ગે નાવ મળ્યું ! જેમ આ બધું મળવું મુશ્કેલ, તેમ કલિકાલમાં તમારું દર્શન મળવું દુર્લભ. એ એ મને મળી ગયું ! એથી મારી સર્વ આશા સફળ થઈ.

**વિવેચન :** કવિએ પૂર્વે દુર્લભ એવી વસ્તુઓની ઉપમાઓ જે કહી, અને અહીં પણ ઉપમાઓ જે કહે છે, એની જેમ 'કલિકાળમાં જિનદર્શનની દુર્લભતા છે' એ અહીં કહે છે.

**રાત્રિમાં દીપક મળ્યો :-**

અંધારી રાત્રિમાં કાંટા-કાંકરાવાળા રસ્તે અથડાતા હોઈએ, સાચો રસ્તો મળતો ન હોય; અંધારાના કારણે ઠોકરો ખાઈ ખાઈને પગ છોલાતા હોય, એવામાં કોઈ ત્યાં દીપક ધરે, તો કેટલો 'હાશ'નો અનુભવ થાય ? તેમ મિથ્યાધર્મોના ઘનઘોર અંધકાર વચ્ચે જીવન ચલાવતાં ધર્મના નામે કાંટા કાંકરા જેવા અસત્ કાર્યો ને અસત્ માન્યતાઓમાં અથડાવાનું થતું હોય, 'માર્ગે ચાલવાનું ફળ તો મોક્ષ-સ્ટેશને પહોંચવાનું હોય,' પરંતુ અહીં તો મિથ્યામાર્ગે મોક્ષની કશી નિકટતા જ થતી ન હોય, ઊલટું કાંટા કાંકરા તુલ્ય અશુભ ભાવો અને કષાયોથી આત્માને ઘવાવા-હણાવાનું થાય; અને હિતમાર્ગ સમજીને ચાલ્યા પણ અહિતમાર્ગે ઠોકર જ ખાવાનું થતું હોય, ત્યાં જો વીતરાગ પ્રભુના દર્શનરૂપી દીવો મળી જાય, તો એ બધી આપદા મટી જાય; કેમકે અરિહંતનું દર્શન મળ્યાથી મિથ્યાત્વનો અંધકાર દૂર થયો.

**ઈન્દ્રભૂતિગૌતમ માટે વીર ભગવાનનું દર્શન દીપક બન્યું :**

મિથ્યાધર્મમાં માનતા, અને એની યજ્ઞ-યાગાદિ ક્રિયાકાંડમાં રાચતા, ઈન્દ્રભૂતિનો એક સંશય મહાવીર ભગવાને ફેડી આપ્યો, અને મિથ્યાત્વનું અંધારું ટળ્યું ! તેનો એમને આનંદ કેટલો ? કે સંસાર ત્યજી ચારિત્ર લઈ જીવનભરના ભગવાનના દાસ (શિષ્ય) બની ગયા !

ઈંદ્રભૂતિ ખરેખર સર્વજ્ઞ વીર પ્રભુ પાસે આવ્યા હતા ભ્રાન્ત સર્વજ્ઞતાના અભિમાનમાં ! પ્રભુને વાદમાં હરાવી પોતે વિજેતા બનવા માટે ! પરંતુ પહેલું તો સમવસરણ પર ભગવાનનું દર્શન થતાં જ ઠરી ગયા ! મનને થયું કે 'આ કોઈ અસાધારણ વ્યક્તિ છે. પણ આ છે કોણ ? આ કાંઈ બ્રહ્મા નથી, કેમકે બ્રહ્મા તો જરાગ્રસ્ત છે, ત્યારે આ યુવાન છે. તો આ વિષ્ણુય નથી, કેમકે વિષ્ણુ તો શ્યામ, ત્યારે આ સોનેરી ગૌર વર્ણના છે. ત્યારે આ શંકરે ય નહિ, શંકરનું તો નીચેનું અર્ધું શરીર નારી પાર્વતીનું છે, અને આ તો સંપૂર્ણ પુરુષ શરીરવાળા છે. ત્યારે આ ચંદ્ર

પણ નહિ, ચંદ્ર તો કલંકવાળો છે. સૂર્ય પણ નહિ, સૂર્ય તો એવા પ્રખર તેજવાળો કે એની સામે આંખ માંડી શકાય નહિ જ્યારે આ તો સૌમ્ય દર્શનવાળા છે. ત્યારે આ છે કોણ ?'

આમ વિચારતાં ઈતર દર્શનના વેત્તા આ ઇંદ્રભૂતિએ શોધી કાઢ્યું કે 'જૈન દર્શને કહેલા આ છેલ્લા તીર્થંકર લાગે છે !' પણ હજી મિથ્યાત્વની પીડા મટી નહિ, તેથી સાચા સર્વજ્ઞ તરીકે વધાવી લેવા તૈયાર નથી. ત્યાં પ્રભુએ 'હે ઇંદ્રભૂતિ ગૌતમ ! તમે સુખપૂર્વક આવ્યા ?' એમ સંબોધ્યા, ત્યારે ચોંક્યા કે 'હેં ? શું મારું નામ પણ આ જાણે છે ? પરંતુ નામ જાણે એટલા માત્રથી સર્વજ્ઞ ન માનું, કેમકે મારું નામ તો શેરી-શેરીનું બચ્ચુંય જાણે છે. હા, જો મારો સંશય કહી આપે, તો સાચા સર્વજ્ઞ જાણું.' એટલામાં જ પ્રભુએ એમના દિલમાં વર્ષોથી છૂપો રહેલો જગતમાં જીવ જેવી વસ્તુ છે કે નહિ ? એવો સંશય-ભ્રમ પ્રગટ કરી બતાવ્યો, અને એનું નિરાકરણ બતાવ્યું, ત્યાં ઇન્દ્રભૂતિ પ્રભુને સાચા સર્વજ્ઞ માની પ્રભુના ચરણે બેસી ગયા.

એવું શય્યંભવ બ્રાહ્મણ, હરિભદ્ર પુરોહિત, વગેરેને બન્યું. જિનદર્શન મળતા એમના મિથ્યાત્વના અંધકાર ટળ્યા !

**વન ગેહ જંગલમાં રહેવાની સગવડતા મળી :**

વિકટ અટવીમાં જ્યાં વાઘ-વરુ ને સાપ-વીંછીનો ડર હોય, સલામત સ્થાન મળવું મુશ્કેલ હોય, અથવા જંગલમાં ચાલ ચાલ કરતાં જંગલ ખૂટતું જ ન હોય, અને બહુ થાક્યા હોઇએ, ત્યાં જો સલામતી અને સગવડતાવાળું સ્થાન મળ્યું તો બધા ભય-ડર-બીક- થાક ચાલ્યા જાય, ને સુખેથી સમય પસાર કરી શકાય. તેમ આ સંસારમાં દુર્ગતિ, આધિ, વ્યાધિ, શોક... આદિના અનેક ભયો અને એના એ જ વિષયરાગના કંટાળાવાળાને તથા કષાયોના થાકવાળાને નિર્ભય વીસામા સ્વરૂપ વીતરાગ અરિહંત મળ્યા, એટલે જાણે સુંદર સુખ-સગવડતાવાળું ઘર મળ્યું; હવે પછી પેલી કશી પીડાનો ડર કેમ રહે ?

**સાખી થલે જલ નૌ મિલીજી :**

**ભાવાર્થ :-** સ્થલમાર્ગ પર સાખી= શાખાવાળા વૃક્ષ મળ્યા, અને પાણીના માર્ગે નૌ= નાવ (હોડી) મળી.

**વિવેચન :** કવિ કહે છે- મુસાફર સ્થળમાર્ગે ચાલ્યો જતો હોય, પરંતુ ઉનાળાનો સમય એટલે રસ્તોય ગરમ, અને હવાય ગરમ હોય, તેથી તપ્યો હોય, અને થાક્યો પણ હોય, એમાં સદ્ભાગ્યે કોઇ ઘટાદાર વૃક્ષોની હારમાળા મળે, તો એને 'હાશ !' નિરાંત થાય છે. એમ અહીં સંસારના માર્ગો બહુ ક્લેશભર્યા છે, શ્રમ-થાક ભર્યા

છે, એમાં અહીં ભગવાન-ભગવાનનું શાસન મળ્યું, ભગવાનનો મોક્ષમાર્ગ મળ્યો, એટલે સંસારમાં બહુ પાપ કરવાના થાક ઓછા થઇ જાય છે, તેમજ બહુ કષાયો અને આર્તધ્યાનના તાપ ઓછા થઇ જાય છે.

વળી જેમ પ્રવાસીને માર્ગે ચાલતાં મોટી નદી આવી, ત્યાં પૂલ છે નહિ, ને નાવડી મળી ગઇ, તો મનને નિરાંત થાય છે કે હાશ! નદી પાર કરી જવાશે ! એમ અહીં સંસારના માર્ગે ચાલતા વીતરાગ ભગવાન અને એમનું શાસન મળ્યું એટલે નિરાંત થાય છે કે હાશ હવે સંસાર પાર કરી જવાશે.

બંને ઉપમામાં સહરાના રણ જેવા યા ખારાપાટ દરિયા જેવા સંસારમાં જૈનશાસન જેવું વૃક્ષ યા નાવ મળવાથી પરમ આલ્હાદ થાય.

**કલિયુગે હો પ્રભુ ! કલિયુગે દુલ્લહો તુજ,**
**દરિસણ હો પ્રભુ ! દરિસણ લહ્યું આશા ફળીજી.**

**ભાવાર્થ :-** કલિયુગમાં ભગવાનનું દર્શન દુર્લભ તે મળ્યું, આ દુષમ પંચમકાળમાં અરિહંતનું દર્શન બહુ મુશ્કેલીથી પ્રાપ્ત થઇ શકે તેવું છે એ પ્રાપ્ત થયું, તો મારી આશા ફળી. હવે અરિહંતનું દર્શન મળ્યા પછી આ જગતનું અપૂર્વ મેળવવાના મારા મનોરથ ફળ્યા.

કલિયુગમાં દુર્લભ એવું પ્રભુનું દર્શન જિનદર્શન મળ્યું. અહીં જિનદર્શન એટલે... (૧) અરિહંતને આંખેથી નિહાળવાનું તેમ (૨) જૈનધર્મ અને અરિહંતની શ્રદ્ધારૂપી સમ્યગ્દર્શન હૈયે ફરસવું. કલિયુગમાં મિથ્યાદેવ-દેવીઓના દર્શન સુલભ, યા નાસ્તિકના સુલભ છે, પરંતુ અરિહંતનું દર્શન દુર્લભ છે.

આજે દુનિયામાં જુઓ, અરિહંત કેટલાને મળ્યા છે ? આજની શોધાયેલી દુનિયામાં માણસોની સંખ્યા કેટલી ? લગભગ ૪ અબજ અર્થાત્ ૪૦૦ કરોડ, એમાં કેટલા માણસોને જૈનધર્મ મળ્યો છે કે જ્યાં અરિહંત પરમાત્મા મળ્યા હોય ? તો કે લગભગ ૫૦ લાખ. જૈન ધર્મ મળવામાંથી કેટલા બાદ ? કહો ! ૩૯૯॥ કરોડ બાદ. દુનિયાના ૩૯૯॥ ક્રોડ માણસને જે જૈનધર્મ નથી મળ્યો તે આપણને જૈનકુળમાં જનમવા માત્રથી મળી ગયો છે. એમાંય ભગવાનની મૂર્તિને ભગવાન નહિ માનનારાને ય અરિહંત ભગવાનનું દર્શન ક્યાં ? કેવી કમનસીબી ? ઘરમાં રાખેલા સગા બાપના ફોટા તરફ માનથી જોશે, પરંતુ ભગવાનના ફોટા કે મૂર્તિને ભગવાન તરીકે પૂજ્યભાવથી નથી જોવા ! મૂર્તિવિરોધી દયાનંદ સરસ્વતીના 'આર્યસમાજ' ધર્મના એક પ્રચારકે એક ગામમાં ભાષણમાં 'લો મૂર્તિ પૂજવાનું માનનારાઓએ પત્થરમાં ભગવાન માન્યા !...' વગેરે મશ્કરી કરવાનું ચલાવ્યું.

ત્યાં એક ડાહ્યા ગામવાસીએ કપડામાં લપેટીને લાવેલ દયાનંદ સરસ્વતીનો

ફોટો બહાર કાઢી પહેલાં તો સભાને એના દર્શન કરાવ્યાં. એટલે ભાષણકર્તા રાજી રાજી થઇ ગયો. પણ પછીં પેલાએ ફોટાને નીચે પછાડી એના પર લાતો ઠોકી એના પર થૂંકે છે ને રાડો પાડે છે- 'આ તો નર્યો કાગળ; નર્યો કાગળ.'

ત્યાં ભાષણકાર ગુસ્સે થઇ કહે છે, 'એય ! ગુરુને પછાડી લાતો મારે ? ગુરુ પર થૂંકી ગુરુનું અપમાન કરે ?'

ત્યારે પેલો કહે 'અરે મૂર્ખ ! જો કાગળમાં ગુરુ મનાય, તો પાષાણની ભગવાનની મૂર્તિમાં ભગવાન ન મનાય ? શા લવારા કરવા નીકળી પડ્યો છે ? નાસ્તિક ! લોકોની ધર્મશ્રદ્ધા ભાંગી નાખતાં લજ્જા નથી આવતી ?...' બિચારો વક્તા શરમાઇને ત્યાંથી છૂ થઇ ગયો !

સારાંશ, ૩૯૯ાા ક્રોડ મનુષ્યોને જે અરિહંત ભગવાન જોવા નથી મળ્યા, તે મને જિનમૂર્તિમાં જોવા મળ્યા ! એટલે આશા ફળી, જેમ મેતારજને પરણવું હતું, લગ્નના ઘોડે ચડ્યો હતો, પણ આબરૂ લૂંટાઇ.

જાણો છો ને મેતારજે પૂર્વે દેવના ભવમાં મિત્રદેવ પાસેથી કોલ લીધેલો કે તારે દીક્ષાનું સમજાવવા આવવાનું; તે અહીં જયાં મેતારજ લગ્નના વરઘોડે ચડવા તૈયાર થયો, ત્યાં દેવ આવી ઊભો રહ્યો, ઓળખ આપી, કોલની વિગત કહીને કહ્યું : 'પરણવાનું રહેવા દે, દીક્ષા લઇ લે.' પણ આ મેતારજે પૂર્વના ત્રીજા ભવે સાધુપણામાં ગુરુ પર જરાક સૂગ કરેલી કે 'ગુરુએ ચારિત્ર તો ઉમદા આપ્યું, પણ આમ ધમકી આપીને પરાણે ધર્મ કરાવાય ?'

**એ ગુરુ પરની જરાક સૂગથી દુર્લભબોધિપણાનું કર્મ બાંધી લાવેલા, તેથી અહીં ધર્મનું મન નથી થતું.** જેમકે તાવવાળાને દૂધપાક ખાવાનું મન ન થાય, એમ આને ધર્મ કરવાનું મન ન થાય. એટલે કહે છે, 'હમણા દીક્ષા નહિ, હમણા તો હું પરણી લઈશ.'

પછી દેવતાએ બજાર વચ્ચે એનો લગ્ન વરઘોડો આવતાં એની આબરૂ લૂંટી. મેતારજને જન્મ આપનાર ભંગણીના શરીરમાં દેવે પ્રવેશ કરી, એ ભંગણીએ ભરબજાર વચ્ચે ઘોડે ચડેલા મેતારજનો પગ પકડી કહે,

'મેરરે ! મારા પેટના ! ઊતર હેઠો. અહીં વાણિયાની દીકરીઓ અભડાવવા ચાલ્યો છે !'

લોકોને શંકા તો હતી જ કે 'મેતારજની કૃત્રિમ મા બનેલી શેઠાણીને તો મરેલા છોકરા જનમતા હતા, તે આ જીવતો દીકરો ક્યાંથી જનમ્યો ?' એમાં આ ભંગણીનું નાટક જોઇ લોક બોલવા મંડ્યા કે 'જરૂર મેતારજ તો ભંગણીનો જ દીકરો છે, પણ જનમ પછી ભંગણીના દીકરાની અદલબદલમાં શેઠને ત્યાં આવી ગયો લાગે

છે ! હાય ! આવાને દીકરી પરણાવાય ?' આઠ કન્યાવાળા બાપાઓ 'હાશ ! કન્યાને ભંગીના દીકરા વેરે પરણાવતા બચ્યા !' એમ કહી બાપાઓ ને સાજન ઘરે જઇ બેઠું ! મેતારજનો હુરિયો બોલાયો. મેતારજ નિરાશ થઇ ઘરે જઇ બેઠો.

બોલો હવે, અહીં મેતારજને પરણવાની કોઇ આશા ? એમ આપણે આ વિકરાળ સંસાર-વનમાં રખડતા-રામ છીએ, એમાં મોક્ષમાર્ગ મળવાની ક્યાં આશા ? આજે જ્યાં કલિયુગે લગભગ ૪૦૦ કરોડને સાચો મોક્ષમાર્ગ નથી મળ્યો, ત્યાં આપણને મળવાની શી આશા ? પરંતુ જેમ પેલા મેતારજને દેવમિત્ર છે એટલે આશા ફળે છે, એમ અહીં કવિ કહે છે, મને અરિહંતનું દર્શન મળ્યું છે એટલે મોક્ષમાર્ગ મળવાની આશા ફળી છે.

પેલા મેતારજને ત્યાં બન્યું એવું કે ઘરે નિરાશ થઇ બેઠેલા એને દેવ આવી ટોણો મારે છે : 'કેમ ? પરણી લીધું ને ? બોલ, હવે તો દીક્ષા લે છે ને ?' હવે જુઓ આશા શી રીતે ફળે છે.

**મેતારજને શી રીતે આશા ફળી ?**

દેવને આ કહે "આ સંયોગમાં મને દીક્ષા અપાવી તારે ધર્મનો ફજેતો કરાવવો છે ? લોકો કહેશે : લો બાયડી ન મળી એટલે બાવા થયા !"

દેવતા કહે "એમ નહિ, તને આબરૂભેર પરણાવી આપું; પણ પછી તો દીક્ષા લઇશ ને ?"

"જોઇશ !"

આબરૂ પાછી લાવવા મેતારજને દેવે દિવ્ય રત્નોની લીંડીઓ કાઢે એવી બકરી આપી ! કહ્યું : "આ રત્નોનો થાળ લઇ જઇ શ્રેણિક રાજાને ભેટ કરજે. પૂછે કે ક્યાંથી લાવ્યો ? તો કહેજે મારી બકરી રત્નો આપે છે."

બસ, મેતારજે એમ કર્યું : શ્રેણિક ચકિત થઇ જાય છે ! કેમકે એક તો, રત્નો એવા કે જેનો જોટો મગધ-સમ્રાટ શ્રેણિકના ખજાનામાં ન મળે ! અને બીજું એ કે આ રત્નો વળી બકરીની લીંડીઓ ? મંત્રી અભયકુમાર પાસે મેતારજને ત્યાં તપાસ કરાવી, સાચું નીકળ્યું.

રાજા અભયને કહે : અરે અભય ! મેતારજને આપણી એક દીકરી પરણાવી જમાઇ બનાવી દો. આનો મિત્રદેવ અવસરે આપણા કામનો છે. બસ લગ્ન નક્કી થયા. પેલા આઠ સસરા-શેઠિયા ગભરાયા. "હાય ! રાજાનો જમાઇ બનનાર આ મેતારજ સસરા-રાજાને ફરિયાદ કરે કે 'આ શેઠિયાઓ સગાઇ કરીને હવે પોતાની કન્યાઓ મને પરણાવતા નથી;' અને સસરો બનેલ મગધ સમ્રાટ આપણને દંડી નાખે તો ?"

આવ્યા મેતારજના બાપ પાસે, પાઘડીઓ ઉતારી કહે છે- "ભાઇ સાહેબ ! અમારી દીકરીઓને પણ તમારા દીકરા માટે સ્વીકારી લેજો, અને અમારો ગુનો માફ કરજો. શેઠ ! અમે તમારી માફી માગીએ છીએ."

બસ, આઠ કન્યા પરણવાની આશા પડી ભાંગી હતી, બજાર વચ્ચે ભંગણીના દીકરા તરીકે ફજેત થયેલો, એને હવે પરણવાનું મળે એવી શી આશા ? છતાં એને દેવ મળ્યો, ને આશા ફળી ! એમાં જેમ મેતારજને દેવે બકરી આપી, આબરૂ પાછી ભેગી કરી આપી, ને મેતારજની આઠને બદલે નવ કન્યા પરણવાની આશા ફળી, ને અપાર આનંદ માને છે, એમ કવિને અરિહંતનું દર્શન મળ્યું તો સાચો મોક્ષમાર્ગ-મોક્ષસાધના મળવાની આશા ફળી. કવિ કહે : પ્રભુ મળ્યા તો સંસાર પરથી કંટાળેલા પોતાના આત્માને સંસારથી છૂટવાનો સચોટ મોક્ષમાર્ગ મળ્યો. ઉપરાંત અરિહંતનો સહારો મળ્યો ! સમ્યગ્દર્શન મળ્યું ! ચારિત્ર મળ્યું ! આશા ફળી.

**'કલિયુગે દુલ્લહો તુજ દરિસણ' નો બીજો અર્થ :**

કલિયુગમાં જૈનદર્શન, જૈનફિલોસોફી, જૈનશાસન મળવાનું દુર્લભ છે. આ તો તમે પૂર્વના પુણ્યે જૈનકુળમાં જન્મી ગયા એ જનમ માત્રથી સહેલાઈથી જૈનશાસન મળી ગયું, તેથી આની દુર્લભતા નથી લાગતી; પરંતુ (૧) જેણે જૈનકુળમાં નહિ જનમવા છતાં શોધીને જૈનદર્શન મેળવ્યું હોય, તો એને દુર્લભતા જણાય, અને આનું મૂલ્ય સમજે. અથવા (૨) જેણે જૈનકુળમાં જન્મીને જૈનધર્મની બીજા ધર્મો કરતાં આગવી વિશેષતાઓ ગુરુ પાસેથી જાણી હોય, એને પણ જૈનધર્મ અને જિનદર્શન-જિનશાસનની દુર્લભતા સમજાય.

(૧) આ બે વિકલ્પમાં પહેલા વિકલ્પના આધુનિક દાખલાઓમાં કલકત્તાના ભટ્ટાચાર્ય એડવોકેટ, બર્નાડ શો વગેરેના દાખલા આપી શકાય. પ્રાચીન દાખલામાં શય્યંભવસૂરિ, હરિભદ્રસૂરિ વગેરેના દાખલા આપી શકાય.

વર્તમાન દાખલામાં કલકત્તાના બ્રાહ્મણ જ્ઞાતિના એડવોકેટ ભટ્ટાચાર્યે શોધીને જૈનદર્શન મેળવ્યું, ને કલિકાલે એની દુર્લભતા સમજાઇ. જૈનદર્શન મળ્યાથી એમની આશા ફળી; આનંદિત થઇ ગયા ! જૈનદર્શનની ફિલોસોફી પર ઓવારી ગયા !

**કલકત્તામાં ભટ્ટાચાર્ય** બાહોશ એડવોકેટ; એને ફિલોસોફીનો શોખ એવો, કે દુનિયાના ઇતર ધર્મોની ફિલોસોફીના સાહિત્ય જોઇ લીધેલા ! પણ તેમાં તેમના મનને સંતોષ થતો ન હતો, મનનાં સંશય દૂર થતા ન હતા. એમાં જૈનધર્મનાં વાદીદેવસૂરિજી મહારાજનો **'પ્રમાણનય તત્ત્વાલોકાલંકાર'** ગ્રંથ વાંચવા મળ્યો, વળી સંપતરાય જૈનનું **ડિવાઇન લાઇટ** પુસ્તક વાંચવા મળ્યું. ત્યારે મનને સંતોષ થયો કે આના તત્ત્વોમાં પરસ્પર વિરોધ-વિસંવાદ નથી. જૈનદર્શન સચોટ સત્ય લાગ્યું.

બીજા દર્શનશાસ્ત્રો વિસંવાદી એટલે કે પ્રારંભે કહ્યું હોય, એનાથી વિરુદ્ધ પડે એવું વચમાં કે છેડે પ્રતિપાદન હોય. જ્યારે જૈનદર્શન અવિસંવાદી લાગ્યું. તેણે અન્યદર્શનો અને જૈનદર્શનના તુલનાત્મક લેખો દા.ત. જૈનધર્મ અને ખ્રીસ્તીધર્મ, જૈનધર્મ બોદ્ધધર્મ વગેરે લખ્યા છે, ને તેમાં જૈન ધર્મને સર્વ ધર્મમાં સર્વોપરી બતાવ્યો છે. તેમના લેખો બંગાળી ભાષામાં હતા, તેનું ગુજરાતી કરાવીને ઊંઝા ફાર્મસીવાળાએ 'જિનવાણી' નામનાં પુસ્તકમાં છપાવ્યાં છે. વળી ભટ્ટાચાર્યે અંગ્રેજીમાં 'Six Reals' 'જૈન ધર્મનાં ષડદ્રવ્ય' નામનો મોટો નિબંધ (થીસીસ) પણ લખેલ છે. એ લખીને કલકત્તા યુનિવર્સિટિના રિસર્ચ ખાતાને તપાસવા આપ્યો. નિરીક્ષકો વાંચીને દિંગ થઇ ગયા, પૂછે છે કે-

'આટલું ઝીણું, અણુ વગેરેનું વિજ્ઞાન તમે લાવ્યા ક્યાંથી ?' ત્યારે આ કહે 'હું જૈનદર્શનરૂપી દરિયામાંથી ખસખસ જેટલું લઇ આવ્યો છું.' આ શોધીને જૈનદર્શન મળ્યુ કહેવાય. તેથી એમને એની દુર્લભતા અને વિશ્વશ્રેષ્ઠતા સમજાણી. 'કલિયુગે દુલ્લહો તુજ દરિસણ'.

જૈનેતર કુળમાં જનમવા છતાં શોધીને જૈનધર્મ મેળવ્યાનો

**બીજો દાખલો વિલાયતના પ્રસિદ્ધ નાટ્યકાર 'બર્નાર્ડ શો'નો.**

એને નાનપણથી સાહિત્ય વાંચવાનો બહુ શોખ. એમાં બીજા ધર્મની જેમ જૈનસાહિત્ય પણ વાંચ્યું. એમાં બીજે જે સંતોષ નહોતો થતો તે એને જૈનધર્મ, વૈજ્ઞાનિક અને અ-વિસંવાદી ધર્મ લાગ્યો, ને જૈનધર્મના સાહિત્ય પ્રત્યે એને બહુ સંતોષ થયો. તેથી જ્યારે અત્રેથી ત્યાં ગયેલ ગાંધીજીના પુત્ર દેવીદાસ ગાંધીએ પૂછ્યું કે-

"જો પુનર્જન્મ જેવી વસ્તુ તમે માનો છો, તો આવતા જનમમાં તમે શું થવા ઇચ્છો છો ?"

ત્યારે બર્નાર્ડ શો તરત જ બોલી ઊઠ્યો કે 'હું જૈન થવા ઇચ્છું છું.

'કારણ કાંઇ ? કેમ, બહુ મોટી સંખ્યાવાળી અમારી હિંદુ કોમમાં નહિ, ને બહુ નાનકડી જૈન કોમમાં જન્મ ઇચ્છો છો ?'

ત્યારે એ કહે છે કે "તમે હિંદુઓએ અને બીજાઓએ પરમાત્માપણાની સોલ-એજન્સી કોઇ એક વ્યક્તિને આપી દીધી છે. ત્યારે જૈનો કહે છે કે 'પરમાત્મા કોઇ પણ બની શકે છે. અમારે ત્યાં અત્યાર સુધીમાં અનંતા પરમાત્મા થઇ ગયા છે, અને ભવિષ્યમાં પણ અનંતા થવાના છે; તમારે પરમાત્મા થવામાં નંબર લગાવવો હોય, તો આવો, ખરેખર પરમાત્મા બનાવનાર અમારા જૈનધર્મે બતાવેલ ધર્મમાર્ગ પર આવો.' તો હું જૈન જ ન થાઉં ? જેથી પરમાત્મા બનવામાં મારો

નંબર તો લાગે ?" દેવીદાસ ગાંધી આ સાંભળીને ચકિત થઇ ગયેલ !

પ્રાચીન દાખલામાં, ૧૮ દેશના સમ્રાટ મહારાજા કુમારપાળ પણ જન્મે અજૈન, છતાં સદ્ગુરુ-સંપર્કે જૈનધર્મ બીજા ધર્મો સાથે તોલીને પછી જૈનધર્મ સ્વીકાર્યો અને પછી તો પ્રભુ પાસે આ જ પ્રાર્થના કરતા કે "પ્રભુ ! ભવાંતરમાં હું જૈન ધર્મ વિનાનો મોટો ચક્રવર્તી પણ થવા ઇચ્છતો નથી, પરંતુ કર્મસત્તા મને ભલે દાસ કે નિર્ધન બનાવે, પણ જો ત્યાં જૈનધર્મની શ્રદ્ધા મળતી હોય તો ય મારે એ મંજૂર છે."

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૪,અંક-૪૭,તા.૧૬-૮-૧૯૮૬**

## "કલિયુગે દુલ્લહો તુજ, દરિસણ લહ્યું આશા ફળીજી"

'પ્રભુ ! આ કળિકાળમાં તમારું દર્શન-જૈનદર્શન મળવું બહુ દોહિલું.' આજે જુઓ, પૃથ્વી પર નાસ્તિકવાદ, વિલાસવાદ અને જડવાદનાં પાપો કેટલા બધા ઉભરાયા છે ! એમાં જૈનધર્મ અને એના પવિત્ર આચારો-અનુષ્ઠાનો તથા એનાં તત્ત્વો પૃથ્વી પર ક્યાં જોવા મળે ? કેટલા માનવમાં જોવા મળે ? **સિદ્ધર્ષિગણી** બૌદ્ધધર્મનું વાંચી-સાંભળી જૈનધર્મની શ્રદ્ધાથી ચલિત થઇ ગયેલા, તે અંતે **'નમુત્થણં'** સૂત્રની વિવેચનારૂપી શ્રી **'લલિત વિસ્તરા' શાસ્ત્રથી** જૈનધર્મની વિશ્વશ્રેષ્ઠ અનેરી વિશેષતાઓ જોઇને જૈનધર્મમાં સ્થિર થઇ ગયા ! અને પોતાના દુનિયાના અતિ મહાન રૂપક ગ્રંથ **'શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા'** માં એવો ઉલ્લેખ કર્યો છે કે "હું તે હરિભદ્રસૂરિને નમસ્કાર કરું છું કે જે ચૈત્યવંદન સૂત્રો (નમુત્થુણં વગેરે) ઉપર મારા માટે જ લલિતવિસ્તરા નામની વૃત્તિ રચી ગયા."

**જૈન ધર્મની શી શી આગવી વિશેષતાઓ :-**

(૧) જીવશાસ્ત્રનું ઊંચામાં ઊંચું **જીવવિજ્ઞાન,** અર્થાત્ ઠેઠ સૂક્ષ્મ એકેન્દ્રિય જીવ સુધીનું વિજ્ઞાન જૈનધર્મે જ આપ્યું છે,

(૨) એટલે જ ઊંચામાં ઊંચી સૂક્ષ્મઅહિંસા પણ જૈનધર્મે જ આપી છે; કેમકે જે જીવોને જ પૂરા ન ઓળખે, એ એની હિંસા ટાળી અહિંસા શી રીતે પાળી શકે ?

(૩) **મોક્ષમાર્ગ** તરીકે અતિ આવશ્યક વિરતિમાર્ગ જૈનધર્મે જ બતાવ્યો; જેમાં પાપ ન કરો એટલેથી બસ નથી, પરંતુ પાપત્યાગની પ્રતિજ્ઞા (વિરતિ) પણ હોવી આવશ્યક બતાવી. એકેન્દ્રિય જીવોને મન-વચન નથી, માનસિક-વાચિકયોગ નથી, માત્ર કાયિકયોગ છે. એનાથી એને પાપ આચરવાના થોડા; કેમકે એ સ્થિર સ્વેચ્છાથી હાલી ચાલી ન શકે એવા સ્થાવરકાય છે; એટલે કાયાથી પણ કેટલી પાપપ્રવૃત્તિ કરી શકે ? પરંતુ એને અવિરતિના કારણે બને તો યુગોના યુગોની

કાયસ્થિતિ ભોગવવી પડે છે; અર્થાત્ એવી ને એવી સૂક્ષ્મ એકેન્દ્રિય નિગોદ (વનસ્પતિ) કાયામાં યુગોના યુગો સુધી જન્મ-મરણ કરવાનું બને છે; કેમકે પાપની પ્રવૃત્તિ નહિ છતાં અવિરતિથી થોક કર્મ બંધાય છે. આ એને વિરતિ નહિ હોવાથી બને છે. માટે જ વિરતિનું અતિ મહત્ત્વ છે. જે જૈનદર્શન જ બતાવે છે.

(૪) અનેકાંતવાદનો સિદ્ધાન્ત એ જૈનધર્મની સ્પેશિયાલીટી છે, અન્ય કોઈ ધર્મમાં ન મળે એવી અનન્ય વિશેષતા છે.

(૫) અધ્યાત્મ-ભાવના-ધ્યાન વગેરેનો તથા ૧૪ ગુણસ્થાનકોનો યોગમાર્ગ જૈનધર્મનો જ.

(૬) ૧૪ રાજલોકનું યથાસ્થિત અને અતિવિશાળ તથા વ્યવસ્થિત ભૂગોળનું જ્ઞાન જૈનધર્મમાં જ મળે.

(૭) પાપોના સૂક્ષ્મ પ્રકાર અને એના વિસ્તારથી સુયોગ્ય પ્રાયશ્ચિત્ત વિધાન જૈનધર્મમાં જ જાણવા મળે... વગેરે વગેરે જૈનધર્મની અનન્ય વિશેષતાઓ જોતાં પ્રભુને કહેવાય કે પ્રભો !

'કલિયુગે દુલ્લહો તુજ દરિસણ લહ્યું, આશા ફળીજી' પ્રભુ! આવી અનન્ય વિશેષતાઓવાળો તારો ધર્મ આ કળિયુગમાં મળવો અતિ દોહિલો, એ મને મળ્યો, મારી મોક્ષ પામવાની આશા હવે અવશ્ય સફળ થશે.

'પ્રભુ કળિયુગમાં દુર્લભ તમારું દર્શન લહ્યું, મારી આશા ફળી' આમાં શી આશા ફળી ? એનો બીજી રીતે અર્થ વિચારીએ-

પૂર્વે કહ્યું 'જલ નૌ મિલીજી' અર્થાત્ આ સંસારસાગરના જળમાં ડૂબતા રહેલા મને જિનદર્શનરૂપી નાવ મળી એથી હવે ડૂબતા નહિ રહેવાય. તે શી રીતે ? તો કે -

**જિનદર્શનનો શો ઉપયોગ ?**

**તો કે અરિહંતનું દર્શન મળવાથી જીવમાં સત્ત્વ પ્રગટ્યું-વિકસ્યું.** જેને શાસ્ત્રીય પરિભાષામાં **'અપૂર્વકરણ'** કહેવાય. એ વિકસવા પૂર્વે અનંતાનંત કાળમાં જીવ કર્મના માર ખાતો ખાતો કાંઈક શુભ ભાવ કરતો હતો. જેને શાસ્ત્રીય શબ્દમાં **'યથાપ્રવૃત્ત કરણ'** કહેવાય, પરંતુ સત્ત્વના એટલે કે જીવના વિશિષ્ટ પુરુષાર્થ વિના સહેજે સહેજ પ્રવર્તેલા (યથાપ્રવૃત્ત) શુભ ભાવ, એ અનંતી વાર ઊઠેલા ! પરંતુ સત્ત્વના અભાવે એમાં આગળ વધી શક્તો નહોતો; ઊલટું શુભભાવમાંથી નીચે પડતો હતો, ને ઠેઠ **ગ્રંથિદેશ** સુધી આવવા છતાં રાગદ્વેષની ગ્રંથિ (વાંસની દુર્ભેદ્ય ગાંઠ જેવી ગાંઠ) ને ભેદી શક્તો નહોતો, તે હવે જિનદર્શન મળવાથી જોમ-સત્ત્વ વિકસ્યું, આગળના ઉપરના ઉચ્ચ શુભભાવમાં ચડી અપૂર્વકરણના શુભભાવને ફરસવાથી (સ્પર્શવાથી) એ પ્રબળ શુભ અધ્યવસાયના બળે ગ્રંથિભેદ કરવા સજ્જ થયો, કે

જેના ઉપર સમ્યક્ત્વ પ્રગટવાનું છે.

આ **'અપૂર્વકરણ'** ને **નાવા કહેવાય.** યથાપ્રવૃત્તકરણોથી જીવ પાછો ફરતો હતો એટલે કે અશુભ ભાવોમાં ડૂબતો જ રહેતો હતો; તે હવે અપૂર્વકરણથી આગળ વધે છે, અર્થાત્ અંતરના અધ્યવસાયો વિશુદ્ધ-વિશુદ્ધતર થતા જાય છે, ને એમાં પાપકર્મોમાં અપૂર્વ રસઘાત અને અપૂર્વ સ્થિતિઘાત વગેરે કરે છે. અહીં 'અપૂર્વ' એટલે કે અનાદિ અનંત સંસારકાળમાં પૂર્વે કદી કરવાનું નહિ પ્રાપ્ત થયેલ તે. એ હવે કરવાથી ઉપરના **'અનિવૃત્તિકરણ'** ના શુભ અધ્યવસાયથી નિબિડ રાગ-દ્વેષની ગ્રંથિનો ભેદ કરવા, એને તોડી નાખવા સમર્થ થાય છે. ને એને તોડીને **અંતરકરણ** પ્રાપ્ત થતાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે ! એટલે કે જિનદર્શનરૂપી નાવા મળવાથી એના દ્વારા મિથ્યાત્વનો સાગર તરી જવાનું થાય છે.

પરંતુ આ બધું પ્રાપ્ત થવા માટે જીવનું સત્ત્વ-જોમ વિકસવું બહુ જ જરૂરી છે. જૈનદર્શને સત્ત્વનો પ્રભાવ ક્યાં સુધી બતાવ્યો ? કે (૧) પ્રારંભે, ગ્રંથિભેદ અને સમ્યક્ત્વ પામવા જરૂરી તરીકે પણ અપૂર્વકરણનું સત્ત્વ બતાવ્યું ! ને (૨) છેલ્લે, વીતરાગ બનવા પણ જરૂરી સંયમ-ચારિત્રના ભાવમાં આગળ વધવા માટે પણ સત્ત્વસ્વરૂપ અપૂર્વકરણને જરૂરી બતાવ્યું! જેથી એના ઉપર ક્ષપકશ્રેણિ માંડી મોહનીય કર્મોનો મૂળતઃ વિધ્વંસ કરતો કરતો ૯ મા ગુણઠાણે ચડી આગળ વધે છે. એટલે જ જિનદર્શનના પ્રભાવમાં સત્ત્વનો મહિમા અહીં ગાતા કહીએ છીએ કે-

**સાધનામાં સત્ત્વ-જોમ-વીર્યોલ્લાસ અતિ આવશ્યક છે.**

**કંપની-મેનેજરનો સત્ત્વ-વિકાસ :**

લૌકિક વ્યવહારનો એક દાખલો જુઓ- **પરદેશમાં** એક નવી કંપનીના મેનેજરને ૮૦૦ ડોલરનો પગાર; કિન્તુ એની કુનેહથી કંપની આગળ આગળ વધતી જોઈ બીજી કંપની વાળાએ ૧૨૦૦ ડોલરના પગારથી પોતાને ત્યાં મેનેજર તરીકે આવી જવા ઓફર કરી. આ મેનેજરે પોતાના ડાયરેક્ટરોને વાત કરી.

ડાયરેક્ટરોએ કહ્યું "અમે તમને સારો ચાન્સ મળતો હોય તો ના પાડી શકીએ નહિ; તમે જુઓ છો કે તમારી જ હોશિયારીથી કંપની કેટલી આગળ વધી રહી છે ! તે તમારા જતાં એનો વિકાસ અટકી પડશે. ને હમણા કંપનીની સ્થિતિ જોતાં તમે ઊંચા પગારને લાયક હોવા છતાં કંપનીને હાલ એટલો ઊંચો પગાર આપવો પોષાય એમ નથી. હવે આના ઉપર તમે યોગ્ય વિચારી લો."

ડાયરેક્ટરોના સૌમ્ય અને સહાનૂભૂતિભર્યા શબ્દોથી મેનેજરને કંપની પ્રત્યે લાગણી થઈ આવી, તે કહે છે "ભલે એ બીજી કંપનીની ઓફર જતી કરી હું અહીંજ રોકાઈ જઈશ' ડાયરેક્ટરોએ ખૂબ આભાર માન્યો.

પરંતુ પછીથી ૮-૧૦ મહિના બાદ એવું બન્યું કે કોઈ બાબતમાં મેનેજર સાથે ડાયરેક્ટરોને એવો વાંધો પડી ગયો, કે મેનેજરને રાજીનામું આપી દેવું પડ્યું ! અલબત ડિસમિસ થવાની નાલેશીથી બચી જવાયું, પણ નોકરી છૂટી ગઈ. હવે પેલી મોટી ઓફર કરનારી કંપનીમાં તો મેનેજરની જગા પૂરાઈ ગઈ હતી, એટલે હાલ આને ઘરે બેસવું પડ્યું.

એમાં એક માનસશાસ્ત્રી મળ્યો. એને આ નિવૃત્ત મેનેજર કહે છે : 'જુઓ, ઈશ્વરને ત્યાં કોઈ ન્યાય છે ? ઈશ્વરને દયા છે ? મેં કંપનીના ભલા ખાતર દોઢા પગારની નોકરીની ઓફર જતી કરી, ત્યારે અત્યારે ઈશ્વર મને બેકાર બનવાની સ્થિતિમાં મૂકે છે.'

**માનસશાસ્ત્રીની સલાહ : ઈશ્વરની દયા શેમાં ? :-**

ત્યારે માનસશાસ્ત્રી કહે: 'તમે ઈશ્વરની દયાને શું સમજો છો ? માત્ર રૂપિયા પૈસાની ફૂટપટ્ટીથી જ ઈશ્વરની દયા મપાય ? શું ઈશ્વર રૂપિયા આપે તો જ દયાળુ ? નહિતર દયા વિનાનો ? ઈશ્વરની દયા માત્ર રૂપિયા જ આપવામાં છે ?'

મેનેજર કહે : 'તો પછી બીજી શી રીતે ઈશ્વરની દયા ?'

આ કહે : **'ઈશ્વરની દયા તો સદ્‌ગુણો, શક્તિ, સત્ત્વ વગેરે ઘણું ઘણું આપવામાં છે.**

એટલે આમાં ઈશ્વરે તમને અંદરનું સત્ત્વ વિકસાવવા તક આપી છે, તે કાં ભૂલો ?

**જીવનમાં પૈસા કરતા સત્ત્વની મોટી કિંમત છે.** ગમે તેવા સંયોગ-પરિસ્થિતિમાં પણ જો તમે સત્ત્વ ધરાવો છો, તો તમે ખરેખરા સુખી છો; અને તમારો આત્મા બીજા માનવો કરતા ઊંચા સ્તરમાં છે. માટે ઈશ્વરનો આભાર માનો કે રૂપિયા કરતા બહુ ઊંચી કિંમતી વસ્તુ સત્ત્વ કમાવાની તમને તક આપી ! બાકી પૈસા ગમે તેટલા હોય, પણ સત્ત્વ ન હોય, તો તે ડગલે ને પગલે દુઃખી થાય છે.'

મેનેજરને વાત મગજમાં બેઠી. એ કહે છે : 'બરાબર, તમારી વાત સાવ સાચી છે. તમારો આભાર માનું છું કે તમે ઈશ્વરની દયાની ઓળખ કરાવી.'

માનસશાસ્ત્રીએ મેનેજરને સત્ત્વ કમાવાની કેટલી સુંદર સલાહ આપી ! કાંઈક વાંકું પડ્યું તો કેટલાય માણસ ભગવાનને દોષ દેવાનું કરે છે ! પણ એને ખબર નથી હોતી કે કદાચ ત્યાં અનિષ્ટ થયું દેખાવામાં કદાચ કુદરતના કોઈ ગેબી સંકેત હોય. જો એ સત્ત્વથી સહન કરવાનું કરે, તો સંભવ છે કે પછીથી કંઈક ન ધાર્યું સારું બની આવે ! પરંતુ આ સહી લેવા માટે સત્ત્વ કેળવવું પડે.

મેનેજરે રોજ સવાર સાંજ ઈશ્વરને પ્રાર્થનામાં ઈશ્વરનો ઉપકાર માનવા માંડ્યો

કે 'પ્રભુ ! તારી કેવી દયા, કે આ જગતની મહાકિંમતી વસ્તુ 'સત્ત્વ'ની કમાઇની તેં મને તક આપી ! તારો આભાર માનું છું. આમ જગત પર અને મારા જીવન પર તારી કેટલી બધી દયા ! સાથે સાથે, પેલી કંપનીવાળા ડાયરેક્ટરો પણ કેવા ભલા કે અત્યાર સુધી આ જીવનમાં હું રૂપિયા જ કમાવા લાયક ચીજ સમજતો હતો. તે એના બદલે ખરેખર કમાવા લાયક તો સત્ત્વ છે, સત્ત્વ વિકાસ છે, એ સમજવા તક આપી.'

બસ, મેનેજરની રોજની બે વારની આ શુદ્ધ દિલની પ્રાર્થનાથી એને ઇશ્વર પ્રત્યે સદ્ભાવ તો વધ્યો, ઉપરાંત થોડા જ વખતમાં એને સારી કમાઇ પણ મળી ગઇ !

**જીવનમાં સત્ત્વની કમાઇ એ મોટી કમાઇ.**

આવા સત્ત્વનો વિકાસ મનુષ્ય કરી શકે; કારણ કે-

**What is a human being ?**

**A human being is not a belly but a brain.**

અર્થાત્ મનુષ્ય પ્રાણી શું છે ? તો કે મનુષ્ય પ્રાણી એ પેટ નથી, પણ મગજ છે. એટલે કે ઢોરના-પશુના જીવનમાં માત્ર પેટનો વિચાર-એટલે પેટ મુખ્ય, પરંતુ મનુષ્યના જીવનમાં પેટ મુખ્ય નહિ, પરંતુ મન મુખ્ય છે, કે જે મનથી ઉત્તમ શુભ વિચાર કરી શકે છે. તો જૈન મનુષ્ય જીવનમાં એવા ઉત્તમ સારા ભાવ એ જિનદર્શન-જૈનશાસનની મહાન બક્ષિસ છે. કલિયુગમાં પ્રભુનું દર્શન મળ્યું છે તો આ સત્ત્વ ખીલવવાની આશા-કોડ સફળ કરવાની આપણને સાધન-સામગ્રી મળી છે.

(૨) તેમ દર્શન મળ્યું એટલે સમ્યગ્દર્શન મળ્યું, મિથ્યા માન્યતામાંથી છૂટકારો મળ્યો, તેથી આશા ફળી. જિનદર્શન મળ્યાથી સત્ય તત્ત્વની આશા-જિજ્ઞાસા ફળી. કલિકાલમાં દુર્લભ આવું અરિહંત દર્શન સુલભ બન્યું, પછી ભક્ત સેવકના આનંદનું પૂછવાનું જ શું હોય ? સર્વ આશા ફળી !

**જિનદર્શન એટલે કે જિન-અરિહંતનું આંખેથી પ્રત્યક્ષ દર્શન, અને હૈયાથી સમ્યગ્દર્શન :**

એ આ ઉચ્ચ અધ્યવસાયોનું સત્ત્વ આપે છે. ભગવાનને પ્રત્યક્ષ જોતાં ભગવાનના જીવનમાં અદ્ભુત ગુણો, સુકૃતો અને સાધનાઓ દેખાય છે, જેનાથી આપણા મનનો પાવર વધે છે, આપણા સત્ત્વ ઉલ્લસે છે, તેમજ (જિનદર્શન યાને સમ્યગ્દર્શન એટલે કે જિનશાસન શાસ્ત્ર સિદ્ધાન્તો દ્વારા) એવા ઉચ્ચ કોટિના પદાર્થના ચિંતનાદિ મળે છે કે જેથી આપણું સત્ત્વ વિકસિત - અધિક વિકસિત થાય. આ સત્ત્વ-વિકાસથી ઊંચા ઊંચા ગુણસ્થાનકની પાયરીએ ચડાય છે.

એટલે, કવિ જે કહે છે કે દુર્લભ જિનદર્શન મળ્યું એટલે આશા ફળી, તે આ અર્થમાં કહે છે કે જિનદર્શનથી એવું સત્ત્વ ઉલ્લસ્યું છે કે આત્માની ઉત્ક્રાન્તિના માર્ગે આગળ ધપવાની જે મારી આશા હતી, અભિલાષા હતી ને તે માટે અતિ જરૂરી જે સત્ત્વ જોઇએ, તે મને મળ્યું, એટલે જિનદર્શનની પ્રાપ્તિમાં મારી આશા ફળી...

**આત્માના ઉત્થાન માટે જેમ સત્ત્વ જરૂરી છે, તેમ પરમાત્મા સાથે હૃદયનો મેલાપ જરૂરી છે, તે તન-મન-ધનનો યથાશક્તિ ભોગ કરવાથી થાય.**

સાક્ષાત્ વીતરાગ જિનેશ્વર ભગવાન મળી જાય તો એમનું આંખોથી દર્શન કરવાથી જે આત્મિક ઉત્થાનની આશા છે, આ ભોગ આપવાથી તે આશા સફળ થાય. કારણ કે એવું દર્શન મળ્યા પછી એમની અને એમના શાસનની ભક્તિ કરવા તદાકાર થઇ જવાય છે, અને એની પાછળ તન-મન-ધનનો ભોગ આપવાનું સહેજે બને છે. એના ઉપર **મારવાડી યુવકનું** મજેનું દૃષ્ટાંત છે.

**'તેં મને નવ મહિના પેટમાં ઊંચક્યો તો...'**

**મારવાડી યુવક** પોતાની વૃદ્ધ માતાને વરસીતપના પારણા માટે પાલીતાણા લઇ ગયેલો. ડોશીએ વરસીતપમાં છેલ્લે અઠ્ઠાઇ કરેલી તે ગિરિરાજ ચડવા અશક્ત હતી. ડોળીવાળો ૧૦ રૂપિયા માગે છે. આ કહે બારઆનામાં ડોળી મળે છે ને તું ૧૦ રૂપિયા કેમ માંગે ? ડોળીવાળો કહે પોષ મહિનામાં આવજો, બાર આનામાં લઇ જઇશું. આજે અક્ષય તૃતીયા છે, કમાવાનો દહાડો છે. યુવક કહે, લે ચાલ, બે રૂપીયા, લે ૩,૪,૫, રૂપિયા લે. ડોળીવાળો કહે : આજે રૂ. ૧૦માં એક ફદિયું ઓછું નહિ થાય.

છોકરો માતાને કહે : મા ! એવા ૧૦ રૂ. મફતના ફેંકી દેવા કરતાં એના ફૂલ લઇને પ્રભુને ન ચડાવીએ ? ચાલ આવી જા મારા ખભા પર, તેં મને નવ મહિના પેટમાં ઊંચક્યો છે, તો હું આજે એક દિવસ તને ખભે ઊંચકીને ગિરિરાજ ચડાવી ન દઉં ? યુવક અલમસ્ત હતો, માતાને ખભે ઊંચકીને ડુંગરના હડા ચડાવી દીધા, એમાં જ્યાં જ્યાં સીધું ચાલવાનું આવ્યું ત્યાં ત્યાં ડોશી ખભેથી નીચે ઊતરી જતી, કહે 'મને સીધું ચાલવામાં વાંધો નથી.' એમ કહી ચાલતી ઉપર પહોંચી. 'જય આદેસર દાદા !' કહી દર્શન કરાવી માતાને યુવક પૂછે : 'શું જોઇએ ?'

ડોશી કહે, 'મારે દાદાનો પહેલો પખાળ જોઇએ.'

હજારો રૂ. લગાવીને ચડાવો લીધો ! દાદાને પહેલો પ્રક્ષાલ કરાવ્યો, પછી પૂછે : 'હવે શુ જોઇએ ?'

ડોશી કહે 'આ દાદાના પૂજારીઓ-નોકરો-સિપાઇઓ-ભાટ-બારોટો બિચારા આ દહાડે કાંક મળવાની આશા રાખે, માટે મને લાવ રૂ. ની થેલી આપ, બધાને

વહેંચું !' આપી, તે ડોશી રૂ. આપતી આપતી નીચે ઊતરે છે. રસ્તામાં પેલા ડોળીવાળા મળ્યા, એમણે સાંભળેલું કે યુવકે પહેલા પક્ષાલની બોલી લીધેલી, તે અહીં યુવકને કહે : 'શેઠ ! તમે તો ૧૦ નહિ, ૨ આપું, ૩... ૪... ૫ આપું કરતા હતા, તે આટલી મોટી બોલી શી રીતે બોલ્યા ?'

યુવક કહે : 'ભલા આદમી ! શું તને ખબર નથી કે આ રૂપિયા કોના હતા ? રૂપિયા મારા આદેસર દાદાના હતા, તે આદેસર દાદાના ખોળે જ જાય ? કે તારા ખોળે ધરાય ?' ભગવાનનું દર્શન મળ્યું. તો ભક્તિ યોગ્ય પાત્રમાં તન ધનનો ભોગ આપવાની જે આશા અભિલાષા હતી તે ફળી. વીતરાગ ભગવાનનું દર્શન જ ન મળ્યું હોત તો સુયોગ્ય પરમ પાત્ર એમના જેવું બીજે ક્યાં મલે ?

**પરમ પાત્રમાં તન-મન-ધનનો વિનિયોગ (સ્થાપન) કરવાથી, પરમ પાત્રમાં તન-મન-ધનને અંશે પણ અર્પિત કરવાથી જીવન ધન્ય બને.**

એ બનાવવાના કોડ હતા તે ફળ્યા ! શ્રાવકને બીજા શા કોડ હોય ? વીતરાગનું દર્શન મળ્યું એટલે કે વીતરાગની ભેટ (મુલાકાત) થઇ, તો કોડ સફળ કરી શકાય. જૈન મનુષ્યપણે આવા આવા કોડ હોય કે- .

**(૧)** 'સત્ત્વ વિકસાવું.' તે જૈન દર્શનના ત્યાગધર્મ, તપધર્મ અને સહિષ્ણુતાદિથી થાય.

**(૨)** 'તન-મન-ધનનો સુયોગ્ય પાત્રમાં વિનિયોગ કરું.' તે જિનેશ્વર ભગવાન આદિની ભક્તિથી થાય.

સારાંશ, કવિએ આમ 'દીઠી હો પ્રભુ દીઠી જગગુરુ ! તુજ...' થી શરૂ કરી 'જિનમૂર્તિ-દર્શન અને જિનાગમવાણી-શ્રવણ પામ્યાથી જો હું તમારી સાથે મળી ગયો, તો મારો જન્મ કૃતાર્થ થયો' એમ કહી, એ પામવા પર જાણે સુરમણિ ચિંતામણિ પામ્યો ! કલ્પવૃક્ષ પામ્યો ! પુણ્ય અંકુર ઊગી નીકળ્યા ! ઇચ્છિત પાસા ઢળ્યા ! અમૃતના મેહ વરસ્યા ! અશુભદિન ટળી શુભ દિન વળ્યા ! ભૂખ્યાને ઘેબર મળ્યા !... વગેરે ઉપમાઓ કહી, એના સમાન મને કળિયુગમાં તારું દુર્લભ દર્શન મળ્યું, અને મારી આશા ફળી, એમ કહ્યું.

હવે છેલ્લે કવિ પ્રભુને વિનવે છે કે -

**વાચક હો પ્રભુ ! વાચક જસ તુમ દાસ,**
**વિનવે હો પ્રભુ ! વિનવે અભિનંદન સુણોજી;**
**કહિયે હો પ્રભુ ! કહિયે મ દેજો છેહ,**
**દેજો હો પ્રભુ ! દેજો સુખ દરિસણ તણોજી...૬**

**ભાવાર્થ :-** હે પ્રભુ અભિનંદન સ્વામી ! આ તમારો દાસ **વાચક** (ઉપાધ્યાય) **યશોવિજય** તમને વિનંતિ કરે છે તે સાંભળો. મારે પ્રભુ ! એ કહેવું છે કે મને (ક્યારેય) છેહ દેતા નહિ, અને મને દર્શનનું સુખ દેજો.

વિવેચન : હે પ્રભુ ! અભિનંદન સ્વામી ! હું તમારો દાસ છું માટે આ દાસની વિનંતિ સાંભળો. તમે મારા સ્વામી છો, સાહિબા છો, અને સાહિબો તે સાચો કે જે સેવકના કામ સુધારી આપે.

એમ કવિ કહે છે - **"સાહિબ તે સાચો રે જગમાં જાણીયે,**
**સેવકના જે સહેજે સુધારે કાજ જો."**

સાચો સ્વામી દાસના કાર્ય સુધારે, દાસની વિનંતી સાંભલી એનું ઇચ્છિત પૂરે; એમ આ તમારા દાસની વિનંતિ સાંભળો.

**'કહિયે હો પ્રભુ ! કહિયે મ દેજો છેહ'**

વિનંતિમાં આ દાસનું વારંવાર આ જ કહેવું છે કે પ્રભુ !'મને છેહ દેતા નહિ. મારી પાસેથી ખોવાઇ જતા નહિ.

આલોક-પરલોકના સમસ્ત સુખ આપવા સમર્થ વીતરાગ અરિહંત પરમાત્મા પાસે કવિ શાની વિનંતિ કરી રહ્યા છે ? 'પ્રભુ ! પ્રભુ ! મને છેહ દેતા નહિ, મને તરછોડી દેતા નહિ.' કેમ એમ માગે છે ? એટલા માટે કે લૌકિક સુખો માગ્યા ને પામ્યા, પણ **એ જે અંતે તો અવશ્ય ખોવાઇ જનારા છે, એ શું માગવા જેવી ચીજ છે ?**

જ્યારે અનંત અનંત કાળે પણ મળવા દુર્લભ એવા અરિહંત પ્રભુ અહીં મળી ગયા છે, તો એમની પાસે માગવું તો એવું માંગવું કે જે મળ્યા પછી કદી ખોવાય નહિ. એ ચીજ તો અરિહંત છે.

**પ્રશ્ન :** અરિહંત ન ખોવાય એ માટે તો આપણી જ સાવધાની જોઇએ ને ? એમાં પ્રભુ પાસે શું માગવાનું કે તમે મને છેહ દેતા નહિ ?

**ઉત્તર :** અલબત્ત, મળેલા અરિહંત ન ખોવાય એમાં સાવધાની આપણી જોઇએ, છતાં પણ એ અરિહંતની કરુણા પર નિર્ભર છે. તેથી જ પ્રાર્થના કરતા રહેવાનું છે કે પ્રભુ તમે મને છેહ દેશો નહિ....

**આપ મને ક્યારેય છેહ ન દેશો :**

હે નાથ ! હું આપના વિશ્વાસે ચાલ્યો છું માટે મને ક્યારેય છેહ-વિશ્વાસભંગ કરશો નહિ, અધરસ્તે મને છોડી જતા નહીં.

સદાને માટે,

**'મારા મનમાં અરિહંત', ને 'અરિહંતમાં મારું મન'. એ મારે જોઇએ છે.**
**'મારું મન અરિહંતને તાણે.' અને 'અરિહંત મારા મનને તાણે.'**

બસ ! 'આપના દરિશનનો વિરહ-છેહ મને ક્યારે ન પડજો'- એવી મારી એકની એક ઉત્કટ અભિલાષા છે.

**પ્રશ્ન** : તો શું ભગવાન છેહ દે ખરા ?

**ઉત્તર** : 'છેહ દે' એટલે શું ? એ જ કે આપણા મનમાંથી ખસી જાય. આપણે લાયક બન્યા રહીએ ત્યાં સુધી ભગવાન આપણને છેહ ન દે, અર્થાત્ આપણા મનમાંથી ખસી ન જાય. આપણી લાયકાત ગઇ તો ભગવાન આપણા ચિત્તમાંથી ખસી જાય; જેમ કે, **નંદમણિયારે** લાયકાત ગુમાવી તો દેડકો બન્યો !

આ લાયકાત એટલે અપુનર્બંધક અવસ્થાના ત્રણ ગુણો. તે આ, કે એ -

(૧) તીવ્રભાવે પાપ ન કરે. (પાપમાં સંતાપ હોય)

(૨) સંસાર પર બહુમાન નહિ, પણ સહજ કંટાળો હોય; કેમકે એમાં વારંવાર જનમવું-મરવું પડે છે.

(૩) સર્વત્ર ઉચિત વર્તન રાખે.

**શ્રાવક નંદમણિયાર :**

પાર્શ્વનાથ ભગવાનના શાસનનો શ્રાવક નંદમણિયાર (ઝવેરી) સદ્ગુરુ અને સુસાધર્મિકોના સત્સંગના અભાવે શ્રાવકપણામાં શિથિલ બન્યો, પાપમાં રાચવાનું આવ્યું, ભવવૈરાગ્ય મોળો પડી ગયો, એટલે લાયકાત ગુમાવી, દિલમાંથી અરિહંત ખસી ગયા. છતાં પર્વતિથિએ ઉપવાસ સાચવી રાખેલો.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"     વર્ષ-૩૪,અંક-૪૮,તા.૩૦-૮-૧૯૮૬**

એમાં એકવાર રાતના તૃષા જોરદાર લાગી, ને એ વખતે દિલમાં અરિહંત એવા પકડી રાખેલા નહિ, તેથી ખોટા સંકલ્પ વિકલ્પમાં ચડ્યા, અરિહંતના શાસનને માન્ય નહિ એવા વાવડી બનાવવાના વિચારમાં ચડ્યો ! માત્ર વિચાર નહિ, પણ ગામની બહાર વાવડી બંધાવીય દીધી. આ બધામાં આર્તધ્યાનમાં રહેતાં એણે તિર્યંચનું આયુષ્યકર્મ બાંધી, પછીના ભવે એજ વાવડીમાં દેડકા તરીકે જનમ્યો !

એટલું સારું થયું કે, લોકો જે બોલતા કે 'અહોહો ! નંદમણિયાર શેઠે આ વાવડી કેવી સારી બંધાવી !' એવા લોકોના બોલ સાંભળી એને જાતિસ્મરણ જ્ઞાન થયું ! પોતાના પૂર્વભવનો ખ્યાલ આવી જવાથી દિલમાં પાછા અરિહંત આવી વસ્યા; ને હવે પાપના પશ્ચાત્તાપ કરતો બેઠો છે ત્યાં 'મહાવીર પ્રભુ વિચરતા પધાર્યા છે' એમ લોક-અવાજ સાંભળી ખુશી ખુશી થઇ જઇ વાવડીની બહાર આવી જઇ પ્રભુનાં દર્શન-વંદને ચાલ્યો ! એણે પૂર્વે અરિહંત ખોયેલા, ગુમાવેલા, એનો એને ખ્યાલ છે.

તેથી જો અહીં અરિહંત મળે છે, તો એમને ભેટું એમ કરી હોંશે હોંશે પ્રભુને ભેટવા દોડ્યો ! એમાં ભીડોભીડના રસ્તા પર ઘોડાના પગ નીચે કચરાતાં દેડકો મર્યો ! પણ જાતિસ્મરણ પછી અંતરમાં હવે પ્રભુને લીધા હતા તે આ ભરોસે, કે 'હવે પ્રભુ મને છેહ નહિ દે,' એટલે જ અહીં કવિ જે વિનવી રહ્યા છે કે 'કદીયે મ દેજો છેહ.' એ એટલા જ માટે, કે- **આ જગતમાં અરિહંતનો ભરોસો સાચો; બીજાના ભરોસા ખોટા.** અરિહંતનો ભરોસો ક્યારેય છોડાય નહીં. તે માટે આપણે લાયક બનતા *રહેવાનું, બન્યા રહેવાનું, ને અરિહંત રટણા ન મૂકાય; અરિહંતનો પક્ષ ન છોડાય,* એ ધ્યાન રાખવાનું. હવે ઉપસંહારમાં કવિ વિનવે છે...

**'દેજો સુખ દરિસણ તણોજી'**

**'આપ મને દર્શનનું સુખ આપજો.'**

પ્રભુનું દર્શન તો મળે, પણ તેમાં જો આનંદ ન હોય, તો દર્શન ફળે નહીં. જેમ પ્રતિક્રમણ તો કરે પણ તેનો જો આનંદ ન હોય, અર્થાત્ પ્રતિક્રમણ કરે પણ ખેદ સાથે કંટાળા સાથે, તો એટલો નક્કર લાભ ન મળે. એના ઊંડા સુસંસ્કાર ન પડે કે જે પરભવે જવાબ આપે. માટે કહ્યું, જૈનદર્શન અને જિનદર્શન એમ બન્ને દરિશનનો આનંદ મને આપજો.

જેમ પહેલા સ્તવનમાં ખાલી ગુણનો પોષ ન માગતાં, સુખનો પોષ માગ્યો, અર્થાત્ ગુણના સુખનો પોષ માગ્યો, તેમ અહીં ખાલી દર્શન ન માગતાં, 'દેજો સુખ દરિસણ તણોજી' કહીને દર્શનનો આનંદ-દર્શનનું સુખ માગ્યું, પ્રભુનું દર્શન મળ્યાનો આનંદ ને જૈનદર્શન મળ્યાનો આનંદ માગ્યો.

**માત્ર દર્શન નહિ, પણ દર્શનનું સુખ :**

**'ભરતજી મનહી મેં વૈરાગી'** ભરત ચક્રવર્તીને છ ખંડના સામ્રાજ્યનાં અઢળક સુખો પાસે છતાં એમને મનમાં વૈરાગ્ય રહેતો, કેમકે એમને એમાં સુખ લાગતું નહોતું. સુખ લાગતું હતું જિનેશ્વર ભગવાનના શાસનમાં દર્શનમાં.

**જો મનમાં જિનદર્શનનો આનંદ આવે, તો બીજા આનંદ સુકાઇ જાય.**

**ભરત ચક્રવર્તીને** આ દર્શનનો આનંદ સુકાઇ ન જાય માટે એમણે બીજામાં આનંદ સૂકવી નાખેલા, બીજામાં વૈરાગ્ય રાખેલો. આ વિષયોમાં વૈરાગ્ય અને દર્શનમાં જ સુખ એ ભાવના કાયમ ટકી રહે તેથી જ પોતાને જાગતા રાખવા માટે શ્રાવક-માહણો રાખેલા, કે જે એમને રાજસભાના પ્રારંભે રોજ સંભળાવતા કે 'ભરત મહારાજા ! ચેતતા રહેજો, તમે આંતર દુશ્મનોથી જિતાયેલા છો, ભય વધે છે, મા હણ, મા હણ' ને ભરત રાજા એમ જ સદા સાવધાન રહેતા. તેથી તો માત્ર એક આંગળી પરથી વીંટી નીકળી ગઇ, ને ઊંચી વૈરાગ્યની અનિત્યતાની ભાવનામાં

ચડી વીતરાગ બની ગયા ! કેવળજ્ઞાન પામ્યા ! કયા બળ ઉપર આ ઉત્કટ વૈરાગ્ય ? કહો, જિનદર્શનનું સુખ એમને અદ્ભુત લાગતું, એના પર સંસાર પર, સંસારના વૈભવો પર વૈરાગ્ય રહેતો.

**પુણિયા શ્રાવકને** જૈનદર્શન મળ્યાનો આ આનંદ હતો કે તેને મહારાજા તરફથી પુણિયાના એક સામાયિકના ફળના બદલામાં મગધદેશનું સામ્રાજ્ય ભેટ ધરાય ! છતાં એને એ લેવું નહોતું ગમતું! તેથી જ શ્રેણિક ઘેર આવ્યા તો લેશ પણ લહેવાઇ ગયો નહીં. એ સમજતો કે મારી પાસે જે જિનદર્શનનું સામાયિક છે, એની આગળ ત્રિભુવનનું પણ રાજ્ય વિસાતમાં નથી, પછી નાના મગધદેશના રાજ્યની શી કિંમત ? આનું રહસ્ય આ, કે -

**પુણિયાને જિનદર્શન મળ્યાનો અતિશય આનંદ, એટલે જ એમાં એના એક સામાયિકના ફળનો આંકડો મંડાય એવો નહોતો.**

કહે છે 'જૈનદર્શનમાં કડકાઇ બહુ' પણ કડકાઇ છે, ત્યાં જ આત્માનું કલ્યાણ છે. આત્માનું કલ્યાણ સહેલ-સપાટીથી થતું નથી. માટે તો **એક યુવાન વૈરાગીને કોઇએ કહ્યું : 'દાનસૂરિજી મહારાજના સમુદાયમાં કડકાઇ બહુ ; ત્યાં ક્યાં દીક્ષા લો છો ?' ત્યારે આ કહે 'એટલા જ માટે મારે ત્યાં દીક્ષા લેવી છે. કડકાઇમાં જ કલ્યાણ છે.'** કડકાઇ એટલે કષ્ટ, કષ્ટમાં સુખ માન્યું.

**રાજકુંવર મૃગાપુત્રને** નરકનાં કષ્ટ નજર સામે આવ્યાં તેથી જૈનદર્શનના ચારિત્રમાં આનંદ માની વૈભવી સંસાર છોડેલો.

**સુલસા શ્રાવિકા** અંતરમાં મહાવીર પરમાત્માના સુખદાયી દર્શનનું મહાસુખ અનુભવતી હતી, તેથી મિથ્યાદર્શનના દેવો જોવાની એને લેશ પણ આતુરતા થઇ નહિ. મહાવીર પ્રભુના દર્શનનો જ આનંદ માનતી, તેથી પ્રભુ તરફથી 'ધર્મલાભ' સંદેશો મળતા એને 'હુબહુ પ્રભુનું દર્શન મળ્યું' સમજી, એવો પારાવાર આનંદ અનુભવે છે ! કે એની રોમરાજી ખડી થઇ જાય છે ! અને આંખમાં હર્ષનાં અશ્રુ ઉભરાય છે ! મહાવીર ભગવાન જે દિશામાં વિચરે છે તે દિશા તરફ ઝુકી ઝુકીને વંદન કરતી કહે છે...

'ઓ મારા નાથ ! આ દાસી ઉપર આટલી બધી દયા ? આપ મને ધર્મલાભ કહેવરાવો, મારા પર એ આપનો કેટલો બધો ઉપકાર ! ક્યાં આપ ૬૪ ઇંદ્રોથી સેવાતા ત્રણ ભુવનના શિરતાજ ? ને ક્યાં હું એક પામર મનુષ્યની ગુલામડી ? આપ પ્રભુ ! વીતરાગ સર્વજ્ઞ ક્યાં ? અને ક્યાં હું વિષયકષાયના કીચડમાં ખૂંચેલી ? છતાં મારા પર આપ કૃપા કરીને ધર્મલાભની આશીષ મોકલો ? મારી ધર્મપ્રવૃત્તિ પૂછાવો ?'

આ બોલતાં બોલતાં આંખમાંથી આંસું વહે છે. સુલસાને જિનદર્શન મળ્યાનો આ આનંદ જોતાં વિદ્યાધર અંબડપરિવ્રાજક સ્તબ્ધ થઇ ગયો, મનનું અભિમાન- કે જુઓ પ્રભુ ! હું હજાર શિષ્યોનો ગુરુ છતાં મેં કેવુંક આપનું સમ્યગ્દર્શન લીધું ! આ અભિમાન ઓસરી ગયું.

**સમ્યગ્દર્શન એટલે જિનદર્શન મળ્યાનો અપરંપાર આનંદ :**

એ એને અહીં સુલસામાં જોવા મળ્યો, તેથી એને લાગ્યું કે 'પ્રભુએ મને સમ્યગ્દર્શન શી ચીજ છે' એ સાક્ષાત્ મૂર્તિમંત જોવા માટે જ અહીં સુલસા શ્રાવિકા આગળ મોકલ્યો.

આ દર્શનનો આનંદ હતો. **નાસ્તિક પ્રદેશી રાજાને** કેશી ગણી પાસેથી જિનદર્શન મળ્યા પછી ! તેથી જ વિષયાંધ રાણી તરફથી ઝેર મળ્યું છતાં દર્શનના સુખે એ સમાધિ મૃત્યુ પામી સૂર્યાભવિમાનના માલિક દેવ થયા ! ને ત્યાં દર્શનાનંદી બની રહ્યા. માટે શાસ્ત્રમાં ગવાયા... **"તે જિનપૂજાથી આરાધક...**

**તિમ સૂરિયાભ પ્રમુખ બહુ સુરવર, દેવી તણા સમુદાયાજી"**

**ખંધકસૂરિના ૫૦૦ શિષ્યો** ઘાણીમાં પીલાણા, છતાં જિનદર્શનના સુખે સુખી હતા, તો ઘાણીમાં પિલાવા ને પિસાવાની ઘોર પીડામાં જરાય દુઃખ કે દ્વેષ ન અનુભવતા વીતરાગ બન્યા ! સર્વજ્ઞ અને સિદ્ધ બની મોક્ષમાં સિધાવી ગયા !

દૈવી પરીક્ષામાં **સૂર્યયશા રાજાએ** પોતાના ગળે પોતે જ જાતે તલવારના ૯-૯ ઘા મારવાં છતાં રાજાને હૈયામાં સહેજ આંચકો નહીં ! કારણ કે રંભા-ઉર્વશીની માગણીમાં પોતાની અષ્ટમી તિથિની આરાધના માટે પોતાનું માથું કાપી આપીને અષ્ટમીની આરાધના ઊભી રાખે છે ! આ હિંમત કોણ આપે છે. દર્શન સુખનો આનંદ આપે છે. 'હાશ' મને જિન-વીતરાગનું દર્શન મળ્યું એવું દર્શનમાં સુખ જે ન અનુભવે, એ દર્શન કરે તે રોતડ ! ઉલ્લાસ ભર્યું નહિ.

**જેને ધર્મમાં સુખનો અનુભવ નહિ, તેનો ધર્મમાં તેવો ઉલ્લાસ નહીં,** એટલે (૧) એવા ધર્મના એના હૈયામાં ઊંડા સંસ્કાર ન પડે કે જે પરલોકે સારા ઉપયોગી થાય, વળી (૨) એવું પણ બને કે કરેલ ધર્મનું સુખ નથી અનુભવ્યું એટલે કદાચ એવો સંયોગ આવતા કરેલા ધર્મસુકૃતને સંતાપથી બાળી નાખે. દા.ત. ટીપમાં તો લખાવ્યું, પરંતુ 'હાશ ! ઠીક થયું આટલી પરિગ્રહની બલા છૂટી'- એવો સુખનો અનુભવ નથી, તો પછી બડબડ કરતો રહેશે. 'હાય ! ક્યાં ફલાણાની શરમમાં પડ્યો ? ને, આ લખાવવું પડ્યું?' અથવા પાછળથી કોઇના એવું બોલવા પર 'ક્યાં મેં લખાવ્યા !' એવો સંતાપ કરશે. ધર્મસુકૃતમાં સુખનો અનુભવ નહિ, માટે આ અનિષ્ટ બને છે.

દર્શનના દિવ્ય સુખના અનુભવથી જ **અર્હન્નક શ્રાવકને** દેવતા કહે 'મૂકી દે તારું જૈનદર્શનનું પૂંછડું ! નહિતર ખત્મ કરી નાખીશ તને !' એમ કહી દેવે કરેલા ભયંકર ઉપસર્ગ-ઉપદ્રવમાં પણ મનમાં જિનદર્શનના રહેલા દિવ્ય સુખાનુભવથી દુઃખ નથી લાવતો ! કવિ અરિહંત શ્રી અભિનંદન જિન પાસે આ દર્શનસુખનો આનંદ માગે છે.

'દેજો સુખ દરિસણ તણોજી' આમાં કવિએ પ્રભુ પાસે સુખ માગ્યું, પણ તે શાનું ? સંપત્તિ-ઐશ્વર્યનું નહિ, કિન્તુ દર્શનનું ! એ સૂચવે છે કે -

**ભક્તને મન ભગવાનના દર્શન જેવું બીજું સુખ નથી :**

પ્રશ્ન થાય-

**પ્રશ્ન :** ધન-માલ-પક્વાન્નના સુખ કરતાં દર્શનનું સુખ કેમ ઊંચુ?

**ઉત્તર :** (૧) ધનમાલના સુખ મેળવીને ય શું કરવું છે ? આનંદમંગળનો અનુભવ જ ને ? તો એ આનંદ-મંગળ તો દર્શનમાં સુખનો અનુભવ કરનારને ઓછું નથી હોતું. પરંતુ ધનમાલમાં આનંદ-મંગળનું સુખ તકલાદી છે. જરાક કોઇ મોટો શ્રીમંત આવ્યો કે એ ડુલ થઇ જાય છે. ત્યારે દર્શનનું સુખ અખંડ રહે છે.

(૨) દર્શનમાં સુખ અનુભવનારો મોટી સંપત્તિ જેવાનાં સુખને તુચ્છ ગણી શકે છે. જ્યારે સંપત્તિને સુખ માનનારો અવસરે દીન-ગરીબડો થાય છે. **દક્ષિણમાં એક રાજાની સભામાં** અહીંનો સરસ્વતીના અવતાર જેવો એક પંડિત પહોંચ્યો. રાજાને શાસ્ત્રવિનોદ કરાવતાં. રાજા કહે છે- 'લ્યો એક લાખ રૂ. નું ઇનામ લઇ જાઓ.'

પંડિત કહે : 'આપનો આભાર માનું છું. પણ મારે કાંઇ જોઇતું નથી.'

રાજા બહુ આગ્રહ કરે છે તોય પંડિત લેતો નથી, તેથી

રાજા અભિમાનથી કહે : 'તમને કદર નથી ? આટલામાં આવું મોટું દાન કરનાર મારા જેવો બીજો ક્યાં મળશે ?'

પંડિત કહે : 'હજી દેનાર તો કોક મળીય જાય, પરંતુ આવડી મોટી રકમ લેવાનો ઇનકાર કરનાર બીજો કોઇ દેખ્યો ?' રાજા સમજી ગયો, પંડિતની ક્ષમા માગે છે. પંડિત મોટી લાખ રૂ. જેવી રકમ સહેજમાં મળતી હતી, એ લેવાની 'ના' શી રીતે કહી શક્યો હશે ? કહો. એની પાસે દર્શનશાસ્ત્રોનું જે જ્ઞાન હતું, એ જ્ઞાનમાં એને ક્રોડોના ધન કરતાં કંઇગુણું ઊંચું સુખ લાગતું હતું !

સારાંશ-એમ અહીં પરમાત્માનાં દર્શનનાં સુખને કવિ અનુપમ સમજે છે. તેથી ભગવાન અભિનંદન સ્વામીને વિનવે છે; 'દેજો સુખ દરિસણ તણોજી'. પ્રભુ મને આપના દરિસનનું સુખ આપજો.

**(ઈતિ શ્રી અભિનંદન જિન સ્તવન વિવેચના)**